

મંથન (ફોટો : સુરેશ પારેખ) 'ફર્સ્ટ ઑલ બરોડા ઑપન મેમ્બર્સ ફોટોગ્રાફિક એક્ઝિબિશન'–૧૯૭૭માં 'સ્પેશિયલ પ્રાઈઝ' પામેલું ચિત્ર. કૅમેરા : રોલીફ્લેક્સ, લેન્સ ૩.૫, 'ઇન્ડુ' ફિલ્મ ૧૨૫ એ.એસ.એ., એપરચર એફ. ૪, શટરસ્પીડ ૧/૧૨૫ સે. (જુઓ 'કલાવાર્તા')

આવતી કાલનાં નાગરિકો
માટેનું માસિક
વર્ષ ૫૪મું · અંક ૧૦મો
ઑક્ટોબર ૧૯૭૭

તંત્રી : બચુભાઈ રાવત

કુમાર

સળંગ અંક
૬૪૬

સંસ્થાપક : રવિશંકર મ. રાવળ



ગોપસંગીત · કલાકાર પ્રદ્યુમ્ન તન્ના. ચિત્રકાર હોવા ઉપરાંત ભાઈ તન્ના કવિ પણ હોઈ એમનાં ગીતોમાં પ્રકટ થતો ગોપજીવન પ્રત્યેનો એમનો અનુરાગ એમનાં ચિત્રોમાં પણ પડઘાયો છે. આમ, એમનાં ગીતોમાં સુંદર ચિત્ર તેમજ એમનાં ચિત્રોમાં મધુર કાવ્ય જોવા મળે છે. માધુર્ય અને લાઘવ એ એમનાં સર્જનની આગવી લાક્ષણિકતા રહી છે. આ ચિત્રમાં પણ માત્ર આવશ્યક પાત્રો જ મૂકવા છતાં એમણે ગ્રામપ્રદેશના વિશાળ ખુલ્લા પટને ભર્યોભર્યો બનાવ્યો છે. જડ જણાવાની હદ સુધી પ્રશાંત એવી ભેંસોની વિવિધ અંગસ્થિતિ અને એના નાનામોટા ઢેકાઓથી આંદોલિત એનાં અંગઉપાંગોને પણ એમણે અજબ સહજતાથી ઉપસાવ્યાં છે. ચિત્રની ઉપલી કિનાર પાસે દૂર બે નાનાં ગ્રામનાં સૂચન મૂકીને આ સાંકડી ચિત્રપટ્ટીમાં યે એમણે ઊંડાણ સહિત કેટલા મોટા પટને આવરી લીધો છે?

(શેઠ શ્રી ચિનુભાઈ ફીલાચંદના કલાસંગ્રહમાંથી)

કુમાર

ઑક્ટોબર ૧૯૭૭ • અંક ૬૪૬

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડા. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

વલભીપ્રાપ્ત જૈન ધાતુપ્રતિમાઓ

'કુમાર' અંક ૬૦૦માં શ્રી નરોત્તમ પલાણના 'જૈન તીર્થંકર' નામક લેખમાં વલભીથી મળી આવેલી ને હાલ મુંબાઈ ખાતેના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમમાં સંગૃહીત નાની નાની (પાંચ) જૈન મૂર્તિઓને 'ધર્મનિરપેક્ષ કલાના નમૂનાઓ' તરીકે ઘટાવાઈ છે. પદ્મપીઠ પર ખડ્ગાસન કિંવા કાયોત્સર્ગમુદ્રામાં સ્થિત, ધોતી ધારણ કરેલ, ચિરાએલી કાનની બૂટો ને શિરે ઝીણેરા દક્ષિણાવર્ત કેશ ધરાવતી આ પ્રતિમાઓ આકોટા અને વસંતગઢથી મળી આવેલી, ઈસ્વી સનના છઠ્ઠા-સાતમા સૈકાની શ્વેતામ્બર જૈન સંપ્રદાયની પ્રતિમાઓ સાથે ખૂબ જ સામંજસ્ય ધરાવે છે. એ મૂર્તિઓનાં જૈન લક્ષણો એટલાં તો સ્પષ્ટ છે કે જૈન પ્રતિમાવિધાનશાસ્ત્રના ભારતના અગ્રણી વિદ્વદ્ ડૉ. ઉમાકાંત શાહે તે 'જૈન છે' તેવું સિદ્ધ કરવાનો આયાસ આવશ્યક ગણ્યો નથી, અને તેને યથાર્થ રૂપે પોતાના લેખો અને પુસ્તકોમાં ઘટાવી છે. ડૉ. મોતીચન્દ્ર અને ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ પણ તે પ્રતિમાઓ સ્પષ્ટતયા જૈન હોઈ, જૈન રૂપે જ એમનાં લખાણોમાં ઉલ્લેખી છે. (તેમાંની એક પર તો વલભી સંવતના હિસાબે ઈ. સ. ૫૩૮ અને ૫૪૮ વચ્ચેનું વર્ષ પણ ટંકાએલ છે.) શ્રી પલાણ આ પ્રતિમાઓ કઈ રીતે ધર્મનિરપેક્ષ કલાના નમૂનાઓરૂપે ગણી કાઢે છે તે વાતની, લક્ષણોની ચર્ચા સાથે, અને એવી જાતના 'ધર્મનિરપેક્ષ' કલાના નમૂનાઓ તેમણે ક્યાં ક્યાં જોયા તેના દાખલાઓ સાથે 'કુમાર'માં જણાવે તેવું મારું સૂચન છે. 'શ્રીવત્સ' ચિહ્ન વિનાની પણ પ્રાચીન જૈન પ્રતિમાઓ છે, એથી એ મુદ્દો સંપ્રદાય-નિર્ણયમાં મહત્ત્વનો નથી.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

વિક્રમ સંવત ૧૩૯નો લેખ


'કુમાર' અંક ૬૩૬માં શ્રી મોહનપુરી ગોસ્વામીએ વઢવાણથી મળી આવેલા વિ. સં. ૧૩૯ના કહેવાતા શિલાલેખ અંગે કરેલા પ્રશ્નો યથાસ્થાને છે. મને ખયાલ છે ત્યાં સુધી વિ. સ. ધરાવતા લેખો ઈસ્વી સનના સાતમા શતકથી વિશેષ પુરાણા મળ્યા નથી. (આ બાબતમાં ખાત્રીપૂર્વક તો ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી કહી શકે.) અને સંસ્કૃત ભાષા તો જૂનાગઢના ઈ.સ. ૧૫૦ના અરસાના મહાક્ષત્રપ રુદ્રદામનના લેખમાં મળે છે તે કદાચ અભિલેખોમાં મળતા સંસ્કૃત ભાષાના પ્રયોગનું પ્રાચીનતમ દૃષ્ટાંત મનાય છે. વઢવાણવાળો લેખ ઈસ્વી સનના આરંભકાળની બ્રાહ્મી લિપિમાં છે કે કેમ ને તે અંગે આગળ કશી ચર્ચા થઈ છે કે કેમ તે જાણવું જરૂરી છે.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

બા ભૂ પા

જુલાઈ અંકમાં 'બા ભૂ પા પહેલી ચોપડીના પહેલા પાઠમાં છે' તેમ શ્રી વાલજીભાઈએ જણાવેલું છે. પરંતુ આ શબ્દો 'પહેલા' નહિ પણ 'બીજા' પાઠમાં છે. પહેલા પાઠમાં તો 'બા, ભા, છે' શ્રી વાલજીભાઈનું આ પ્રત્યે ધ્યાન ખેંચતાં તેમણે તા. ૨૭/૭ના પો. કા.માં તમને આ બાબત લખવા જણાવતાં આ લખું છું.

(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર



વાચક અનવર (જેટાણા) તરફથી ઈદમુબારક

સૉનેટદ્વય / ભગવતીકુમાર શર્મા

[૧] પિતૃકંઠે

• મન્દાક્રાન્તા •

જૂની સૂકી હવડ કશી આ ગંધ ફેલાઈ ઊઠી
જ્યાં ચર્રાઇ કડડ ઊઘડી ભૂખરી કાષ્ઠપેટી!
પીળાં આડાં બરડ સઘળાં પૃષ્ઠ તૂટ્યાં ખૂણેથી
પોથીઓમાં હજી શ્વસી રહ્યાં કાળની કંડિકા શાં.
પીછું કોઇ મયૂરનું નર્યું રંગઝાંયેથી રિક્ત,
પોથીમાંથી સરસરી રહે પાંદડું પીપળાનું
જાળીવાળું, કુસુમ-કણિકા, છાંટણાં કંકુકેરાં,
પૃષ્ઠે પૃષ્ઠે કર-સ્પરશથી ડાઘ આછા પડેલા
ભેદી લાંબો પટ સમયનો વર્તમાને પ્રવેશી
સર્જી લેતાં પળ-વિપળમાં સૃષ્ટિ લીલી સ્મૃતિની.

થંભી'તી જે જરઠ પશુ શા મૃત્યુના થૅાર-સ્પર્શે
સંકોરાઈ કણસતી નિરાલમ્બ ને ઓશિયાળી
ગુંજી ઊઠી અમુખર ઋચા સામવેદી સ્વરોની
વર્ષો પૂર્વે રણકી ઊઠતી જે હતી પિતૃકંઠે.

[૨] ફરીથી

મંદાક્રાન્તા-સ્રગ્ધરા

વર્ષો પૂર્વે રણકી ઊઠતી જે હતી પિતૃકંઠે
એ સૂર્યો શી ઝળહળ ઋચા નાદબ્રહ્મે ઘડેલી
ગાળે આયુ વ્યરથ જકડાઇ પીળી પોથીઓમાં.
દીપાવ્યો ના વહન કરીને વારસો જ્ઞાન કેરો
પુત્રે, શીળા જનક તણી આ કિન્તુ વિદ્યા અપુત્રા
શોષાઇ રે, રણમહીં ગઈ શારદા મંત્રભીની,
લોપાયું સૌ શ્વસન તૂટતાં વૃદ્ધ જ્ઞાને પિતાનાં,
ફંફોસું છું અઢળક નિર્યાની ઝગારા છતાં યે.

આપી દીધી કઠણ હૃદયે કોઇને કાષ્ઠપેટી,
સીંચ્યો જેમાં મબલખ હતો વારસો વૈભવી શો!
દીવાલો જે સમૂહ સ્વરમાં ઝીલતી'તી ઋચાઓ,
આજે ઊભી અરવ પળતાં ગ્રંથ જ્ઞાને મઢેલા.
જાણે દીધા વળાવી જનક જ ફરીથી સ્કંધ પે ઊચકીને,
ભીની આંખે ભળાવ્યા ભડભડ બળતા અગ્નિઅંકે ફરીથી.

ગોપ વનિતાને / રાજેન્દ્ર શાહ

• ગાન •

નીર ન લગીર હલે,
હળવે ચરણ ધર ગોવાલણ
જમુનાજીનાં જલે...

વનમાં ચોગમ ખોજતી વ્યાકુલ,
ભૂલવણે સહી કેટલી યે શૂલ?
ક્યાંક વગાડી મોરલી, અહીં
કાળવી કાલિન્દીની મહીં
ડૂબકી દીધી ખલે...

ગોરસીને મેલ અલગી તીરે
જલશી ઊતર જલમાં ધીરે;
પ્રાણ-પીડાની હોડ ને તો યે
અળવીલાને આણવો જોયે
જાળમાં છાનાં છલે...

એકાન્ત / પુરુરાજ જોષી

• ગઝલ •

મઘમઘ પળો મેળાપની મેં મ્હોરતું એકાન્ત,
અળગાપણે એ કાળજાને કોરતું એકાન્ત.

અભિવ્યક્તિને એની તમે રૂંધી નહિ શકો,
પાષાણના હૃદયમાં કદી કોળતું એકાન્ત.

જોયા કરે ચહેરો ઝૂકી ઝાડ તીરનાં,
સ્થગિત નદીમાં પાય કદી બોળતું એકાન્ત.

રાત્રિની સ્તબ્ધતામાં એની પાંખ ખૂલતી,
દિવસે ઘુવડની આંખમાં જે ઘોરતું એકાન્ત.

દિવસે વીંટીને જેને ફરું શ્હેર-ચોકમાં,
રાત્રે બધાં યે આવરણો ખોલતું એકાન્ત.

મહેફિલની ભીડમાં કદી ખોવાઈ જાઉં તો
ખોવાયલા મને ઘડીમાં ખોળતું એકાન્ત.

◘ સૉનેટદ્વય : દક્ષિણ ગુજરાતમાં સામગાનના નિષ્ણાત વેદપાઠી પંડિતોના છેલ્લા અવશેષ સમા પિતાની ચિરવિદાય પછી એમની પેટી ખોલતાં એમની પોથીઓ જોતાં જાગતાં વેદનાગર્ભ સ્મરણો પ્રવાહી છંદમાં અને ભાવભીની બાનીમાં આલેખતું સૉનેટ યુગ્મ. પોથીનાં પાનાંમાંથી ખરતું મોરપિચ્છ, પીપળાનું પાન, ફૂલ, કંકુ છાંટણાં વગેરે જોતાં કવિને સામવેદ લલકારતો પિતૃકંઠ આંતરકર્ણમાં પહેલા સૉનેટમાં પડઘાઈ રહે છે. આને અનુસંધાને બીજા સૉનેટમાં વિપરીત ભાવની અનુભૂતિ થાય છે કે વર્ષો પહેલાં વહેતું ઋચાઓનું એ ગાન આજે થંભી ગયું છે, અને પોતે, પલટાતા સંજોગોમાં, પિતાનો એ વારસો જાળવી શક્યા નથી તેનો વિષાદભાવ તેમને ઘેરી વળે છે કે પિતાનો એ વારસો આજના નિર્યાતના પ્રકાશમાં પણ પોતે ઢૂંઢી શકતા નથી. અને ભારે હૈયે એ ગ્રંથસરી પેટી અન્યને ભળાવી દેતાં જે દર્દભર્યો ભાવ થાય છે તે અંતિમ કડીમાં ચરમ ચોટ સાધે છેઃ જાણે પેટી સાથે પિતાને ફરીથી વળાવી દીધા!

◘ ગોપ વનિતાને : મનભાવન કહાનની શોધમાં ઘૂમતી ગોપવનિતાને સંબોધતું ગીત. વનવન ભટકીને યમુનાકિનારે આવી ત્યાં તો તે 'ખલ' ડૂબકી દઈ જળમાં સંતાઈ ગયો! મસ્તીનું મીઠું મેણું 'ખલ' શબ્દમાં કેવું પ્રકટ થઈ રહે છે! પછી ગોપવનિતાને કહે છે કે કૃષ્ણને પામવો હોય તો એના જેમ જ જમુનાજીના જળમાં ડૂબકી દે!—પણ કેવી રીતે? 'જળમાં જળમય બનીને ભળવાનું. આમ કરવા જતાં પ્રાણને હોડમાં મૂકવો પડે તો તે પણ મૂક. ગોપવનિતાને કૃષ્ણપ્રાપ્તિ માટેની આ શીખ દ્વારા જાણે આકુલ આત્માને પરમાત્માના સાયુજ્ય સારુ શું કરવું જોઈએ તે વ્યંજિત નથી કરાયું? જે 'પ્રાણપીડા' સહીને બધું હોડમાં મૂકશે તે જ આ ગોપવનિતાની જેમ પરમાત્માને પામી શકશે. ◘ એકાન્ત : એક શબ્દને લઇને ભાવગૂંથણી કરતી નૂતન ગઝલપ્રવાહની આ રચનામાં એકાન્તની વૈવિધ્યસભર ચારુ અને સચોટ અભિવ્યક્તિ થએલી છે. મેળાપની પળોમાં એકાન્ત, પાષાણમાં ઘન એકાન્ત, સ્થિર સરિતાજળનું એકાન્ત, ઘૂવડની આંખમાંનું એકાન્ત : કંઈ કેટકેટલાં રૂપો કવિએ ધરી દીધાં છે! વળી, ક્યારેક આ એકાંત 'કોરે' છે, તો ક્યારે 'કૉળે' પણ છે. નદીમાં પાય બોળતું કે રાતે ઘુવડની આંખમાં પાંખ ખોલતું બતાવી એકાન્ત ભાવનાં પણ કેવાં ક્રિયાત્મક ચિત્રો ખેંચાયાં છે! આખી ગઝલમાં જાણે એકાન્ત ભર્યુંભર્યું છે તેની પ્રતીતિ થયા વગર રહેશે નહિ.

પ્રતિભા અને પરિશ્રમ

બહાદુરશાહ પંડિત

ગ્રામોફોનના શોધક ટૉમસ આલ્વા એડિસન પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારે એમના એક શિક્ષકે એમને ગણિતનો એક દાખલો પૂછ્યો. એડિસનને એનો જવાબ ના આવડ્યો. એથી શિક્ષકે કહ્યું: 'તારા મગજમાં બુદ્ધિ નહિ પણ નર્યું ભૂસું ભરેલું છે.' આખું જગત જાણે છે કે મગજમાં ભૂસાવાળા આ છોકરાએ મોટપણે વિજ્ઞાનની અદ્ભુત શોધો કરી.

માણસમાત્રમાં પ્રતિભા તો પડેલી છે; કોઈ ને કોઈ શક્તિ તો રહેલી જ છે. જરૂર છે માત્ર એ વિશિષ્ટ શક્તિ શોધી કાઢીને એને વિકસાવવાનો પરિશ્રમ કરવાની. પ્રતિભા તો આપણા વ્યક્તિત્વની ધરતીમાં પડેલું બી છે. એને વિકસાવીને મહાન વટવૃક્ષમાં પરિવર્તિત કરવા માટે પરિશ્રમના જળનું સિંચન કરવું પડે છે. ગાંધી, ટૉલ્સ્ટૉય કે અબ્રાહમ લિંકન જન્મથી જ મહાન નહોતા. હા, એમની ચેતન્યભૂમિમાં પ્રતિભાનું બી રોપાએલું હતું. પણ એમના જેવા લાખોની જેમ એમણે પણ એ બી પ્રારબ્ધના સૂર્યતાપથી ઊગશે એવી આશા રાખ્યા કરી હોત તો એ બી પરિશ્રમના જળ વિના સુકાઇને નાશ પામત.

પોલૅન્ડના વિખ્યાત સંગીતકાર વેડરવસ્કી એક સંગીતશિક્ષક પાસે પિયાનો શીખવા જતા હતા. એકાદ અઠવાડિયા બાદ સંગીતશિક્ષકે એમને કહ્યું: 'તારાથી પિયાનો નહિ વગાડાય; તું ઢોલ વગાડ!' વેડરવસ્કી નિરાશ થયા નહિ. એમણે પિયાનો વગાડવાની મહેનત ચાલુ જ રાખી અને અંતે એ અદ્ભુત પિયાનોવાદક તરીકે પ્રસિદ્ધિ પામ્યા. પાછળથી એ પોલૅન્ડના વડા પ્રધાન તરીકે સર્વાનુમતે ચૂંટાયા હતા.

કોઈએ કહ્યું છે કે બીજાઓથી ના થઈ શકે તે આવડત; આવડતથી જે ના થઈ શકે તે કરવું એનું નામ પ્રતિભા. આ પ્રતિભા એ પારસમણિ છે. રાજેન્દ્ર શાહની એક કવિતામાં આવે છે કે

પંડની પેટીમાં પારસ છે પડ્યો
ફૂટેલાં ફૂટે છે કરમ જી,
વાવરી જાણે તે બડભાગીઓ.

વ્યક્તિમાત્ર પાસે રહેલા આ પારસને વાપરતાં આવડવું એ સાચી જીવનકલા છે. એ વાપરવાનો સાચો માર્ગ વિવેકપૂર્ણ પરિશ્રમ છે. આમ પરિશ્રમ એ જાદુ છે. પ્રતિભાને વિકસાવવાની ચાવી છે. કોઈ કવિએ યોગ્ય જ કહ્યું છે કે 'સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.' સંસ્કૃતમાં એક સરસ સુભાષિત છે:

उद्यमेन हि सिद्धन्ति
कार्याणि, न मनोरथैः।
नहि सुखस्य सिंहस्य
प्रविशान्ति मुखे मृगाः॥

એડિસને જ કહ્યું છે કે પ્રતિભા એટલે એક ટકો આવડત અને નવ્વાણું ટકા પરિશ્રમ. જગતનો કોઈ મહાપુરુષ કેવળ પ્રારબ્ધના આધારે મહાપુરુષ બન્યો હોય એવું ઇતિહાસમાં ક્યાંય લખ્યું નથી. એક હિંદી કવિ કહે છે:

ઉન્હે મંઝિલ નહિ મિલતી
જો કિસ્મત કે સહારે હૈ,
હૈ ઉનકી જિંદગી ભી મોત
જો હિંમત કો હારે હૈ.

વિનોબાએ એક જગ્યાએ લખ્યું છે કે "એક વાર એક ભાઈએ મને કહ્યું: 'જરા આપની કુંડળી જોવી છે. મંગળ અને શનિની આપના પર શી અસર પડે છે તે જોવાની ઇચ્છા છે.' મેં કહ્યું: 'મારે જરાક મંગળની કુંડળી જોવી છે કે તેના ઉપર મારી શી અસર પડે છે, કારણ કે એ જડ છે અને હું ચેતન્ય છું' આપણે બહા છીએ. આપણાથી વધે એવી દુનિયામાં કોઈ તાકાત નથી. આટલી વાત આપણને સમજાઈ જશે તો તો આપણામાં જે તાકાત પેદા થશે એ ઍટમબૉંબમાં પણ નહિ હોય.

લોકોએ મને જ્યારે કહ્યું કે ઍટમબૉંબ ખૂબ શક્તિશાળી છે ત્યારે મેં તેમને કહ્યું કે 'આપણી પાસે પણ આતમ-બૉંબ છે. આપણા આત્માની શક્તિ ઍટમબૉંબની શક્તિ કરતાંય વિશેષ છે."

પરિશ્રમ એટલે માત્ર શારીરિક મહેનત જ નહિ. ધ્યેય સિદ્ધ કરવા માટે હાથમાં લીધેલા કોઈ પણ કામને વળગી-રહેવું એ પણ પરિશ્રમ જ છે. એવા પરિશ્રમ વિના કોઈ ધ્યેય સિદ્ધ થઈ શકે નહિ.

પંડિત મદનમોહન માલવીયજી બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલય માટે ફાળો ઉઘરાવતા હતા. એ દરમ્યાન એક વાર બિકાનેરના મહારાજાના મહેમાન બન્યા. એ વેળા બિકાનેરમાં ઓચિંતા એક કરોડપતિ જૈન શેઠ આવી ચડ્યા. આ લાગ મળતાં માલવીયજીએ એ શેઠ પાસે ફાળો લેવા જવાની ઇચ્છા વ્યક્ત કરી. બિકાનેરના મહારાજાએ એમને કહ્યું કે આ શેઠ તો જૈનો સિવાય કોઇને ફાળો આપતા નથી, અને તમારે તો હિંદુ વિદ્યાપીઠ સ્થાપવાની છે, એટલે એ વિચાર માંડી વાળો.

પણ માલવીયજી તો પોતાના નિશ્ચયમાં અડગ હતા. એ શેઠ પાસે પહોંચી ગયા. પહેલાં તો શેઠે એમને મળવાની જ ના પાડી દીધી. માલવીયજીએ ફરી ચિઠ્ઠી મોકલી કે હું આપની પાસે બનારસ હિંદુ વિદ્યાપીઠ માટે એક લાખ રૂપિયાનું દાન લેવા આવ્યો છું. જવાબમાં શેઠે કહેવડાવ્યું કે હું એક પૈસો પણ આપવા માગતો નથી. માલવીયજી એક લાખમાંથી છેવટે ટોકન તરીકે એક રૂપિયો લેવા તૈયાર થયા. પણ એ શેઠે કહી દીધું કે જૈન સમાજ સિવાય હું કોઈને પૈસો પણ દાન કરતો નથી.

છતાં માલવીયજી નિરાશ ન થયા. એ સમયે તેઓ પાછા ફર્યા, પરંતુ પછીથી શેઠના એક જૈન ગુરુનો સંપર્ક સાધી બનારસ હિંદુ વિદ્યાપીઠના જૈન વિભાગ માટે શેઠ પાસે દાન અપાવવાની દરખાસ્ત મૂકી. જૈન મુનિએ શેઠ પર દબાણ કર્યું ને માલવીયજીને રૂ. બે લાખનું દાન મળ્યું!

કવિ નર્મદે પિંગળનું જ્ઞાન મેળવવા માટે કેટલો બધો પરિશ્રમ કર્યો હતો! રોજ લખવાનાં સાધનો લઇ એક કડિયાના ઘેર પિંગળનો ગ્રંથ હતો ત્યાં જઇને પિંગળશાસ્ત્રનો ઉતારો કરતા અને છેક સાંજ પડ્યે ઘેર આવતા. વિખ્યાત નવલકથાકાર ગોવર્ધનરામ ત્રિપાઠીએ સરસ્વતીચંદ્ર જેવી મહાનવલ લખવામાં ૨૦ વર્ષ સુધી કેટલો પરિશ્રમ ઉઠાવ્યો હશે!

માણસ જ્યારે જાણે છે કે પોતે ઇશ્વરનો જ એક અંશ છે અને એ મહાન શક્તિ સાથે એનો અતૂટ સંબંધ છે ત્યારે એ પોતાની અંદર દિવ્ય શક્તિનો અનુભવ કરવા લાગે છે. એ દિવ્ય શક્તિ જ પ્રતિભા છે. આ પ્રતિભાનું જ્ઞાન થતાં માણસની પરિશ્રમ કરવાની શક્તિ આપોઆપ વધી જાય છે અને તે ધ્યેયસિદ્ધિ તરફ આગળ વધે છે. અમેરિકન લેખક ઓરિસન સ્વેટ માર્ડન કહે છે કે 'તમારા સ્વાગત માટે, ક્યાંય દૂર, કૃત્રિમ વાદળોની ઓથે, સફળતાની દેવી તમારી રાહ જોતી ઊભી છે. હવે દૃઢતા સાથે આગળ વધો એટલી જ અપેક્ષા છે.' □

આજ

આજે હું મારું મનોબળ વધારવા પ્રયાસ કરીશ. જેમાં કંઈક પ્રયત્ન, વિચાર ને એકાગ્રતાની જરૂર પડે. જે કંઈક ઉપયોગી બની રહે એવું કંઈક હું આજે વાંચીશ—શીખીશ. કોઈક બીજાને પણ લાભ મળે એવું કંઈક હું આજે કરીશ.

શક્ય એટલો હું સારો દેખાઇશ, સુઘડ પોશાક પહેરીશ, ધીમે સાદે બોલીશ અને સંભાળપૂર્વકની વર્તણૂક રાખી કંઈ ટીકા નહિ કરું.

—ડેઈલ કાર્નેગી

ક્રાંતિકારી યશપાલ

ચળવળમાં સક્રિય ભાગ, ધરપકડ અને મુક્તિ

(ગયા અંકથી સમાપન)

લેખક • અશોક દવે-'મલાક્ષ'

પોલીસને થાપ આપી ફરાર થઈ ગએલા યશપાલ કાંગડામાં પોતાના એક પરિચિત વકીલને ત્યાં પહોંચી ગયા. ગામ નાનું અને પાછું પોતાનું વતન. અનેક લોકો એમને ઓળખે. એટલે ત્યાં લાંબો સમય ગોપિત રહેવાનું શક્ય ન હતું અને પરિણામે પોતાના આશ્રયદાતાને પણ જોખમમાં મૂકવા જેવું હતું. વળી, ત્યાં બિકાર પડી રહેવાનો પણ કંઈ અર્થ નહોતો. એટલે કાંગડા છોડી તેઓ જમ્મૂમાં ચિરંજીલાલ નામના પોતાના એક સંબંધીને ત્યાં જઈ છુપાઈ રહ્યા. યશપાલનો વિચાર મળે તેટલા જૂના સાથીઓનો સાથ લઈ દળનું પુનઃ સંગઠન ઊભું કરવાનો હતો. આ કામ સરળ નહોતું. અત્યાર સુધી બહુધા એમણે નેપથ્યમાં રહીને કામ કરેલું. વળી, ગુપ્તતા ખાતર પણ દળના બધા સાથીઓની સૌ કોઇને માહિતી અપાની નહિ. એટલે કોણ ક્યાં છે અને કેટલાક સહાયક બની શકે એ પણ જોવા-વિચારવાનું હતું. હથિયારો પણ મેળવવાનાં હતાં. બહારી મદદ વિના બૉંબ બનાવવાની ને હથિયારો એકઠાં કરવાની એમને જરૂર જણાઈ. ત્યાં ભાગરામ નામે એક સાથી મળી ગયો. આગળ જતાં એણે યશપાલ સાથે લાંબો સમય કામ કરેલું. બીજી બાજુ ઇન્દ્રપાલ હજી લાહોરમાં પોલીસની શક-નજરે ચડ્યો નહોતો, એટલે એના દ્વારા યશપાલે છૂપી રીતે દુર્ગાભાભી પાસેથી કેટલાંક પુસ્તકો મંગાવેલાં, જેમાંથી અવકાશના સમયમાં પામ દત્તના 'મૉડર્ન ઇંડિયા'નો એમણે સરળ હિંદીમાં અનુવાદ કર્યો. બેએક વર્ષ પછી એ 'વર્તમાન ભારત' નામે છપાએલો, પણ એના અનુવાદક તરીકે એમનું નામ પ્રકટ થએલું નહિ. વળી જમ્મૂમાં પિત્તળની નળીના ટુકડા કરી એમાંથી જાતે કારતૂસો બનાવવા પ્રયોગો પણ કર્યા. બૉંબ બનાવવાનો ખાસ અનુભવ તો નહોતો, છતાં ખૂબ વિચાર કરી એમણે હૅન્ડ ગ્રેનેડ જેવો એક બૉંબ પણ બનાવ્યો. પરંતુ આવા પ્રયોગથી આગળ એનું વધુ ઉત્પાદન કરવા જેટલી આર્થિક સગવડ ન હતી.

બીજી બાજુ પોતે જ્યારે ફરાર થએલા ત્યારે સુખદેવ પકડાઈ ગયા હતા. જમ્મૂમાં એમને ખબર પડી કે જેલમાં એણે અનશન આદર્યાં હતાં. સુખદેવ પાસેથી દળના અન્ય સાથીઓ અંગેની માહિતી અને છુપાવેલાં હથિયારોની વિગત જાણી લેવી અત્યંત જરૂરી હતી. એટલે તેઓ એક ગ્રામીણ પંજાબીના વેષમાં ફરી લાહોર પહોંચી ગયા, એટલું જ નહિ, એક દિવસ સુશીલાદીદીની નાની બહેન શકુન્તલાને સુખદેવની બહેન બનાવી એની સાથે ઇંગ્લૅન્ડથી તાજા જ આવેલા વકીલના વેષમાં દોરદમામથી બેધડક જેલમાં જઇને સુખદેવને મળીને અન્ય પ્રાંતના સાથીઓ સાથે સંપર્ક જોડવા માટે એમનાં નામ-સરનામાં જાણી લાવ્યા. આ રીતે માહિતી મેળવી યશપાલે સહરાનપુરમાં શિવવર્માનો સંપર્ક સાધ્યો. પણ પોતાના કાર્ય માટે લાહોરમાં જ રહેવાનું ઉચિત લાગતાં તે ઇન્દ્રપાલને ત્યાં એના ગામડાના શાખપાડોશી ગ્રામજન તરીકે રહ્યા. આ જ અરસામાં સહરાનપુરની બૉંબ ફૅક્ટરી પકડાઈ ગઈ અને શિવવર્મા તથા જયદેવ કપૂર પણ ઝડપાઈ ગયાના ખબર મળ્યા. સહરાનપુર હિં. સ. પ્ર. સે. ના રહ્યાસહ્યા સંગઠનનું ત્યારે મુખ્ય કેન્દ્ર હતું એટલે આ બનાવ આઘાતજનક હતો. પણ જેલમાં ગએલા આ સાથીઓ સાથે ત્યારે ચંદ્રભાનુ ગુપ્ત અને મોહનલાલ સક્સેના દ્વારા ગુપ્ત સંદેશવ્યવહાર ચાલતો રહ્યો. એ બંને વકીલ તરીકે આરોપીને મળી શકતા.

સહરાનપુરની બૉંબ ફૅક્ટરીની માહિતી ફણીન્દ્ર ઘોષે જ આપી





△ પ્રકાશવતી......... અને ....યશપાલ △

હશે એવું દળમાં આઝાદ તેમ જ અન્ય સૌને લાગ્યું હતું. અગાઉ લાહોર અને પટણા ષડયંત્રમાં પણ એણે જ ગદ્દારી કરેલી, એટલે હવે એને એની સજા કરવાનું નક્કી થયું. વૈકુંઠ શુક્લ નામના એક સાથીને ફણીન્દ્રનો નિકાલ કરવાનું સોંપાયું. ફણીન્દ્ર પણ પોતાના પરનું જોખમ જાણી ગયો હોઈ નાસી જઈને બિહારના ચંપારણ્યમાં બેતિયા નામના એક કસબામાં નાનકડી હાટડી લઈ છુપાઈ બેઠો હતો. વૈકુંઠે એને ખોળી કાઢ્યો ને ત્યાં પહોંચી જઈ એને ઠાર કર્યો. પણ કોઈએ બાતમી આપી દેતાં વૈકુંઠ પકડાઈ ગયો અને ગયાની જેલમાં એને ફાંસી મળી.

સહરાનપુરની બૉંબ ફૅક્ટરી પકડાઈ જવાથી દળના મૂળ સંગઠન સાથે અનુસંધાન જોડવાની યશપાલની આશા પડી ભાંગી. હવે તો કલકત્તામાં છુપાઈ રહેલા ભગવતીભાઈને શોધી કાઢવા સિવાય કોઈ માર્ગ ન રહ્યો ત્યાં જઈ સુશીલાદીદી મારફત યશપાલ ભગવતીભાઈને મળ્યા ને જમ્મૂમાં પોતે કરેલા બૉંબ-પ્રયોગની સફળતાની શક્યતાની જાણ કરી. તેઓ એ જાણી ખૂબ ખુશ થયા. પછી પિસ્તોલો મેળવવા અને કલકત્તાના દળનો સાથ મળે તો એ માટે પ્રયત્ન કરવા ગિરફ્તાર થઈ ગએલા યતીન્દ્ર દાસના ભાઈ કિરણ દાસને મળ્યા. એના દ્વારા ત્યાં ક્રાંતિદળના નેતાઓને મળાયું તો ખરું, પણ એ લોકોનું વલણ બરાબર ન લાગતાં એમના સાથની વાત પડતી મુકાઈ. કિરણ દાસે પિસ્તોલો મેળવી આપવા તૈયારી બતાવી ને એ માટે ભગવતીભાઈ પાસેથી પૈસા પણ લઈ લીધા, પણ એના રંગઢંગ વિશ્વસનીય ન લાગતાં ભગવતીભાઈએ યશપાલને ફરી જમ્મૂ જઈ એના બૉંબ પ્રયોગોને આગળ ધપાવવા સૂચવ્યું.

જમ્મૂમાં ભાગરામની સહાયથી યશપાલે બૉંબ બનાવ્યા. એવામાં ભગવતીભાઈ પણ બે પિસ્તોલો મેળવીને આવી ગયા. નવા બૉંબની અજમાયશ માટે શહેરથી દૂર પહાડીઓમાં એનો પ્રયોગ ગોઠવ્યો. બૉંબનો ધડાકો તો અજબ થયો પણ એની તાકાત સુરસુરિયા જેટલી જ સાબિત થઈ. બહુ વિચારને અંતે બંનેએ શ્રીનગરમાં વસતા ભગવતીભાઈના એક જૂના પરિચિત સહાધ્યાયી દેવદત્ત શર્માની સહાય લેવા વિચાર્યું. યશપાલ એ માટે શ્રીનગર ગયા. દેવદત્તે એમને બૉંબનો મસાલો બનાવવાની સરળ રીત શોધી મોકલવા કબૂલ કર્યું એટલે યશપાલ દિલ્હી પાછા ફર્યા. આ બૉંબનો પ્રયોગ વાઇસરૉયની ગાડી નીચે કરવાનો એમનો ખયાલ હતો.

દિલ્હીમાં ભગવતીભાઈએ રહેવાની વ્યવસ્થા કરી રાખેલી. અલીગઢના કોઈ રાજપૂત કે ઠાકુર ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑવ પોલીસના ભત્રીજા હરીશ્વરસિંહ તરીકે ભગવતીભાઈ અને એમના ભત્રીજા જગદીશ્વરસિંહ તરીકે યશપાલ ગુપ્ત વેષે રહેતા હતા. પણ ત્યાં બૉંબ બનાવવા શક્ય નહોતા. અંતે રોહતકમાં ભગવતીભાઈના એક પરિચિત

નવયુવાન વૈદ્ય લેખરામને સાધવામાં આવ્યો. એને ત્યાં ગંધક-પારો ફૂંકવાને બહાને વૈતરા તરીકે યશપાલે રહેવાનું ઠર્યું. બૉંબનો મસાલો કૂટવા માટે આ એક અનુકૂળ આવરણ હતું. હરિયાણાના કોઈ અભણ જાટ 'કિસના'ના વેષમાં યશપાલ લેખરામને ત્યાં રહ્યા. જો કે અહીંથી પણ એક દિવસ પોલીસ આવી ચડવાના ડરથી ઓચિંતા જ નાસવું પડેલું. પણ દરમિયાન બૉંબનો મસાલો તૈયાર થઈ ગએલો એટલે આ રોકાણ નિરર્થક નહોતું ગયું. બધી સામગ્રી દિલ્હી પહોંચી ગઈ.

બૉંબની તૈયારી તો થઈ ચૂકી. હવે સવાલ વાઈસરૉયની ગાડીને કયા સ્થળે ઉડાવવી એ નક્કી કરવાનું હતું. દિલ્હી–મથુરા લાઈન પર એ સ્થાન નક્કી થયું. ત્યાં રાતે જઈને બૉંબ ગોઠવવો, છુપાવાની ને નાસવાની સગવડ જોવી વગેરે ઘણી બાબતોની ચકાસણી પણ જરૂરી હતી. આ બધા માટે ઇન્દ્રપાલે એ નિર્જન સ્થાન પર એક ખંડિયેરમાં સાધુ બનીને રહેવાનું વિચારાયું. ઈન્દ્રપાલે પણ ત્યાં થોડા દિવસોમાં મહાત્મા સાધુ તરીકે અજબ પ્રતિષ્ઠા જમાવી, એટલું જ નહિ, રાતવરાતે ત્યાં રોન ફરવા આવતા સિપાઈઓ સાથે પણ દોસ્તી બાંધી દીધી. ટૂંકમાં બધી તૈયારી લગભગ થઈ ચૂકી હતી.

બીજી બાજુ ભગવતીભાઈ કાનપુરમાં ગણેશશંકર વિદ્યાર્થી દ્વારા ચંદ્રશેખર આઝાદનો સંપર્ક સાધવા મથી રહ્યા હતા. અત્યાર સુધીની આ બધી તૈયારી યશપાલ, ભગવતીભાઈ વગેરેની પોતાની હતી. દળને એટલે કે આઝાદ વગેરેને એની જાણ કરી ન હતી. બૉંબ-વિસ્ફોટ પછી સંભવિત ધરપકડોમાં બીજા સાથીઓ ફસાઈ ન જાય એ ખાતર પણ એમને ચેતવવા જરૂરી હતા. એમની યોજનાને વિદ્યાર્થીજીએ નકારી. અનિચ્છા છતાં બધી તૈયારી સમેટી લેવી પડી. વળી, જયચંદ્રના જૂઠા પ્રચારથી ચંદ્રશેખર આઝાદને ભગવતીભાઈ ને યશપાલના વિષે કેટલીક શંકાઓ પણ હતી. એમની સાથે સંપર્ક જોડવા પણ તે તૈયાર નહોતા. પણ અંતે દિલ્હી ક્ષેત્રના સંગઠનના નેતા કૈલાસપતિ (ઈ. ૧૯૨૭–૨૮માં ભગતસિંહ, સુખદેવ, વિજયકુમાર, આઝાદ વગેરેએ કરેલા સંગઠનના એક સાથી) દ્વારા આઝાદની મુલાકાત થઈ. ભગવતીભાઈ અને યશપાલની આઝાદ સાથેની આ પહેલી જ રૂબરૂ મુલાકાત હતી. દરમિયાન આઝાદે પણ આ બંને વિષે ખરી માહિતી મેળવી લીધી હતી. નિખાલસતાથી એ મુલાકાત થઈ અને બંને જણે વાઈસરૉયની ગાડી ઉડાડી દેવાની પોતાની યોજના એમના ગળે ઉતારી.

આ જ અરસામાં યશપાલ અકોલામાં સાવરકર બંધુઓમાં જયેષ્ઠ 'બાબા સાવરકર'ને પણ મળ્યા. એમનો ખયાલ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં એમનો સાથ લેવાનો હતો. પણ યશપાલે જોયું કે એમના વિચારો જુદા જ હતા. વિદેશી શાસનને દૂર કરવામાં પ્રથમ મહમદઅલી જિન્ના અને એમના અનુયાયીઓને દૂર કરવા તેઓ માગતા હતા. જો ક્રાંતિકારીઓ એમની હત્યા કરે તો તે માટે તેઓ પચાસ હજાર રૂપિયા સુધીનો પ્રબંધ કરી આપવા તૈયાર હતા. પણ સાંપ્રદાયિક મતભેદ રાખી હત્યા કરવી એ ક્રાંતિકારીઓનું કાર્ય નહોતું. યશપાલે એમનો પ્રસ્તાવ પાછો વાળી દીધો.

ફરી વાઈસરૉયની ટ્રેન ઉડાડવાની યોજના વિચારાવા લાગી. પણ એ સમયે કૉંગ્રેસનું અધિવેશન મળી રહ્યું હોઈ આઝાદ, ગણેશશંકર વિદ્યાર્થી, કૈલાસપતિ વગેરેને આ કાર્ય અટકાવી દેવાનું ઉચિત લાગ્યું. પરંતુ યશપાલને એમની વાત ગળે ઊતરી નહિ. ભગવતીભાઇએ પણ યશપાલને સાથ આપ્યો અને આ લેખના પ્રારંભમાં વર્ણવ્યા પ્રમાણે તેઓએ દળની અસંમતિની ખેવના છોડી દઈ વાઈસરૉયની ગાડી નીચે બૉમ્બ-ધડાકો કર્યો. દળના આદેશની ઉપરવટ થઇને કરેલા આ કાર્ય પછી દળ સાથે ફરી પૂર્વવત્ સંબંધ સ્થાપવો જરૂરી હતો. આઝાદ વગેરેની ખફગી પણ દૂર કરવાની હતી. એટલે બૉંબ-ધડાકા પછી નાસીને કલકત્તા પહોંચેલા યશપાલ અને ભગવતીભાઈ એ માટે આઝાદને મળવા લખનો ગયા. યશપાલે આઝાદને મળીને પોતાના ખયાલો એમને સમજાવ્યા ને બૉંબધડાકા પર ગાંધીજીએ 'યંગ ઇંડિયા'મા 'ધ કલ્ટ ઑવ ધ બૉમ્બ' નામક લેખ લખીને કરેલી આકરી ટીકાના પ્રત્યુત્તરમાં 'ધ ફિલૉસૉફી ઑવ ધ બૉમ્બ' નામક લેખ પ્રકટ કરવાની અનુમતિ પણ મેળવી લીધી. એ લેખમાં ગાંધીજીની નીતિ સામે વિરોધ પ્રકટ કરવા ઉપરાંત ક્રાંતિકારીઓના દૃષ્ટિબિંદુને સ્પષ્ટ કરવા સાથે દેશના યુવાનોને ક્રાંતિ માટે હાકલ કરવામાં આવી હતી. ક્રાંતિકારીઓના આ વલણનો પણ વ્યાપક પ્રભાવ પડયો હતો; તો બીજી બાજુ એમના આ જુસ્સાની પાછળ ભાવિ શક્યતાઓના ભયથી સરકાર પણ ચિંતિત બની ગઈ હતી.

એ સમયે ભગતસિંહ વગેરે જેલમાં હતા. એમને જેલમાંથી નસાડવાનો દળનો વિચાર હતો. આ અંગે ભગતસિંહ સાથે ગુપ્ત વાટાઘાટો પણ ચાલી. છેવટની યોજના એવી હતી કે તેઓને જેલમાંથી બહાર લઈ જવાય ત્યારે બૉમ્બ-ધડાકો કરી એમને નસાડી જવા. રોહતકમાં બનાવેલો મસાલો વાપરીને બૉમ્બ તૈયાર કર્યા, પણ એના પરીક્ષણમાં અકસ્માત બૉંબ ફાટતાં ભગવતીભાઈ માર્યા ગયા! યશપાલને માટે એ એક જબ્બર આઘાત હતો. પણ દુર્ગાભાભીએ એ દુઃખ ગજબની હિંમતથી જીરવી બતાવ્યું. ભગતસિંહને નસાડવાની મૂળ યોજના પણ જારી રહી. પણ જ્યારે આઝાદની સાથે સૌ બોર્સ્ટલ જેલ પર ભગતસિંહ અને દત્તને છોડાવવા ગયા તે વખતે યોજના પ્રમાણે ભગતસિંહે સંકેત ન આપતાં બધી જ તૈયારી પડી ભાંગી. ફરી તેમને જેલ તોડીને નસાડવાનું વિચારાયું, પણ ત્યારે કમનસીબે ઘરમાં જ બૉંબ ફાટયો ને સૌ માંડમાંડ બચીને ત્યાંથી નાસી શક્યાં.

આ બધી પ્રવૃત્તિઓ દરમિયાન પોતાના ઘેરથી નાસી આવીને દળમાં ભળી ગએલાં પ્રકાશવતી સાથેનો યશપાલનો પરિચય અમુકને મન શંકાસ્પદ બનવા લાગ્યો હતો. એમાં વારંવારની નિષ્ફળતાથી થાકીને યશપાલ દિલ્હીમાં એમને ત્યાં આરામ અર્થે રહ્યા. યશપાલના આ પગલાથી દળ પ્રત્યેની એમની નિષ્ઠા ડગી ગઈ હોવાની આશંકા ફેલાઈ અને દળની કેન્દ્રીય સમિતિને હવે એ જોખમકારક લાગવા માંડતાં એમની હત્યા કરવાનું વિચારાયું. આ નિર્ણયથી અજાણ યશપાલને એક સાથીએ ચેતવી દીધા. જેના માટે અનેક જોખમો ઉઠાવીને નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યું એ જ દળે એમને કોઈ ખુલાસો કરવાની યે તક આપ્યા વિના એમની હત્યાનો નિર્ણય લીધાનું જાણીને એ ધૂંધવાઈ ઊઠયા. પોલીસથી તો એ છુપાતા ફરતા જ હતા, હવે દળના સાથીઓથી પણ બચતા રહેવાનું થયું. આ અપમાનજનક નિર્ણયથી ગુસ્સે થઈ યશપાલે કાનપુરના દળની બૉમ્બ ફેક્ટરીના અડ્ડામાંથી પ્રકાશવતીને પોતાની પાસે બોલાવી લીધાં. પોતાના પક્ષે આઝાદ સાથે ચોખવટ કરી લેવાની એમને ઈચ્છા હતી. ખયાલીરામ ગુપ્ત અને સુશીલાદીદીએ એ મુલાકાત ગોઠવી આપી અને યશપાલે પોતાના પરની બધી શંકાઓ બિનબુનિયાદ સાબિત કરી આપતાં આઝાદે પોતાનો મત સુધારી લઈ પ્રકાશવતીની પણ માફી માગી.

યશપાલની હત્યા માટે એમના પર ચાર આરોપો દળે લગાડયા હતા: (૧) તેઓનો પ્રકાશવતી સાથેનો સંબંધ અનિચ્છનીય હતો; (૨) બૉંબ-પરીક્ષણમાં ભગવતીભાઈ માર્યા ગયા એમાં યશપાલની બેપરવાઈ હતી, (૩) ભગતસિંહને ન છોડાવવા માટે એમણે અકાળે બૉંબવિસ્ફોટ થાય એવી શરારત કરી હતી અને (૪) આરામ કરવાને બહાને તેઓ દળ છોડી દઈ ચાલ્યા ગયા હતા. પણ આ ચારે બાબતમાં યશપાલે પોતાની નિર્દોષતા પુરવાર કરી આપતાં આઝાદને દળની આંતરિક ખટપટોથી ઘણું દુઃખ લાગ્યું ને એમણે દળને વિખેરી નાખવાનો નિર્ણય કર્યો.

આ પછી દળનું પુનઃ સંગઠન પણ થયું. યશપાલનો એમાં આઝાદને પૂરો સાથ હતો. આઝાદ યશપાલને 'સોહન' નામે બોલાવતા. આઝાદ

પં. જવાહરલાલને અગાઉ મળેલા ત્યારે જવાહરે એમને 'ફાસિસ્ટ' કહેતાં એ બહુ ચિડાએલા; પણ યશપાલે એમને શાંત પાડયા, એટલું જ નહિ પણ ફરી જવાહરલાલને મળીને ૧૫૦૦ રૂપિયાની સહાય પણ મેળવી લાવ્યા. યશપાલ એ સમયે રશિયા ઊપડી જવાનું વિચારી રહ્યા ટે એમણે આ રકમ મેળવી હતી. એમાંથી એમણે આઝાદને પાંચસો રૂપિયા આપેલા. એ દિવસોમાં અલ્લાહાબાદમાં યશપાલ, આઝાદ, સુરેન્દ્ર પાંડે અને ભવાનીસિંહ એક સાથે રહેતા હતા. રશિયા જતી વખતે સાથે થોડી દવાઓ પણ રાખવા સારુ યશપાલ અને સુરેન્દ્ર પાંડે બજારમાં જતા હતા ત્યારે આઝાદ પણ એમની સાથે નીકળ્યા. આલ્ફ્રેડ પાર્કમાં એ કોઇને મળવા માગતા હતા. પાર્ક નજીક આવતાં આઝાદ અલગ પડી ગયા. યશપાલે અને સુરેન્દ્ર પાંડેએ સુખદેવરાજને દૂરથી પાર્ક નજીક જતો જોયો. બંને સમજી ગયા કે આઝાદ એને જ મળવાના હશે. પાર્કમાં તેઓ બને બેઠા હતા ત્યાં અકસ્માત જ ત્યાંથી પસાર થતા એક ગોરા પોલીસ અમલદારને એ 'આઝાદ' હોવાની શંકા પડી અને એણે તુરત પોલીસ એકઠા કરી બંને ક્રાંતિકારીઓને ઘેરી લીધા. સામસામા ગોળીબાર ચાલ્યા. સુખદેવરાજ છટકી ગયો, પણ આઝાદ ઘાયલ થયા. પોલીસને હાથ જીવતા નહિ ચડવાની પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે છેલ્લી ગોળી એમણે પોતાના પર જ છોડી હતી. આલ્ફ્રેડ પાર્કના આ ગોળીબારની ખબર યશપાલ ને પાંડેને બજારમાં પડી, પણ તેઓ કંઈ પણ કરી ન શકવા બદલ લાચાર હતા.

હવે યશપાલે કાશીરામ, ભવાનીસિંહ વગેરે મિત્રોનો સાથ લઇને મેરઠમાં ફરી દળને સંગઠિત કર્યું. એ જ અરસામાં ઈ. ૧૯૩૧ની ૨૩મી માર્ચે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને જેલમાં ફાંસી અપાઈ ગઈ હતી.

આઝાદ અને ભગતસિંહ વગેરે જતાં હવે ક્રાંતિદળ ખતમ થઈ જશે એમ સરકારને લાગતું હતું. પણ યશપાલે એ ભ્રમ તોડી નાખ્યો. કાનપુરમાં એક ચર્ચા માટે એકઠા થયા બાદ એમની પાછળ પડીને કાશીરામની ધરપકડ કરવા આવેલી પોલીસ પર ગોળીબાર કરી યશપાલ એને હિંમતપૂર્વક નસાડી ગયા. આમ અંગ્રેજો માટે હવે યશપાલ એક મોટું જોખમ બની ગયા અને એમની ગિરફતારી માટે ૩૦૦૦ રૂપિયાનું ઈનામ જાહેર થયું. પણ યશપાલ તો એની જાહેરાતનાં પોસ્ટરો નીચે જ હિંમતપૂર્વક જઈ બેસતા. ફરારી સ્થિતિમાં જ દળના વિસ્તરણ માટે ઘૂમતા યશપાલે એક વાર એક આઇરિશ મહિલા મિસિસ જાફરઅલી (સાવીત્રીદેવી)ને ત્યાં રાતવાસો કર્યો. આ મહિલા દળને ઘણી સહાય કરતી હતી. યશપાલને અહીં પહોંચાડનાર શ્રીવાસ્તવ ત્યાંથી પાછા જતી વખતે યશપાલનો કોટ અને સાથે એમની પિસ્તોલ પણ લેતો ગયો. યશપાલને માટે એ એક જૂની રિવૅાલ્વર મૂકતો ગએલો. વહેલી સવારે સાવીત્રીદેવીએ યશપાલને જગાડીને પોલીસે ઘેરો ઘાલ્યાની જાણ કરી. મરણિયા થઈ રાતના પહેરેલા કપડામાં જ યશપાલે પેલી જૂની રિવૅાલ્વર વડે પોતાનો બચાવ કર્યો, પણ એમાંની છયે ગોળીઓ પૂરી થતાં પકડાઈ ગયા.

જેલમાં એમની સાથે ઘણો ઉમદા વ્યવહાર રાખવામાં આવ્યો, પણ એ તો એમની પાસેથી બાતમી મેળવવાની યોજના હતી. પણ યશપાલે મચક ન આપતાં એમની સામે કેસ શરૂ થયો. ઓળખ પૅરેડમાં તેઓ કાનપુરની ઘટનાના આરોપમાંથી તો છૂટી જ ગયા હતા. એમને ફતેહગઢ જેલમાં ખસેડવામાં આવ્યા ત્યારે ત્યાં ઘણા જૂના સાથી અને અપરિચિત ક્રાંતિકારીઓનો મેળાપ થએલો. જેલમાં એમને પોતાની ગિરફતારી પછી પ્રકાશવતીએ દળનું કામ સંભાળી લીધાની જાણ થઈ હતી.

ઈ. ૧૯૩૫-'૩૬માં યશપાલને બરેલીની જેલમાં રાખ્યા હતા. ત્યાં એમને પ્રકાશવતીનો લગ્નનો પ્રસ્તાવ મળ્યો. જેલ અધિકારીઓની સંમતિ મેળવી તેઓ બંનેએ જેલમાં લગ્ન કર્યાં. જેલમાં લગ્નનો એ બનાવ પહેલો જ હતો. 'સ્ટેટ્સમૅન' અખબારે આ ઘટનાને ચમકાવી હતી. પરિણામે સરકાર જેલના અમલદારો પર નારાજ થઈ હતી.

ઈ. ૧૯૩૭માં પ્રાંતીય સરકારમાં વચગાળાનાં કૉંગ્રેસી પ્રધાનમંડળો રચાયાં ત્યારે પં. ગોવિંદવલ્લભ પંતે યશપાલને છોડાવવા પ્રયત્નો કર્યા, પણ હિંસાને છોડી દેવાની શરતે મુક્તિ મેળવવાની યશપાલે અનિચ્છા દર્શાવી. છેવટે પ્રાંતીય સ્વરાજ આવતાં રફીઅહમદ કિદવાઇએ યશપાલને છોડાવ્યા એટલું જ નહિ જાતે મોટર લઈ એમને પ્રકાશવતી પાસે લઈ ગયા.

જેલમાંથી મુક્તિ પામ્યા બાદ યશપાલના કેટલાક સાથીઓ સામ્યવાદી બની ગયા, પણ યશપાલે કોઈ પણ પક્ષમાં ન ભળતાં, સક્રિય રાજકારણથી અલિપ્ત રહીને સાહિત્ય દ્વારા દેશસેવા કરવા વિચાર્યું. ઈ. ૧૯૩૮માં એમણે 'વિપ્લવ' નામે એક સામયિક ચાલુ કર્યું. બીજા વર્ષે એ હિંદી ઉપરાંત ઉર્દૂમાં પણ પ્રકટ થવા લાગ્યું. એ ઉર્દૂ આવૃત્તિ માટે ભાષાંતર અને લેખનનું કામ એમણે પોતાના જૂના સાથી અને જેલમાંથી પક્ષાઘાતની બીમારી પામીને આવેલા ઈન્દ્રપાલને સોંપીને એમના પરિવારને સહાય આપી હતી. પણ ૧૯૪૧માં સરકારે 'વિપ્લવ'નું પ્રકાશન બંધ કરાવ્યું અને 'વિપ્લવ' બંધ પડતાં ઇન્દ્રપાલ લાહોર ચાલ્યો ગયો. સ્વાતંત્ર્ય આવ્યું ત્યારે દેશના ભાગલા પડતાં એને લાહોરથી દિલ્હી આવતા રહેવું પડ્યું. આથી એને ઊંડો માનસિક આઘાત લાગ્યો અને એ દિલ્હીની ઈસ્પિતાલમાં અવસાન પામ્યો. એના પુત્ર અને પુત્રીને એની પત્ની જગદીશ્વરીએ શાળામાં સીવણ શીખવીને ઉછેર્યાં.

(અનુસંધાન પૃષ્ઠ ૩૧૪ પર)

યશપાલની સાહિત્યરચનાઓ

હિંદી સાહિત્યક્ષેત્રમાં યશપાલની દેણગી ઘણી મોટી છે. 'વિપ્લવ' માસિકના પ્રકાશન ઉપરાંત પોતે સ્થાપેલા 'વિપ્લવ પ્રકાશન' દ્વારા એમણે પોતાની સાહિત્યરચનાઓ પ્રકટ કરી છે. અહીં આપેલી વિષયવાર યાદી પરથી એમના લેખનનો વ્યાપ સમજી શકાશે. જેમ જીવનમાં તેમ સાહિત્યમાં પણ એમનું વલણ ક્રાંતિકારી જ હતું અને માર્કસવાદી હિંદી લેખક તરીકે તેમની નામના હતી.

નવલકથા : દાદા કામરેડ (યશપાલની પહેલી નવલકથા), દેશદ્રોહી, દિવ્યા, મનુષ્ય કે રૂપ, પક્કા કદમ, અમિતા, જૂઠા સચ–બે ભાગ, બારહ ઘંટે, અપ્સરા કા શાપ, ક્યોં ફસે? મેરી તેરી ઉસકી બાત (સાહિત્ય અકાદમી-પુરસ્કૃત) અને જુલેખા.

વાર્તાસંગ્રહો : પિંજરેકી ઉડાન (પ્રથમ સંગ્રહ–ફત્તેહગઢ જેલમાં લખાયેલી વાર્તાઓ), વહ દુનિયા, જ્ઞાનદાન, અભિશપ્ત, તર્કકા તુફાન, ભસ્માવૃત્ત ચિનગારી, ફૂલોંકા કુર્તા, ધર્મયુદ્ધ, ઉત્તરાધિકારી, ચિત્રકા શીર્ષક ('દેવ પુરસ્કાર'થી પુરસ્કૃત), તુમને ક્યો કહા થા મૈં સુંદર હું ?, ઉત્તમાકી માં, ઓ ભૈરવી!, સત્ય બોલનેકી ભૂલ, ખચ્ચર ઔર આદમી અને ભૂખ કે તીન દિન.

યાત્રાવૃત્તાંત : લોહેકી દીવારકે દોનો ઓર, રાહબીતી, સ્વર્ગોદ્યાન: બીનાસાંપ મારીશસ-યાત્રા.

રાજનૈતિક નિબંધ : માર્કસવાદ, રામરાજ્યકી કથા, ગાંધીવાદકી શવપરીક્ષા.

કથાત્મક નિબંધ : દેખા સોચા સમઝા! બીબીજી કહતી હૈ મેરા ચેહરા રોબીલા હૈ।

હાસ્યનિબંધ · ચક્કર કલબ, બાત બાતમેં બાત, ન્યાયકા સંઘર્ષ, જગકા મુજરા. **નાટક :** નશે નશેકી બાત.

અને આ ઉપરાંત, સિંહાવલોક (ત્રણ ભાગ)માં એમણે એમના સમયની ક્રાંતિકારી ચળવળો તથા તેમાં સંકળાએલા તત્કાલીન કેટલાક ક્રાંતિકારીઓનો અચ્છો પરિચય આપવા સાથે એની સાથે જોડાએલા પોતાના જીવન પર સવિગત પ્રકાશ પાડયો છે.

‘મા!...

લેખક
ભગવતીકુમાર શર્મા

વર્ષોભીની સાંજે દિનેશ ઑફિસેથી નીકળી, બજારમાંથી શાક-પાંદડું ખરીદી, બસ પકડી ઘેર પહોંચ્યો ત્યારે તેની નજર હવે મહિનાઓથી રોજિંદા બની ગએલા દશ્ય ઉપર નોંધાઈ. તે બારણામાં સહેજ થોભ્યો ને પછી અવાજ ન થાય તેનો સભાન પ્રયત્ન કરતો ખંડમાં પ્રવેશ્યો. પણ ભદ્રાને અણસાર આવી ગયો. તેણે પાછળ ફરીને એક વાર દિનેશ તરફ જોયું અને પછી તરત મુખ ફેરવી લીધું. દિનેશના મનમાં અણગમાનો આછો ભાવ ઊપસ્યો અને તરત શમી ગયો. કાંઈ બોલ્યા વિના તે એક જૂની ખુરશીમાં બેસી પડયો. તેણે ઇચ્છયું કે ભદ્રા તેના તરફ ધ્યાન આપે, તેને પાણીનો પ્યાલો અને પછી ગરમ ચાનો કપ આપે; પણ પછી પળવારમાં તેણે એ ઇચ્છાને મનમાંથી ભૂંસી નાખી અને ચૂપ-ચાપ ટેબલ ઉપર કશીક તાજી ટપાલ પડી હતી કે નહિ તેની શોધ આદરી. ‘કોઇનો કાગળ નથી.’ એમ અંસ્ફુટ સ્વરે બબડી તેણે ફરી એક વાર ભદ્રા તરફ જોયું, પૂછયું: ‘કેમ છે માને?’

‘છે એમનું એમ.’ ભદ્રાએ આ શબ્દો એની તરફ જોયા વિના જ ઉચ્ચાર્યા. ભદ્રાનો ચહેરો જોવાની-જોયા જ કરવાની દિનેશની ઇચ્છા અણિયાળી બની, પણ ભદ્રા તો જાણે ખોવાઈ જ ગઈ હતી–આજની નહિ, મહિનાઓથી.

‘ડૉકટરને—’

‘હું મળી આવી.’ દિનેશને વાકય પૂરું કરવા દીધા વિના જ ભદ્રાએ ઉત્તર વાળ્યો.

‘શું કહે છે ડૉકટર?’

‘હાલત દિવસે દિવસે બગડતી જાય છે.’ બોલતાં બોલતાં ભદ્રાનો અવાજ સહેજ કંપતો લાગ્યો. હવે શું બોલવું, વાત કઈ રીતે લંબાવવી તે દિનેશને સૂઝયું નહિ. તેણે ખાલીખમ આંખે આમતેમ જોયું. કાંડા પરથી ઘડિયાળ ઉતારી ટેબલ પર મૂકી. દીવાલ પરની સ્વિચ દાબી સીલિંગ ફૅન ચાલુ કર્યો. તરત જ ભદ્રાનો અવાજ સંભળાયો: ‘પંખો રહેવા દો; માને માફક નથી આવતો.’

દિનેશે જોરથી શ્વાસ કાઢયો અને પંખો બંધ કર્યો. એકાએક તેના મનમાં અનેક શબ્દો ઊભરાઈ આવ્યા. તેને ભદ્રા સાથે ઘણી વાતો કરવી હતી—ઑફિસની, બસ સ્ટૅન્ડની, બજારની, શેરીની, મિત્રોની, નવી ફિલ્મની, ફૅશનની, સાડીની, હોટેલમાં જમવાની, મોટા મામાની, નાના કાકાની, પલ્લવીબહેનની, ડૉ. આનન્દની—અને ભદ્રા સિવાય આ ઘરમાં એની વાતો સાંભળે એવું હવે બીજું હતું યે કોણ? મા... એ તો છેલ્લાં બે-અઢી વર્ષથી માંદગીને ખાટલે પડી હતી; દસેક મહિનાથી તો તે જીવન-મરણ વચ્ચેના તંતુ પર ઝૂલતી હતી. મા પ્રત્યે એને લાગણી અખૂટ હતી. નાનપણમાં અને મોટા થયા પછી યે તે એની સાથે અલકમલકની વાતો કર્યા કરતો, મા સમજે ન સમજે તો યે; પણ પછી ભદ્રાના આવતાં સ્થિતિ થોડીક બદલાઈ ગઈ હતી ને તે ઇધરઉધરની વાતો ભદ્રા સાથે કરતો. લાંબી બીમારીએ માને સાવ સૂનમૂન બનાવી દીધી હતી ને એની સાથેનાં લાડ, તોફાન, રિસામણાં એ બધું બહુ દૂરના ભૂતકાળમાં સરી ગયું હતું. હવે તો ઘરમાં માત્ર ભદ્રા હતી જે દિનેશનો આધાર બની ગઈ હતી—તેનાં પ્રેમ, રોષ, અણગમો, મશ્કરી, તિરસ્કાર, અબોલા વગેરે ભેરવવા માટે ભદ્રા એક ખીંટીરૂપ હતી તેને માટે. પણ એ ભદ્રા તો છેલ્લાં અઢી વર્ષથી—

દિનેશથી રહેવાયું નહિ. તેણે બોલવા માંડયું: ‘આજે તો, ભદ્રા, ઑફિસમાં ભારે ગમ્મત થઈ... પેલા કુલકર્ણી સાહેબની જુવાન દીકરી કોક પરણેલા પુરુષ સાથે ભાગી ગયાના સમાચાર આવ્યા એટલે...અને જાણે છે? બસ સ્ટૅન્ડ પર એક આદમીનું ખિસ્સું કપાઈ ગયું; ચોરને મેં પકડી પાડયો...બજારમાં તો શી ગિરદી હતી આજે! તેમાં પાછો કીચડ...’

એકાએક તેને ખયાલ આવ્યો કે તે આટલું બધું બોલી ગયો હતો તો યે ભદ્રાએ ન તો એક હુંકારો પૂર્યો હતો, ન કોઈ વાતનો પ્રશ્ન કર્યો હતો, ન તેની સામે જોયું સરખું હતું. દિનેશના મનમાં ધૂંધવાટ ભડકી ઊઠયો. આ ભદ્રા... શું સમજતી હશે એના મનમાં? હું કયારનો યે બોલી રહ્યો છું કે બકવાદ? તેનાં લમણાંની નસો ધમધમી ઊઠી. તેને લાગ્યું કે તે એક બરાડો પાડી ઊઠશે. પણ પછી અચાનક જ તે સાવ ઠંડો પડી ગયો. તેનો બધો જ ધૂંધવાટ પૂરનાં પાણીની જેમ ઓસરી ગયો. તેણે આપમેળે જ પોતાની અર્થ વિનાની વાત અટકાવીને ભદ્રા તરફ જોયું—જોયા કર્યું. માના પેટ પર એ ગરમ પાણીની કોથળીનો શેક કરી રહી હતી. પછી તેણે કોથળી બાજુ પર મૂકી દીધી અને મોસંબીનો રસ કાઢયો. મહામુશ્કેલીથી માને તે પાયો. પછી માનું માથું અને પગ દાબ્યાં. એને શરીરે રજાઈ સરખી ઓઢાડી. દવાઓ તપાસી લીધી. કયારે કઈ દવા આપવાની હતી તેની ચોકસાઈ કરી. એક કાગળ પરના ચાર્ટમાં કશુંક નોંધ્યું. મા થોડી વારે સળવળી એટલે ચાર્ટ પડતો મૂકી તેના તરફ લાગલું ધ્યાન આપ્યું. ઈશારતથી માએ સમજાવ્યું એટલે ભદ્રાએ દિનેશને સંકેત કરી ખંડ બહાર જવા સૂચવ્યું ને પછી ખાટલા હેઠળથી પૉટ કાઢયું.

થોડી મિનિટો પછી દિનેશ ખંડમાં પાછો આવ્યો ત્યારે ભદ્રા માના હાથ નીચે થર્મોમીટર મૂકી રહી હતી. તે ખાટલા નજીક ગયો ને કશુંક બોલવા જાય છે, ત્યાં ભદ્રાએ ખૂબ મંદ સ્વરે કહ્યું: ‘કાં તો તમે અહીં બેસો ને હું ડૉકટરને મળી આવું, અથવા તમે—’

‘મને અહીં નહિ ફાવે. હું જ ડૉકટરને મળી આવું, શું કહેવાનું છે?’ દિનેશ ઝડપથી બોલી ગયો.

ભદ્રાએ ખૂબ લંબાણથી એને માની સ્થિતિ વિષે વિગતો આપી. દિનેશને લાગ્યું કે તે એમાંનું ભાગ્યે જ થોડુંક યાદ રાખી શકે તેમ હતો. એના કરતાં ભદ્રા ડૉકટર પાસે જાય તે વધારે યોગ્ય હતું; હું તો કશોક ગોટાળો જ કરી બેસીશ, તેણે વિચાર્યું, પણ પછી થયું: માની પાસે અરધો કલાક બેસવું તેને માટે વધારે મુશ્કેલ હતું. મિનિટે મિનિટે માની ઇચ્છાઓ અને આવશ્યકતાઓ પૂરી કરવી—ના, એ તો ભદ્રા જ કરી શકે.

તે બહાર નીકળી ગયો. વાવંટોળની જેમ એના મનમાં ભદ્રા વિષેના વિચારો ઘુમરાતા હતા. માંડ સત્તર-અઢાર વર્ષની ઉંમરે એની સાથે પરણીને એ અહીં આવી હતી. સાવ નાનપણમાં એણે એની મા ગુમાવી હતી અને એનો બાપ ઘર છોડીને કયાંક ચાલ્યો ગયો હતો તે કદી પાછો ફર્યો નહોતો. કાકા-કાકીએ ફરજ સમજીને એને ઉછેરી હતી ને વહેલામાં વહેલી તકે એને પરણાવી દીધી હતી-દિનેશ સાથે. આજે એ વાતને વીસ વરસ થવા આવ્યાં હતાં. ભદ્રા સાડત્રીસ વર્ષની પ્રૌઢ ગૃહિણી બની હતી. આ વીસ વરસથી તે આ ઘરમાં જાણે બરફની જેમ ઓગળી ગઈ હતી, ઘરની માટીના કણકણમાં ભળી ગઈ હતી. પેટે બાળક નહોતું, પણ એની કોઈ લાગણી કયારે ય એણે હોઠો પર કે આંખોમાં છલકાવી નહોતી. એ તો એની ઝીણી ઝીણી સગવડો સાચવવામાં, ઘરનું નાનુંમોટું કામ કરવામાં અને સૌથી વધારે તો માની સારવાર... એણે કયારે ય કહ્યું નહોતું કે એણે નાનપણમાં ગુમાવેલી એની મા, જેનો ચહેરો યે યાદ નહોતો, તે એને યાદ આવતી હતી કે એનો અભાવ વેરાન રણની જેમ એના અંતરમાં ફેલાઈ ગયો હતો. દિનેશની મામાં એ પોતાની માને પામી હતી એમ પણ એણે કયારે ય કહ્યું નહોતું. પહેલાં પહેલાં તો તે મા સાથે ઝગડી યે પડતી. મા પણ એને વિષે વારંવાર કચકચ કરતી: ‘જો

ને દિનુ, ભદ્રા આવડી મોટી થઈ તો યે સરખી રોટલી કરતાં એને નથી આવડતું' વગેરે...

પણ માની દેવસેવાની ઓરડીની લીપેલી ગારની એકસરખી ઓકળી, વાડામાંથી તાજાં ચૂંટેલાં ફૂલની વ્યવસ્થિત ઢગલી, ઓરસિયા પર સુખડ ઘસીને ઉતારેલા ચંદનની ભરેલી વાટકી, માની ભસ્મની અને છીંકણીની અલગ અલગ ડાબલીઓ, એનાં ચશ્માંની સ્વચ્છતા અને સલામતી, એનાં ભાગવત અને રામાયણ પર ચડાવાએલાં પૂઠાં, માના બે સાડલાઓની પારિજાત જેવી સફેદી, માના માથાના ધોળા વાળમાં જૂ પડે કે ખોડો થાય તો વીણી વીણીને તે દૂર કરવાં, માને અનુકૂળ આવતી તુલસીનાં પાન નાખેલી ચા બનાવી આપવી, હાથ પકડીને માને મંદિરે લઈ જવી, માની જૂના જમાનાની લાંબી–અનેક વાર કહેવાઈ ચૂકેલી વાતો ધીરજ અને રસથી સાંભળવી, દેવદેરીઓમાંની માની શ્રદ્ધાની પોતે ઠેકડી ઉડાવે તો માનો પક્ષ લેવો–આ બધાંમાં ભદ્રા જાણે ભદ્રા રહી નહોતી; બની ગઈ હતી માનો પડછાયો.

મા બીમાર પડી ત્યારથી તો-દિનેશે પ્રબળપણે અનુભવ્યું કે ભદ્રા તેનાથી સાવ ઉતરડાઈ જઈ મામાં સમાઈ ગઈ હતી—એની ત્વચા બની ગઈ હતી. ડૉક્ટર, દવા, ઇન્જેક્શન, ચાર્ટ, શેક, બરફ, દૂધ, મોસંબી, કાંજી, થર્મોમીટર, પૉટ, ટબ, સિરિંજ, એનિમા, ગરમ પાણી, સ્પંજિંગ...જાણે ભદ્રાનો આખો આકાર બદલાઈ ગયો હતો. એના કાળાભમ્મર વાળમાં સફેદાઈ આવતી જતી હતી. કમ્મરેથી એ થોડીક ઝૂકી ગઈ હતી. એની ચામડીની સ્નિગ્ધતા સાવ ફટકી ગઈ હતી. એની આંખોની નીચે કૂંડાળાં અને કરચલી પડયાં હતાં. એની હડપચી આગળ નીકળી આવી હતી અને એના દાંત જાણે ઓછા થઈ ગયા હતા. એનાં કપડાંનાં રંગ અને ભભક ઝંખવાઈ ગયાં હતાં અને એના હાથમાંની બંગડીઓનો રણકાર ઓઝપાઈ ગયો હતો. ક્યારેક એ દેવપૂજાની ઓરડીનાં બારણાં બંધ કરી અંદર ખાસ્સો સમય સુધી બેસી રહેતી હતી. કોઈક વાર એના હાથમાં તુલસીની માળા ફરતી નજરે પડતી.

ભદ્રા દિનેશને ઉત્તરોત્તર અપરિચિત લાગતી જતી હતી. એને એકાંતમાં સ્પર્શ કર્યે, નજીક ખેંચી બાથમાં સમાવ્યે તો મહિનાઓ વીતી ગયા હતા. કેટલાયે વખતથી તે માના ખાટલા પાસે નાનકડી પથારી પાથરીને સૂઈ રહેતી હતી. દિનેશ એને પોતાના ઓરડામાં આવવાનું ડર ને સંકોચપૂર્વક કહેતો ત્યારે ભદ્રા ધીમા પણ મક્કમ અવાજે તેને નકારી કાઢતી અથવા અડાબીડ મૌન જાળવી એક એવી ઠપકાભરી દૃષ્ટિ એની તરફ કરતી કે તે આગ્રહ કરવાની રહીસહી હિંમત ગુમાવી ચૂપ થઈ જતો. બંનેને સાથે ફિલ્મ જોવા ગયે તો કેટલો બધો સમય થઈ ગયો હતો! બાકી પહેલાં તો તે એકે ય સારું ચિત્ર ન છોડતી. 'માને એકલાં મૂકીને જવાય જ કેમ?' પિયેરમાં કાકાના નાના દીકરાનાં લગ્ન લેવાયાં હતાં ને કાકાનો ખૂબ આગ્રહ હતો તો યે ભદ્રા 'મા બીમાર છે એટલે...' એની ખાસ બહેનપણી વાસંતીના પહેલા બાળકના પહેલા જન્મદિવસની પાર્ટીમાં યે એ ક્યાં ગઈ હતી?—વિસાત તો અરધા કલાકની જ હતી. પણ એણે દિનેશ સાથે ભેટ મોકલી આપી હતી.

આખરે દિનેશ છેલ્લે છેલ્લે જે તીવ્રતાથી ઇચ્છતો હતો તે બન્યું: મા મૃત્યુ પામી. બે વરસની અવિરામ માંદગીમાંથી એ મુક્ત થઈ. હાડકાંનું માળખું બની ગએલી માનો જીવતર સાથેનો છેલ્લો પાતળો તંતુ તૂટી ગયો. દિનેશે રાહતનો ઊંડો શ્વાસ ખેંચ્યો. તેના મન પરથી હિમાલય જેવડો બોજો હટી ગયો. જિંદગી જે બે વર્ષથી સ્થગિત, મૃતઃપ્રાય, એકધારી, નીરસ, ભારે સલ્લ બની ગઈ હતી તે હવે કંઈક પાંખો ફફડાવશે એવો વિચાર આવેગપૂર્વક અને હળવાશ પ્રેરતો એના મનમાં ફેલાઈ ગયો. એણે એને નિરાંતે ફેલાવા દીધો. એની આંખોમાંથી આંસુનું એક બિંદુ પણ ન સર્યું. સહજ ભાવે એણે માની નનામી કાંધે ચડાવી સ્મશાનની વાટ પકડી. થોડા સ્વજનો એને આશ્વાસન આપતા રહ્યા અને એ નીલા ખુલ્લા આકાશ ભણી જોતો રહ્યો. માના મુઠ્ઠીભર દેહને એણે કાગળના પતંગની જેમ ચિતા ઉપર ચડાવ્યો અને જાણે કે લાઈટર વડે સિગારેટ સળગાવતો હોય તેમ તેણે આગ ચાંપી. તે અનિમેષ નજરે ચિતામાંથી ઊઠતા કેસરી, સિન્દૂરી ભડકાઓ તરફ જોઈ રહ્યો. તેને થયું બધું જ હવે થોડીક વારમાં રાખ થઈ જશે–વિલીન થઈ જશે: દેવપૂજાની ઓરડી, તુલસીની માળા, તાજાં ચૂંટેલાં ફૂલની ઢગલી, ભસ્મની ડાબલી, ભાગવત અને રામાયણનાં જાડાં થોથાં, જૂનાં ચશ્માં-બધું જ.

રાત પડતાં પડતાં તો તે સ્મશાનેથી ઘેર આવી ગયો. સંબંધીઓ બધાં ધીમેધીમે તૂટેલી માળાના મણકાઓની જેમ વેરાઈ–વિખરાઈ ગયાં. તે ઊઠીને ભદ્રા પાસે ગયો. સફેદ સાડલો વીંટાળી ભદ્રા એક ખૂણામાં ટૂંટિયું વાળીને બેઠી હતી-જાણે વર્તાતી જ નહોતી. થોડી ક્ષણ તે એની પાસે ઊભો રહ્યો, પછી બેસી ગયો. એને ખભે હાથ મૂકી બોલ્યો: 'ભદ્રા!'

અને વાવાઝોડાના પ્રહારથી છત પરથી તૂટી પડતા ફાનસની જેમ ભદ્રા એના ખોળામાં ફસડાઈ પડી, ધ્રુસકે ધ્રુસકાં ભરતી ચિત્કારી ઊઠી: 'ઓ મા...!' દિનેશ ક્ષુબ્ધ થઈ ગયો. 'મને સખ્ત ભૂખ લાગી છે ભદ્રા,

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૮૧

આર્તવ-દોષ

તેરથી પંદર વર્ષની વય વચ્ચે બહેનોની આર્તવ પ્રવૃત્તિ શરૂ થઈ ૪૫ થી ૫૫ વર્ષની વય સુધી, એટલે કે આર્તવનિવૃત્તિ આવે ત્યાં સુધી ચાલુ રહે છે. વેદના કે બળતરા વગર સપ્રમાણ, લાલચટક, કપડાને ડાઘા પાડયા વગર, ત્રણથી પાંચ દિવસ આર્તવ આવે તે નિરોગીતાની નિશાની છે. આનાથી વિપરીત સ્થિતિ, એટલે કે અનિયમિત, આછું કે વધારે પડતું, બળતરા કે વેદના સાથે, કાળાશ પડતું, ફીણવાળું, ગંઠાએલું, વાસ મારતું ને કપડાને ડાઘા પાડે એવું માસિક આવવું એ 'આર્તવ-દોષ' છે.

આયુર્વેદની દૃષ્ટિએ આર્તવ ચક્રને નિયમિત, પ્રમાણસર અને યોગ્ય રીતે ચલાવવામાં અપાનવાયુ કામ કરે છે. પ્રજનન-અંગોમાં રહેલો આ વાયુ બગડે તો ઉપર બતાવ્યા પ્રમાણેના આર્તવદોષ જોવા મળે છે. આમાં મોટા ભાગનાં લક્ષણો વાયુજનિત હોય છે. જ્યારે આર્તવની વધુ પડતી પ્રવૃત્તિમાં પિત્તની મદદ મળે છે.

આથી બહેનોએ કબજિયાત ન થવા દેવી. હરડે કે દીવેલથી પેટ સાફ લાવવું. કુમારી આસવ મોટી ચમચી (ટેબલ સ્પૂન)ના પ્રમાણમાં દિવસમાં ત્રણ વાર લેવો. કન્યા લોહાદિવટી, રજઃપ્રવર્તિની વટી અને લઘુ યોગરાજ ગૂગળમાંથી ગમે તે એકની બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે લેવી. રોજ રાત્રે દીવેલનું પોતું યોનિમાં મૂકવું. ટાઢો, વાસી ને વાયડો આહાર ન લેવો.

માસિક વધુ આવતું હોય તો અશોકારિષ્ટ મોટી ચમચી બેથી ચાર વાર લેવું. ચંદ્રપ્રભાવટી, ચંદનાદિવટી, ચંદ્રકલા રસ, બોલ પર્પટી વગેરેનું સેવન હિતકર છે. બાબાજરિયાના ભૂકાને ગોળમાં મેળવી અરીઠા જેવડી ગોળી કરી ત્રણ વાર પાણી સાથે ગળવી. તીખા, ખાટા, ગરમ ને ઉત્તેજક આહાર બંધ કરવા.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

ઝટ કશુંક ખાવાનું આપ' એ શબ્દો ભદ્રાના રુદનપૂરની આડે એના મુખમાંથી જ છટકાઈ ગયા...

ફરી એક વર્ષાભીની સાંજ. દિનેશ ઑફિસેથી નીકળી, બજારમાંથી શાક-પાંદડું લઈ, બસ પકડી ઘેર પહોંચ્યો. ધીમે ધીમે તે ઉંબરા પાસે આવ્યો ને તેણે ઓરડામાં નજર ફેલાવી. સાંજના ધૂસર, મ્લાન પ્રકાશમાં ઓરડો તેની આંખોમાં મંદ ગતિથી અંજાયો. સામે જ ખાટલો હતો. પાસે ટીપૉય. ખાટલામાં કોઈક સૂતું હતું. દિનેશે દૃષ્ટિની વાટને સહેજ સંકોરી: ભદ્રા! ખાટલામાં લંબાઈ, તકિયે અઢેલી, હાથમાં કશુંક વજનદાર પુસ્તક રાખી ભદ્રા તે વાંચતી હતી. એની આંખે ચશ્માં ચડયાં હતાં. પાસે તુલસીની માળા પડી હતી. અંગે સૂતરનો સફેદ સાડલો. વાળ કોરા, વિખરાએલા, ધોળાશ પડતા. સાડલાનો પાલવ અરધા માથાને ઢાંકતો. હાથને કાંડે નહિવત્ બંગડીઓ. ડોક લગભગ અડવી. કપાળમાં ચાંદલો હતો કે નહિ? બ્લાઉઝની લાંબી—કોણી સુધી પહોંચતી હતી. પુસ્તક પકડેલો એક હાથ આછું આછું ધ્રૂજતો નહોતો?

દિનેશ ઉંબરમાં થીજી ગયો. એની આંખોમાં આકૃતિઓ અવળસવળ થયે ગઈ. સ્વહસ્તે બાંધેલી નનામીની દોરીના વળ આપોઆપ ઊકલી જતા હતા કે શું? ચિતાના ભડકાઓ એકાએક શમી શાથી ગયા? દેવપૂજાની ઓરડી, ફૂલની ઢગલી, તુલસીની માળા, ભાગવત–રામાયણનાં થોથાં, જૂનાં ચશ્માં, બધું—બધું જ આમ—

એના હોઠ ઉપર એક શબ્દ, એક ઉદ્ગાર, એક સંબોધને પણછ તાણી : 'મા...!' □

અનુસંધાન] યશપાલ [પૃષ્ઠ ૩૧૧થી

દેશ સ્વતંત્ર થયો અને યશપાલ તથા એમના સાથીઓનું સ્વપ્ન પૂરું થયું. જોકે યશપાલ આ આઝાદીનો યશ કૉંગ્રેસને આપતા નહોતા. એમનું માનવું હતું કે અંગ્રેજોએ ભારત છોડવું પડયું એ દાંડીકૂચથી આરંભાએલી ચળવળોથી નહિ, પણ નેતાજી સુભાષચંદ્ર બોઝના 'ઇંડિયન નૅશનલ આર્મી' અને મુંબાઈની નૌસેના તથા ક્રાંતિકારીઓના વિદ્રોહથી જ છોડવું પડેલું. આ પછી ૧૯૪૯માં સામ્યવાદીઓની ગિરફતારીઓમાં યશપાલ પણ ઝડપાઈ ગએલા, પરંતુ પછી એમાંથી એમને મુક્તિ મળેલી. ઈ. ૧૯૫૪માં તેઓ ચેકોસ્લોવાકિયાની લેખક કૉંગ્રેસમાં ગએલા ત્યારે ઈટાલી, રૂમાનિયા, મોરેવિયા અને બોહેમિયાની મુલાકાત પણ લીધેલી. 'સોવિયેત લૅન્ડ'નું નેહરુ પારિતોષિક એમને મળેલું. ઈ. ૧૯૭૦માં ભારત સરકારે 'પદ્મભૂષણ' બનાવ્યા. 'મંગલાપ્રસાદ ઍવૉર્ડ' પણ એમને અપાયેલો, અને 'ડી. લિટ્.'ની માનદ્ પદવી તથા 'સાહિત્ય વાચસ્પતિ'ના અભિધાનથી પણ એમનું બહુમાન થયું હતું.

પોતાની ક્રાંતિકારી ચળવળોમાં એમણે કદી પીછેહઠ ન કરતાં જે પુરુષાર્થ અને ખંતથી એનાં દળને સજીવ રાખેલાં એ જ પુરુષાર્થ અને ખંતથી લેખન અપનાવ્યા પછી સંખ્યાબંધ પુસ્તકો દ્વારા એમણે હિંદી સાહિત્યને સમૃદ્ધ બનાવી દીધું. એમની વિચારસરણી માર્ક્સવાદી હતી. ગયે વર્ષે ૮મી સપ્ટેમ્બરે એમના પર હૃદયરોગનો હુમલો થયો. તુરત લખનૌની ઇસ્પિતાલમાં એમને દાખલ કરેલા, પણ ત્યાં જ ૨૬મી ડિસેમ્બરે એમનું અવસાન થયું અને ક્રાંતિકારી વિચારોથી સતત ઝળહળતી એક અનોખી ચિનગારી વિલાઈ ગઈ. □

અનુસંધાન] વિનોદ જાની [પૃષ્ઠ ૩૨૧થી

અમતો એવો મારો એક કૉલમિસ્ટ મિત્ર ઑડિયન્સમાં બેઠેલો. તેના પર દૃષ્ટિ પડી એટલે જાનીએ પોતાનું આખું ય વક્તવ્ય પેલા મિત્ર પર જ આપ્યું : 'આ પ્રકારના કટાર લેખકોને પ્રજા રસ્તા પર ઊભા રાખીને ફટકારતી કેમ નથી?'—એવું રોષપૂર્વક કહ્યું.

તેના સુષુપ્ત મનમાં પરપીડનવૃત્તિ પડેલી છે. સામેની વ્યક્તિના ઇમ્પૉર્ટન્સને તીતરભીતર કરી નાખવાની સભાન મનોવૃત્તિથી તે ય પીડાય છે. પણ આમાંનું કશું તેના ધ્યાન બહાર નથી. નાટ્યકાર તરીકે પોતે ક્યાં ઊભો છે એની ય તેને પાકી ખબર છે. નાટક એ મોટું તપ છે. આ તપ કરવું પોતાને માટે ઘણું દુષ્કર છે એ ય તે જાણે છે. પણ તે ક્ષણમાં જીવવાવાળો આત્મા છે, એટલે આજે જે નામ છે તેને વટાવવામાં, નામ સામે પૈસા જોખી લેવામાં તે વધારે રસ ધરાવે છે. આવતી ક્ષણની તેને ફિકર નથી; ને એટલે જ તો કવિ નાનાલાલ માર્ગે કે ધૂમકેતુ માર્ગનાં પાટિયાં વાંચવામાં તેને મઝા નથી આવતી. પોતાનાં નાટકો વિષે પણ તે બહુ ઊંચો મત નથી ધરાવતો.

એક વાર જ્યોતીન્દ્ર સાથે અમે બેઠેલા. જ્યોતીન્દ્રે જાનીને કહ્યું : 'તમારું નાટક "પ્રીત, પિયુ ને પાનેતર" જોવા હું ખાસ ગએલો—તે આટલું બધું કેમ ચાલે છે એ જાણવા, જોયું, પણ મને તો 'જોક્સ'ના ઢગલા સિવાય તેમાં બીજું કશું જ લાગ્યું નહિ. લોકો પેટ પકડીને હસતા જોઇને મને આશ્ચર્ય થયું.'

'મને ય એનું ભારોભાર આશ્ચર્ય છે જ.' જાનીએ કહ્યું : 'અને એટલે જ નાટકના દરેક શોની શરૂઆતમાં જાહેરાત કરું છું કે નાટકમાંથી એવું કશું જડી જાય તો મને કહેજો, તમારો આભાર માનીશ.'

આ વિનોદને તમે ગમે તે રીતે ઓળખો, પણ 'પ્રીત, પિયુ ને પાનેતર'-ના લેખક તરીકે ના ઓળખશો; કેમકે એ કોઈ બીજો જ વિનોદ છે—મારા મતે.


[આવતા અંકે 'ચંદ્રકાન્ત બક્ષી']

શતરંજના કોયડા

સુરેશ મોદી

આ વખતે Fairy Chess કોયડામાં આવતી એક નવી શરત જોઇએ. જેમ Helpmate કોયડામાં કાળો પહેલાં ચાલે છે અને સફેદને કાળા રાજાને મ્હાત કરવામાં મદદ કરે છે, તેમ Help Stalemateમાં કાળો પહેલાં ચાલે છે અને સફેદ કાળા રાજાને Stalemate કરવામાં મદદ કરે છે. વળી, જેમ Series Helpmateમાં કાળો એક સાથે જણાવેલી ચાલ ચાલે છે અને પછી જ સફેદની ચાલ આવે છે તેમ Series Helpmateમાં પણ કાળો એક સાથે જણાવેલી ચાલ ચાલે છે. આથી

Albert H. Kniest




Series Help-stalemate in elevan


આ કોયડાની શરત 'Series Help-stalemate in eleven'નો અર્થ એ કે કાળો પહેલાં એક સાથે ૧૧ ચાલ ચાલે છે અને એવી સ્થિતિ લાવે છે કે તે પછી એક જ ચાલમાં સફેદ કાળા રાજાને Stalemate કરે છે. કાળા ને સફેદના હેતુ એક જ હોવાથી અહીં વિકલ્પ નથી.

ઉકેલ : 1 Kc7, 2 Pd5, 3 Pd4, 4 Pd3, 5 Pd2, 6 Pd1 (=Q), 7 Qd5, 8 Qb7, 9 Kb8, 10 Ka8, 11 Qf7, કાળાની આ અગિયાર ચાલ પછી હવે સફેદ Stalemate કરવા રમે છે : 1..., R×f7.

આપે જોયું હશે કે આ કોયડાની મૂળ સ્થિતિમાં સફેદ રાજા નથી Fairy કોયડામાં તેના વિના ચાલે છે.

પર્વતારોહણમાં સૌથી વધુ મુશ્કેલ, અને તેમાં યે પૂર્વ તરફના કઠિનતમ માર્ગેથી આરોહણ કરીને દુનિયાના ત્રીજા નંબરના અને ભારતના સર્વોચ્ચ પર્વતશિખર પર ભારતીય જવાનોએ કરેલું અપૂર્વ આરોહણ.





△ કમર સુધી ખૂંપી જવાય એવા પોચા બરફમાં થઈને દોરડાના આધારે કપરો ઢાળ ચડી રહેલા એક આરોહક ને કાંચનજંઘા પર ફરકતો વિજયધ્વજ

કાંચનજંઘા પર વિજય

દુનિયાનું ઊંચામાં ઊંચું પર્વતશિખર એવરેસ્ટ. અગિયારમે આરોહણે ઈ. ૧૯૫૩માં એ જીતી શકાયું. તે પછીનું સર્વોચ્ચ શિખર પણ હિમાલયનું જ, 'કે-૨' (ગૉડવિન-ઑસ્ટિન). ઈ. ૧૯૫૪માં એ પણ જિતાયું. પણ દુનિયાના ત્રીજા નંબરનું—અને ભારતમાં સૌથી ઊંચું કાંચનજંઘાનું આરોહણ તો કઠિનતમ ગણાતું હતું. વિશ્વવિખ્યાત પર્વતારોહક સ્માઈથ પણ માનતા હતા કે '...એવરેસ્ટ સર થશે, પણ કાંચનજંઘા હરગીઝ સર નહિ થાય; કારણ એની આસપાસ અનેક હિમરાજો અવરોધ રૂપે ખડા છે. એના શિખરે પહોંચવા વચ્ચે પાંચ શિખરો નડે છે અને એ પાંચેની વચ્ચેના ગાળામાં હિમઘોષનાં તોફાનો, હિમપ્રપાતો, હિમવર્ષા, વાવાઝોડાં, ચાલતા-સરતા હિમપ્રવાહો અને અચાનક ધસી પડતી હિમભેખડો અને એથી હવામાનમાં થતી અનેક પ્રકારની ઊલટાસૂલટી અસરો, વીજળી, વરસાદ ને વાદળોનાં તાંડવો વગેરે જેવા દૈવી અવરોધોથી રક્ષાએલું એ શિખર મનુષ્યના બધા જ પ્રયાસો વિફળ કરી દે છે.'

એવરેસ્ટ ઊંચાઈમાં ભલે વધારે, પણ સૌંદર્યમાં–ભવ્યતામાં કાંચનજંઘા ચડિયાતું છે. એની સૌંદર્યછટા પૃથ્વીભરમાં શ્રેષ્ઠ ગણાઈ છે. આસપાસના બધા પ્રદેશોમાં એ પૂજાય છે. સિક્કિમના રાજા એને દર સાલ અર્ઘ્ય આપવા પૂજા-મહોત્સવ ઊજવે છે. એના કર્મકાંડ અર્થે છેક લ્હાસાથી લામાઓ આવતા હતા. સમગ્ર હિમાલયમાં કાંચનજંઘાની ગિરિમાળા એના ભવ્ય સૌંદર્ય અને આસપાસના પ્રદેશો પર પ્રભાવ પાડે તેવા આગવા હવામાનને કારણે અદ્વિતીય છે. આસપાસના માઈલો સુધીના વિસ્તારમાંનાં સંખ્યાબંધ ઉત્તુંગ શિખરો અને ઊંડી ખીણોની વચ્ચે એ ગિરિરાજ સમો શોભે છે.

એવરેસ્ટથી અગ્નિ દિશાએ, નેપાલની સરહદ નજીક, સિક્કિમની હદમાં આવેલા આ ભવ્યસુંદર શિખરને તિબેટવાસીઓએ કાંચનજંઘા નામ આપ્યું છે. એનો અર્થ છે પાંચ મહાન હિમભંડારો. લેપ્ચાઓ એને 'કૉંગલો-ચુ' એટલે કે સર્વોચ્ચ હિમ-આકાશ કહે છે. મનુષ્ય-પ્રયત્નો સામે અડીખમ અજેય એ કાંચનજંઘા પર ગયા મે માસની ૩૦મી તારીખે ભારતીય સૈન્યના સાહસખેડૂ પર્વતારોહકોએ વિજય મેળવ્યો છે.

લેફ. કર્નલ નરેન્દ્રકુમારના નેતૃત્વમાં ભારતીય સૈન્યની એક પર્વતારોહક ટુકડી મોટી તૈયારીઓ કરી ૧૦મી માર્ચે ગંગટોક ને ત્યાંથી ૧૨મી માર્ચે કાંચનજંઘા તરફના માર્ગને છેડે લાચેન પહોંચી ત્યારે ત્યાંથી ચારેક દિવસની પગપાળા સફર બાદ આવતા સ્થાને એમના સાહસની મુખ્ય છાવણીએ એમનો માલ-અસબાબ પહોંચાડવા ૧૪૦૦ જેટલા મજૂરોની જરૂર હતી. પણ આગળ આવતી ઝેમુ ખીણમાં અત્યંત બરફ જામી પડવાને કારણે માત્ર ૧૫૦ મજૂરો જ એમની સાથે જવા તૈયાર થયા, અને તેમાંયે ૨૫ તો છોકરીઓ હતી. પણ વિમાન તથા હવાઈછત્રી દ્વારા માલસામાન પહોંચાડવાનો પ્રશ્ન ઉકેલ્યો. અને ૨૦મી માર્ચે ૪૯૩૫ મીટરની ઊંચાઈએ અગ્રિમ પાયાની–પહેલી–છાવણી સ્થાપવામાં આવી.

પહેલા નંબરની છાવણી પછીનો માર્ગ સીધાં ચઢાણવાળી બરફની સંખ્યાબંધ ટેકરીઓ પરથી જતો હોઈ એક મોટા પડકાર રૂપ હતો. સરળતા માટે તેઓ હજારો રૂપિયાની કિંમતના માઈલો લાંબા દોરડાને માર્ગમાં ખીલા ઠોકી બાંધતા જતા હતા. આમ છતાં યે સીધા ઢાળ પરથી લપસી પડતા ઘણા માણસોને, ઉગારી ન લેવાય ત્યાં સુધી લટકાઈ રહેવું પડતું હતું. આવા જ એક અકસ્માતમાં ૧૨મી એપ્રિલે આરોહક હવાલદાર સુખવિન્દર સિંઘ*ની ગરદન ભાંગી જતાં એનું અવસાન થયું. એ એક મોટો આઘાત હતો. સામાન્યતઃ તો આવા જીવલેણ અકસ્માતમાં એ સ્થળે જ એની અંતિમક્રિયા કરવામાં આવે છે, પણ આપણા આરોહકોએ દેહને નીચે પહોંચાડી યોગ્ય માન સાથે સુખવિન્દર સિંઘને અંતિમ વિદાય આપવા નિર્ણય લીધો. એ કામ કંઈ સરળ નહોતું. વાયરલેસ દ્વારા સંદેશ મોકલીને તળ છાવણી પરથી કેટલાક મજૂરોને બોલાવવામાં આવ્યા. એમને વચ્ચે ભારે હિમવર્ષાને કારણે અગ્રિમ છાવણીમાં રોકાઈ રહેવું પડયું ને છેક ચોથા દિવસે સુખવિંદરસિંઘની અંતિમક્રિયા થઈ શકી.

પણ આ જીવલેણ અકસ્માતથી આરોહકોમાં ગમગીની વ્યાપી ગઈ. આરોહણનો ખરો મુશ્કેલ ભાગ તો હજી બાકી જ હતો. સમય વીતી રહ્યો હતો ને માથે વરસાદનો ભય તોળાઈ રહ્યો હતો. મબલખ ખર્ચ ને મોટી તૈયારી કરીને ઉપાડેલા આ સાહસમાં પોતાના જે એક સાથીનો જીવ ગયો એના માનમાં પણ સૌએ આ આરોહણ પૂરું કરવા નિશ્ચય કર્યો.


કાર્યક્રમ પ્રમાણે હવે પુષ્કરચંદે આગળ જઈને દોરડું ખોડી માર્ગ તૈયાર કરવાનો હતો, પણ એની તબિયત એ માટે બરાબર નહોતી. બીજા આરોહક ગુરચરણસિંઘને પણ પીઠમાં સખત કળતર ઊપડી હતી. પણ મેજર પ્રેમચંદે હિંમત કરી ઉપર જવા તૈયારી બતાવી. એની સાથે શેરપા આંચોક અને દોરજી પણ ગયા. એમાં પણ થોડા સમય પછી અતિ ઊંચાઈ-

* હવાલદાર સુખવિન્દર સિંઘનાં વિધવા રાજીન્દર કૌરને જૂથ વીમા યોજનાની એક લાખ રૂપિયાની રકમ અપાઈ છે. આરોહક ટુકડીના બધા સભ્યોનો આ રીતે વીમો ઉતારેલો હતો.



△ દાર્જિલિંગ આગળથી દેખાતાં કાંચનજંઘા અને આસપાસનાં ઉત્તુંગ શિખરો (ફોટો: મિ. સેન)

એ થતી અસ્વસ્થતાને કારણે દોરજી અટકી પડયો અને પ્રેમચંદ તથા આંગ્યાક એને પાછળ રાખી ધીરેધીરે આગળ વધ્યા.





પહેલી અને બીજી છાવણી વચ્ચેનો અર્ધોએક કિ. મી. જેટલો ભાગ લગભગ સપાટ હતો ને ત્યાંથી આગળ ઊંચે જ્યાંથી વારંવાર હિમપ્રપાત થયા કરતા તેવી એક તીણી પર્વતધાર પર થઈને જવાનું હતું. સદ્‌ભાગ્યે પડતા બરફનાં એ જંગી ગચિયાં ઢાળને લીધે નીચે ગબડી જતાં એટલે એમના માર્ગમાં અવરોધ નડતો નહિ. આ પછી ઈ. ૧૯૩૧માં જર્મન આરોહકોએ જેને 'ઈગલ્સ નેસ્ટ' (ગરુડનો માળો) એવું નામ આપેલું એ ખડકાળ ભાગ આવતો હતો. અહીંથી એ જર્મન આરોહકોની ત્રણ ક્રૅમ્પોન્સ (આરોહણ વખતે બૂટ સાથે બાંધવાના લોખંડી ખીલાવાળાં સાધન) પણ આ આરોહકોને મળી આવી. બરફીલા ખડકો વચ્ચે અનેક ફાટો તેમને વળોટવી પડી. અંતે એક હિમપ્રવાહ પર તોળાઈ રહેલા નાના ખડક ઉપર બે નંબરની છાવણી નખાઈ. બે નાનકડા તંબૂ ખોડાય એટલી જ એ જગ્યા પર પ્રાતઃકર્મના વિધિ પણ આરોહકોએ દોરડે લટકીને જ પતાવવા પડયા હતા!

અહીંથી આગળ એક ઊંડી ફાટ પર થઈને જે પર્વતધાર પર પહોંચ્યા તેની બંને તરફ પણ ઊંડી ખાઈઓ હતી, ને એ સાંકડા માર્ગ પર મોખરાના આરોહકોને ક્યાંક ક્યાંક તો ચાર પગે આગળ વધવું પડતું હતું. પણ અંતે ચાર દિવસની મહેનત પછી મેજર પ્રેમચંદે એ માર્ગ પર દોરડું લગાડી દીધું. આ પછીનું કાર્ય કૅપ્ટન કુમારના ભાગે હતું; અને બે દિવસ પછી–૩૦મી એપ્રિલે–એમણે ૬૩૦૦ મીટરની ઊંચાઈએ ત્રીજી છાવણી નાખી. આ પછીથી ચોથી છાવણી સુધીનું આરોહણ હતું તો માત્ર ૩૦૦ મીટરના ચઢાણવાળું જ, પણ પર્વતની ટોચની ધાર પરનું એ ચઢાણ અત્યંત કઠિન હતું. વચ્ચે નડતા બરફના મિનારા તોડી તોડીને તેમણે ઠેકઠેકાણે દોરડું બાંધવા ખીલા ઠોકવા પડતા હતા. કૅપ્ટન કુમાર સાથેના શેરપા નોરબુ અને કુરાશામે એ આખા રસ્તે બે દિવસ સુધી ખીલા ઠોકયા કર્યા. એક જગ્યાએ તો આગળ વધવાનો અન્ય કોઈ ઉપાય ન જણાતાં એમણે બરફના થરમાં ચારેક મીટર લાંબો બુગદો કોરીને માર્ગ કરેલો. એ સાંકડા બુગદામાંથી તેઓ વાંકા વળી હાથેપગે ચાલી પસાર થએલા ને પછી સાથેનો સાજસરંજામ દોરી બાંધી ખેંચી લીધેલો.

હવે પછી મેજર પુષ્કરચંદ, હવાલદાર ગુરચરનસિંઘ અને હવાલદાર નિર્મલસિંઘે કામ ઉપાડયું. પણ ખરાબ હવામાનને કારણે બહુ આગળ વધી શકાયું નહિ. પુષ્કરચંદ તો તબિયત બગડતાં ત્રીજી છાવણી પરથી જ પાછા ફર્યા. નાયક એન. ડી. શર્મા સાથે પ્રેમચંદે ફરી જવાબદારી ઉપાડી. ગુરચરન અને નિર્મલસિંઘ પણ સહાયમાં રહ્યા.

આ પર્વતધાર પરનો છેલ્લો બરફ મિનાર તો મોટો અવરોધ બની રહેલો. છેક ૧૦મી મેએ એને વળોટી શકાયો. સમય ઝડપથી વીતી જતો હતો. નીચેની પહેલી છાવણી પરથી આની પાછળ બીજા બે બરફ ટેકરા દેખાતા હતા ને એ પાર કરવા મુશ્કેલ લાગતા હતા. પણ આ મિનાર પાછળ જો થોડો યે સપાટ વિસ્તાર મળે તો એ બે બરફ ટેકરાની પડખેથી





◁ સામેના પૃષ્ઠ પર જમણી બાજુ મથાળે કાંચનજંઘા પર્વતમાળાનાં હિમાચ્છાદિત ઉત્તુંગ શિખરો. ઉપર ડાબી બાજુ : કાંચનજંઘાના આરોહણના એક માર્ગમાં આવતી 'ઝેમુ' હિમસરિતા. જમણી બાજુ : આરોહણના ત્રીજા પડાવ પાસેનું દૃશ્ય. સમગ્ર આરોહણમાં વધુમાં વધુ કપરું ચઢાણ અહીંથી શરૂ થાય છે. અહીંથી આગળ માત્ર હજાર ફૂટ ચડતાં સામાન્ય પરિસ્થિતિમાં બેએક કલાક જ લાગે. પણ એવી સ્થિતિ જવલ્લે જ સુલભ હોય એવું આ સ્થળ છે. આપણા આરોહકોને એમાં તેર દિવસ લાગેલા !

કદાચ આગળ વધી શકાય એવી આશા હતી. અને એ ફળી પણ ખરી. માર્ગ આંકીને અંતે પ્રેમચંદ પાછા ફર્યા ને પછી કૅ. કુમાર, કુશલસિંઘ ને કુરારામે આગળ વધી ૧૨મી મેએ ૬૬૩૦ મીટરની ઊંચાઇએ ચોથી છાવણી ખોડી.

પણ આ પર્વતધાર પર સામાન ઊંચકીને આવવું ત્રીજી છાવણી પરના કેટલાક શેરપાઓને અત્યંત જોખમી લાગ્યું ને આગળ જવાનો તેઓએ ઇન્કાર કર્યો. સાથેના એક શેરપાએ તો ચોથી છાવણી પરથી એ માર્ગે ત્રીજી છાવણી પર પાછા જવા-આવવાને બદલે હવે પછીની ઉપરની છાવણી વચ્ચે આવજા કરવાનું કબૂલ કર્યું. આ લોકોને મન એવરેસ્ટની નૈઋર્ત્ય ધાર પરના ભયાનક આરોહણ કરતાં પણ અહીંનું ચઢાણ વધારે આકરું હતું.

ચોથી છાવણી પછીનું આરોહણ કંઈક સરળ હતું. કૅપ્ટન કુમારની ટુકડીએ એ આરોહણ ૧૫મી મેએ આરંભ્યું, પણ વારંવાર બરફ વરસવાથી અને ભારે પવનના લીધે ત્યાં માર્ગ આંકવો મુશ્કેલ હતો. છેવટે ગુરચરન સિંઘ અને નિર્મલસિંઘે ૧૮મી તારીખે ૭૨૩૦ મીટર ઊંચે પાંચમી છાવણી ખોડી. આ પછી પુષ્કરચંદે ઈશાન અને ઉત્તર તરફનાં ગિરિશૃંગો વચ્ચેની રાંગ પર છઠ્ઠી છાવણીનો માર્ગ આંકવાનું કામ ઉપાડયું. પણ એક અતિશય સાંકડા બરફીલા ખડકે એમનો માર્ગ રૂંધ્યો. અંતે ૨૪મી તારીખે ૭૬૨૦ મીટર ઊંચે એમણે છઠ્ઠી છાવણી લગાડી.

અતિ ઊંચાઈ અને ઠંડીના કારણે હવે સૌ પરેશાન થવા લાગ્યા. ઊંચાઈજન્ય અસ્વસ્થતા અને હિમના કારણે દાઝવાથી સાત જણને તો ત્યાંથી હેલિકૉપ્ટર દ્વારા સારવાર માટે નીચે મોકલવા પડયા. ઉપર જે બાકી રહ્યા એમને પણ ઊંચાઈની અસર તો વરતાતી જ હતી. પણ આટલી છાવણીઓ નખાઈ જઇને માર્ગ અંકાઈ જતાં ૭૫ મજૂરો નીચેથી માલસામાન ઉપર પહોંચાડવામાં લાગી ગયા. જો કે આ માટે આ સ્થાન એમની ક્ષમતાની હદ પર હતું. અહીં જરૂરી બધો સામાન તો ખડકાઈ ગયો, પણ એમાં એક દિવસ ઓચિંતો હિમપ્રપાત થતાં એ બધો જ સામાન એની તળે દટાઈ ગયો !

દુનિયાનું સર્વોચ્ચ પર્વત શિખર એવરેસ્ટ. પણ એ ભારતની સરહદમાં નથી. ચીન અને નેપાળ બંને એ પોતાની હદમાં હોવાનો દાવો કરે છે. એ પછીનું ઉચ્ચોચ્ચ શિખર 'કે–ટુ' પાકિસ્તાનમાં છે. આ રીતે ભારતમાં સર્વોચ્ચ પર્વત શિખર કાંચનજંઘા એ દુનિયાનું ત્રીજા નંબરનું ઊંચામાં ઊંચું શિખર છે. પરંતુ આરોહણની દૃષ્ટિએ તે પહેલાં બે શિખરો કરતાં પણ વધુ કપરું ગણાયું છે. ત્યાંના એકાએક પલટાતા હવામાન, વહેતી હિમનદીઓ અને વારંવાર થતા હિમપ્રપાતોથી તેના આરોહણમાં અનેક અવરોધો નડે છે ને ઘણી વાર એ જીવલેણ પણ નીવડે છે.

છેક અઢારમી સદીની અધવચમાં ટિનઝિન નામગ્યાલ નામના એક બૌદ્ધ સાધુએ કાંચનજંઘાની પર્વતમાળામાં ભટકીને એનો વિગતે પરિચય મેળવેલો. એ પછી ઈ. ૧૮૪૮–'૪૯માં સર જૉસેફ કૂકરે પણ આ ગિરિપ્રદેશમાં ભ્રમણ કર્યું. ઈ. ૧૮૯૯માં ડગ્લાસ ફ્રેશફીલ્ડે કાંચનજંઘાની પ્રદક્ષિણા કરતાં જોયું કે એની નૈઋર્ત્ય તરફ વહેતી ચાલુંગ હિમસરિતાની દિશામાંથી આ શિખરનું આરોહણ થઈ શકે ખરું. ઈ. ૧૯૦૫માં એક બ્રિટિશ-સ્વિસ ટુકડીએ શેરપાઓની મદદથી આરોહણનો પ્રયાસ કર્યો, ને તેમાં એક આરોહક તથા ત્રણ મજૂરો માર્યા ગએલા. ઈ. ૧૯૨૯માં પૉલ બાવર નામના એક બાવેરીઅન (જર્મન) આરોહકના નેતૃત્વમાં જર્મનોએ ઈશાનમાં વહેતી ઝેમુ હિમસરિતાના માર્ગે આરોહણ કર્યું, પણ ૨૫,૨૬૩ ફૂટ ઊંચે પહોંચ્યા પછી પ્રતિકૂળ હવામાનને કારણે તેઓ પાછા ફર્યા. ઈ. ૧૯૩૦માં પ્રો. ડાઈરન ફર્થના નેતૃત્વમાં એક આંતરરાષ્ટ્રીય પ્રયત્ન થયો. તેમાં પણ એક મજૂર માર્યો ગયો અને એ પ્રયાસ પણ અન્ય પ્રતિકૂળતાઓને કારણે પડતો મુકાયો. એક અમેરિકન આરોહકે પણ ખાનગી રીતે પ્રયાસ કરેલો પણ તેનું શું થયું તે જણાયું જ નહિ. આ પછી બાવરે જર્મન આરોહકો સાથે ફરી સાહસ કર્યું, પણ એમાં યે એક જર્મન આરોહક અને એક શેરપાનું મોત થયું. (આ વખતના છેલ્લા આરોહણમાં પણ હવાલદાર સુખવિન્દર સિંઘ માર્યા ગયા.

આમ, કાંચનજંઘાનું આરોહક ગોઝારું મનાવા લાગ્યું. આ પછી છેક ઈ. ૧૯૫૧માં ચાલુંગના માર્ગે ગિલ્મોર લેવિસ નામના પર્વતારોહકે આરોહણની દૃષ્ટિએ નવેસરથી અહીંનું સર્વેક્ષણ કર્યું, અને એને કંઈક આશા બંધાતાં ફરી વિગતે તપાસ કરવા ૧૯૫૪માં જોન કૅમ્પ ને બીજા પર્વતારોહકો પણ આવી ગયા. આના પરિણામથી પ્રેરાઇને 'રૉયલ જ્યૉગ્રાફિકલ સોસાએટી' તથા 'આલ્પાઈન કલબ'ના આશ્રયે ચાર્લ્સ ઈવાન્સની સરદારીમાં એક કાફલાએ આરોહણ કર્યું, ને ઑક્સિજનની સહાય સાથે જો બ્રાઉન અને જ્યૉર્જ બૅન્ડ તથા બીજા પ્રયાસમાં નૉર્મન હાર્ડી તથા એચ. આર. એ. સ્ટ્રીટરે કાંચનજંઘા સર કર્યું. બૌદ્ધ ધર્માનુયાયીઓને મન આ અત્યંત પવિત્ર શિખર હોઈ છેક તેની ટોચ પર માણસનો પગ પડે તે પાપ ગણાય છે, એટલે પર્વતારોહકો છેક ટોચે ન જતાં થોડા ફૂટ નીચે સુધી જ જાય છે. ભારતીય આરોહકોએ પણ આમ જ કરેલું. તેઓ જે માર્ગે ચડેલા એ વધુ કઠીન ગણાતો હોઈ આ આરોહણની સફળતા વધુ ગૌરવયુક્ત બની છે.

—'જનશક્તિ'માંથી તારવીને



◁ કાંચનજંઘાના આરોહકો (અને આર્મી હેડ-ક્વાર્ટર્સના કેટલાક અમલદારો) ૨૯મી જૂને નવી દિલ્હીમાં વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ સાથે. વડા પ્રધાનની જમણી બાજુ આરોહક-નેતા કર્નલ નરેન્દ્રકુમાર અને ડાબી બાજુ કાંચનજંઘા-ની ટોચે પહોંચનાર આરોહક મેજર પ્રેમચંદ.

(પૃ. ૩૧૬ પરના એક સિવાયના બધા ફોટોગ્રાફ 'સૈનિક સમાચાર' અને 'યોજના'ના સૌજન્યથી)

ચોથી છાવણી પછી આટલા આરોહણ દરમિયાન કાંચનજંઘાના આરોહણના અંતિમ તબક્કા માટે આરોહકની પસંદગી પણ કરી લેવાની હતી. આ કાર્ય અનેક વિચાર માગી લે તેવું હતું. એ યશ મેળવવા પર બધા આરોહકોનો હક્ક હતો. પણ એ અંગે ઘણા મુદ્દા વિચારવા જરૂરી હતા. પ્રથમ તો છેવટના એ આરોહણ માટે શારીરિક ક્ષમતા જરૂરી હતી. આરંભમાં ઉત્સાહથી કામ કરીને ઘણા આરોહકો એટલો શ્રમ ઉઠાવે છે કે આવી છેવટની ઘડી એમને માટે આકરી બની જાય. વળી, છેક અહીં સુધી પરિશ્રમ ઉઠાવનારને અન્યાય પણ ન કરાય. બીજી એક વિચારણા એ પણ કરવી પડે કે છેલ્લે ચડનાર બંને જણને એકબીજાની શક્તિમાં પૂરી શ્રદ્ધા હોવી જોઈએ. આથી અરસપરસ હિંમત તો રહે જ, પણ કંઈ અકસ્માત થાય તો બીજો જણ પરિસ્થિતિ સંભાળી લે. આ ઉપરાંત, આરોહકની માનસિક સમતુલા પણ બહુ જ સ્વસ્થ રહેવી જોઈએ. ઘણી વાર અતિ ઊંચાઈએ ઑક્સિજનની અછતથી માણસ ચીડિયો બની જઈ ન કરવાનું કરી બેસે છે.

આ બધાં પાસાં વિચારી આરોહણના નેતા લેફ. કર્નલ નરેન્દ્રકુમારે પ્રથમ મેજર પ્રેમચંદ અને નાયક નીમા દોરજી શેરપાને અંતિમ આરોહણ માટે પસંદ કર્યા. જો કે નીમા દોરજીને અતિ ઊંચાઈએ થતા બવાસીરને કારણે ઘણું લોહી ગુમાવવું પડેલું, એટલે ફરી એવું થવાનો ડર પણ હતો. બંનેની શારીરિક તપાસ કરાવી લેવાઈ અને સાવચેતી ખાતર યોગ્ય દવા-ઈન્જેક્શનો પણ આપી દીધાં. આ બંનેની મદદમાં કૅપ્ટન કે. આઈ. કુમાર અને નોરબુને મૂકવામાં આવ્યા. પ્રેમચંદ અને નીમા દોરજી પાછા ફરે તે પછી તે બંને જણ ફરી એક વાર આરોહણ કરવા માટે પસંદ થએલા.

અંતિમ આરોહકોની પસંદગી પછી ઉપરની છાવણીઓમાં જરૂરી પુરવઠો ભરાવા માંડયો. અતિ ઊંચાઈને કારણે બહુ ઓછી સામગ્રી ઉપર સારી શકાતી હતી. બીજી બાજુ જૂન માસ બેસતાંમાં વરસાદ થવાની આગાહી હતી અને હવે બહુ ઓછો સમય એમના હાથમાં હતો. ધાર્યા કરતાં છઠ્ઠી છાવણી પણ ઘણી નીચે નાખી શકાઈ હતી. વળી છઠ્ઠી છાવણી પછીની જે એક ઘાટી હતી તેમાં વચ્ચે એક તીણી પર્વતધાર નડતી હતી. તેના પરથી આગળનો માર્ગ આંકતાં સહેજે દસેક દિવસ લાગશે એવું ધારી લઈને છઠ્ઠી છાવણી પરના શેરપાઓ નીચે જતા રહેલા. એટલે આગળનો માર્ગ વહેલો અંકાઈ જાય તો એ સાતમી છાવણી પર સામાન પહોંચાડવા માણસોની ખોટ પડે તેમ હતું.

અને ખરેખર એ આરોહણ સરળ પણ નહોતું. અગાઉના જર્મન આરોહકો આ મુશ્કેલી જોઈને જ અહીંથી પાછા ફરેલા. જોકે પ્રેમચંદને તો બએક દિવસમાં સાતમી છાવણી નાખી દેવાની આશા હતી. પણ ત્યાં સામાન પહોંચાડવાનું શું? પેલા શેરપાઓને નીચેથી ફરી બોલાવવામાં તો ચારેક દિવસ જાય. ને અહીં તો વરસાદ તોળાઈ રહ્યો હતો.

પણ અંતે હિંમત કરીને પ્રેમચંદે અને નીમા દોરજીએ ૨૮મી તારીખે પેલી પર્વતધાર પાર કરી દીધી. છેલ્લી મુશ્કેલી ઊકલી ગઈ. ૨૯મીએ એ બંનેએ આરામ લીધો. સાતમી છાવણી બને તેટલે ઊંચે લેવાનો એમનો ખયાલ હતો, પણ ત્યારના સંજોગોમાં એ શક્ય નહોતું. એટલે જો એમનાથી એ ન બને તો એમના પછીની પાર્ટી એ છાવણીને વધુ ઊંચે લઈ જવા પ્રયત્ન કરે એવું નક્કી થયું; અને એ દરમિયાન નીચેથી સારામાં સારા પહાડખેડૂ શેરપાઓને પણ ઉપર બોલાવી લેવાય.

આમ, અંતે કાંચનજંઘાની ટોચથી ૫૭૫ મીટર નીચે સાતમી છાવણી પડી. ધારેલી ઊંચાઈ તો સિદ્ધ ન થઈ, પણ એ શ્રમ પછી એ મેજર પ્રેમચંદ અને નીમા દોરજી સ્વસ્થ હતા. છઠ્ઠી છાવણી પર કૅપ્ટન કુમાર અને પાંચમી પર આરોહક નેતા હતા. માણસોની ખેંચને કારણે ટુકડીની સાથેના દાક્તરોએ પણ આરોહકોનું કામ ઉપાડી લીધું હતું.

એ પછીની એક રાત પ્રેમચંદ અને નીમા દોરજી માટે અત્યંત કપરી બની ગઈ. અત્યંત જોરદાર પવનમાં એમનો તંબૂ ફાટી જતાં બંનેને રાતે સખત ઠંડીમાં ઠૂંઠવાઈ રહેવું પડેલું. પવનમાં તેઓ સ્ટવ પણ પેટાવી શકે તેમ નહોતા, છતાં જેમતેમ કરીને એમણે થોડો બરફ ઓગાળીને ચા બનાવી ને એના પર રાત કાઢી નાખી.

સવારે તેઓ ચડવા તૈયાર થયા ત્યારે જોયું તો સાથેના એક ઑક્સિજન સિલિન્ડરનું રેગ્યુલેટર બગડતાં એમાંથી ઑક્સિજન નીકળી જતો હતો! સામાન્યતઃ તો આરોહકો એની અવેજીમાં વધારાનું રેગ્યુલેટર સાથે રાખે નહિ, પણ આ લોકો પાસે નસીબજોગે હતું તે કામ લાગી ગયું. સવારે પાંચેક વાગ્યે એમણે અંતિમ આરોહણનો આરંભ કર્યો. ત્રીસેક સે. મી. જેટલા પોચા બરફમાં ખૂંતતા તેઓ આગળ વધવા લાગ્યા. તેમનો ખયાલ તો ટોચની પશ્ચિમ બાજુથી ચડવાનો હતો; પરંતુ સખત પવનથી બરફ ઊડી જઈને ઉત્તર તરફની ખડકાળ બાજુ ખુલ્લી થઈ જતાં ત્યાંથી જવું ઠીક લાગતાં એમણે એ દિશા લીધી.

અંદાજ તો હતો કે આ અંતિમ આરોહણ ચારપાંચ કલાકમાં પૂરું થઈ જશે. પણ છેક સાંજ સુધી એમના કોઈ ખબર મળ્યા નહિ એટલે નીચે ચિંતા વધવા લાગી; કેમકે એ લોકો પોતાનો વાયરલેસ સેટ છાવણીમાં જ રાખી ગએલા એટલે એમના તરફથી કોઈ સંદેશ મળે તેમ નહતો. વળી, પછીથી પ્રેમચંદે જણાવ્યા પ્રમાણે, સાડા બારના શુમારે

તો એમને શું કરવું એ ન સૂઝે એવી સ્થિતિ હતી; કેમકે કાંચનજંઘાની ટોચ જ એમને દેખાતી નહોતી! એમાં આગળ વધે તો જોખમ હતું, અને જો સાંજ પહેલાં છાવણીમાં પાછા ન પહોંચાય તો ત્યાં ઉપર જ આખી રાત સખત પવનમાં કાઢવી પડે. જો ત્યાંથી જ પાછા ફરી જાય તો આ આખું સાહસ ને ખર્ચ એળે જાય. પણ અંતે નિર્ણય લેવાનો છોડી દઈ તેઓ આગળ વધ્યા, ને પોણા ત્રણ વાગ્યે ટોચે પહોંચી ગયા! કાંચનજંઘાનું શિખર અંતે જિતાઈ ગયું. જો કે સિક્કિમ અને આસપાસના લોકોની માન્યતા પ્રમાણે આ એમનું પવિત્ર પૂજનીય શિખર હોઈ એની બરાબર ટોચ ઉપર માણસના પગ પડે એ એમને ગમે તેવું નહોતું, એટલે એ લાગણીને માન આપીને તેઓએ છેવટનું બેએક મીટર ચઢાણ કરવાનું છોડી દઈ ટોચની વધુમાં વધુ શક્ય એટલો નજીક થંભ ઠોક્યો ને તેના પર ભારતનો રાષ્ટ્રધ્વજ અને ભારતીય સૈન્યનો ધ્વજ લહેરાવ્યો. એ પછી 'ઇન્ડિયન માઉન્ટનીઅરિંગ ફાઉન્ડેશન' તથા પોતાના દળ ને રેજિમેન્ટના ધ્વજ પણ ફરકાવ્યા તથા ફોટોગ્રાફ લીધા.

વિજયધ્વજ ફરકાવી તેમણે હવે પાછા ફરવા માંડયું. હવામાન બહુ જ ખરાબ હતું. માર્ગમાં તેઓ ગબડયા પણ ખરા. પછી તો રાત પડવા આવી. (પૂર્વમાં સૂર્યાસ્ત વહેલો થઇ જાય છે.) પણ ચંદ્રના પ્રકાશની સહાયે મુશ્કેલીથી માર્ગ શોધતાં તેઓ સવાઆઠ વાગ્યે છાવણીમાં પહોંચી ગયા અને આરોહણની સફળતાના સમાચાર આપ્યા.

પછીનું ઉતરાણ પણ સરળ તો નહોતું જ. બરફના તેજથી નીમા દોરજીની અંજાઇ ગએલી આંખોમાં સખત કળતર થતું હતું. પહેલી જૂને છઠ્ઠી છાવણીમાં કૅપ્ટન કુમારે તેમનું સ્વાગત કર્યું. ત્યાં બીજી ટુકડી પણ પુનઃ આરોહણ માટે તૈયાર હતી. પણ ઝળૂંબી રહેલા વરસાદનાં વાદળો હવે બહુ નજીક આવી ગયાં હતાં. મળેલી સફળતાને વધુ જોખમ ખેડીને ગોઝારી ન બનાવવા નેતા લે. ક. કુમારે એ આરોહણ રદ કર્યું. ને એ બરાબર જ થયું, કારણ બીજા જ દિવસે ભારે બરફવર્ષા થઈ હતી. છઠ્ઠી જૂને તેઓ સૌ તળ છાવણી પર પહોંચી ગયા. જ્યારે લાચેન પહોંચ્યા ત્યારે ભારે વરસાદથી ગંગટોકનો માર્ગ ધોવાઇ ગએલો. પણ મળેલા સંદેશ પ્રમાણે સોળમી જૂને સૈન્યના વાઇસ ચીફ ઑવ આર્મી સ્ટાફ લેફ. જનરલ મલહોત્રા એમને સત્કારવા જાતે આવનાર હોઇ તેઓ બધો સામાન લાચેનમાં જ રહેવા દઈ ઊપડી ગયા. અને ત્યાંથી ૨૪મી જૂને દિલ્હી.

પર્વતારોહણમાં કઠીનતમ ગણાતા કાંચનજંઘાના આરોહણમાં પૂર્વ તરફનો માર્ગ તો વધુ મુશ્કેલ છે અને એ તરફથી ચડીને ભારતીય સેનાના સાહસવીરોએ એક શ્રેષ્ઠતમ સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને આપણું ભારતવાસીઓનું ને ભારતીય સેનાનું આ એક મહામૂલું ગૌરવ પણ. □

ક્રિકેટ જગતની યાદગાર ટેસ્ટ મૅચો-૭

રાઇડર્સ મૅચ

ભરત ના. ભટ્ટ

ઇંગ્લૅન્ડ વિ. ઑસ્ટ્રેલિયા ત્રીજી ટેસ્ટ, એડીલેઈડ : જાન્યુ. ૧૬ થી ૨૩ : ૧૯૨૪–'૨૫. પ્રથમ વિશ્વવિગ્રહ પછી, આ બંને દેશો વચ્ચેની એ ૧૩મી ટેસ્ટ હતી. જેમાં ૧૧ ઑસ્ટ્રેલિયા જીત્યું હતું ને ૨ ડ્રૉ થઈ હતી. એ ગાળામાં આ ટેસ્ટમાં પહેલીવાર ઇંગ્લૅન્ડને વિજયની શક્યતાઓ દેખાઈ.

રક્ષાએલી બૅટિંગ પીચ પર ઑસ્ટ્રેલિયાએ ટૉસ જીતી બૅટિંગ લીધું. પણ ટેઈટ–ફ્રીમૅન સામે ૧૧૯ રનમાં ૬ વિકેટો ગઈ. ટેઈટ, ફ્રીમૅન અને ગિલિગને ઈજાઓને કારણે મેદાન છોડયું ને બૉલિંગનો સમગ્ર ભાર વૂલી અને કિલ્નર પર આવ્યો. જૅક રાઇડરે (૨૦૧) ઍન્ડ્રુઝ (૭૨), ઑલ્ડફીલ્ડ (૪૭) અને મેઈલીની મદદથી આંકડો ૪૮૯ રને પહોંચાડયો.

ત્રીજી સવારે ઇંગ્લૅન્ડે પણ ૬૯ રનમાં ચાર વિકેટો ગુમાવી, પણ પછી હૉબ્સ (૧૧૯), સટ્ક્લિફ (૩૩) અને હેન્ડ્રન (૯૨)ની મદદથી આંકડો ૩૬૫ રને પહોંચ્યો. ૧૨૪ રનની સરસાઈ સાથે ઑસ્ટ્રેલિયાએ ચોથી સાંજે ૩ વિકેટે ૨૧૧ રન કર્યા. અમર્યાદિત સમયની ટેસ્ટ હોવાથી ઑસ્ટ્રેલિયા સદ્ધર બનતાં જંગી સરસાઈની પૂરી શક્યતાઓ હતી.


પાંચમી સવારે વરસાદથી પીચ બગડી. પહેલી ૪૫ મિનિટમાં જ વૂલી અને કિલ્નરે ૩૯ રનમાં બાકીની ૭ વિકેટો ખેડવી નાખી.

હવે ઇંગ્લૅન્ડને જીતવા માટે ૩૭૫ રન કરવાના હતા. મુશ્કેલ વિકેટ સુધરતી ગઈ તે દરમિયાન હૉબ્સ–સટ્ક્લિફની જોડીએ ૬૩ રન ચડાવ્યા ત્યાં હૉબ્સ ગયા. વૂલી તથા હેન્ડ્રન પણ સસ્તામાં જ ગયા અને ૯૨ રનમાં ત્રણ વિકેટો ગઈ. હવે સટ્ક્લિફ-વ્હાયસોલની જોડીએ સંગીન રમત આરંભી. ૧૫૫ રન થયા ત્યાં સટ્ક્લિફ (૫૯) ગયા. છઠ્ઠી સવારે વ્હાયસોલ અને ચૅપમૅનની જોડીએ કુનેહપૂર્વક રમી આંકડો ૪ વિકેટે ૨૪૪ રને પહોંચાડયો. ચોથા દાવમાં અશક્ય લાગતો ૩૭૫નો આંકડો શક્ય લાગવા માંડયો ને લાંબા ગાળે ઇંગ્લૅન્ડને ગૌરવસભર વિજયની આશા બંધાઈ. ત્યાં આ બંને બૅટ્સમૅનો બે અદ્ભુત કૅચના ભોગ બન્યા. ચૅપમૅને કેલેવેના એક બૉલને ડીપ પૉઈન્ટ તરફ એક જોરદાર સ્કવેર-કટ મારી. હવામાં જતા બૉલ સાથે બધાંની નજર બાઉન્ડરીએ પહોંચે તે પહેલાં અધવચ્ચે જ અટકી ગઈ! હવામાં કૂદીને રાઈડરે એ બૉલને ઝડપી લીધો. ચૅપમૅન ગયા. આ પછી વ્હાયસોલના એક સશક્ત ડ્રાઈવને બૉલર ગ્રેગરીએ, પોતાના 'ફૉલોથ્રુ'માં ચિત્તા જેમ કૂદીને, ઝડપી લીધો. ૨૫૪ રન ૬ વિકેટ! આ બે કૅચથી બાજી પલટી. ઇંગ્લૅન્ડનો વિજય ડૂબવા લાગ્યો. આમ છતાં ટેઈટ અને કિલ્નરે મહત્વનો ફાળો આપ્યો ને ૩૧૨ રને આઠમી વિકેટ પડી. અશ્રેય ન ગણાય તેવા બૅટ્સમૅન સુકાની ગિલિગન અને ફ્રીમેને કાળજીથી રમીને આંકડો ૩૪૮ રને લઈ જતાં ફરી વિજય ઇંગ્લૅન્ડ તરફ ઢુકડાયો.

તે રાત્રે બે આર્થર સૂતા નહિ—ગિલિગન અને મેઈલી. ગિલિગન માનસિક તાણમાં ને મેઈલી આઉટ કરવાની યુક્તિઓ વિચારવામાં. સાતમી સવારે આખું એડીલેઈડ જાણે સ્ટેડિયમમાં આવી બેઠું. ગ્રેગરી—મેઈલી પણ તાજા થઈને બૉલિંગ કરવા આવ્યા. ગ્રેગરીની પહેલી જ ઓવરમાં ૪ 'વાઇડ' સાથે કુલ ૬ રન થયા ને ૨૧ બાકી રહ્યા. મેઈલીની ઓવરમાં બીજા ત્રણ રન થયા! ગ્રેગરીની બીજી ઓવરમાં થાકેલા ગિલિગન મિડ ઑફમાં ઝડપાયા. ૩૫૭ રન અને ૯ વિકેટ. વિકેટકીપર સ્ટ્રુડવિકે આંકડો ૩૬૩ રને પહોંચ્યો. સૌને લાગ્યું કે હવે જરૂરી ૧૨ રન તો ઇંગ્લૅન્ડ કરી લેશે ત્યાં દિવસની છઠ્ઠી ઓવરનો બીજો બૉલ ફ્રીમૅનના બૅટને જરાક સ્પર્શ્યો ને ઑલ્ડફીલ્ડ તૈયાર જ હતા. ચારે બાજુથી અપીલ થઈ અને ઍમ્પાયરની આંગળી ઊંચી ગઈ. ઑસ્ટ્રેલિયા માત્ર ૧૧ રનથી જીત્યું ને ઇંગ્લૅન્ડનો વિજય હાથમાંથી સરી ગયો. આ મૅચમાં રાઈડરે કુલ ૨૮૯ રન કરેલા એટલે આ 'રાઈડર્સ મૅચ' કહી શકાય.

'વિનોદ'ની નજરે-૨૯

વિનોદ જાની



લેખક
વિનોદ
ભટ્ટ

વિનોદ જાનીના પરિચયમાં ક્યારે ને કેવી રીતે આવ્યો એ અત્યારે બરાબર યાદ નથી; પણ એટલું જરૂર યાદ છે કે તેણે નાટક-નો 'ન' લખ્યો એ પહેલાંનો તેને હું ઓળખું છું. તે કવિવર વિનોદ જાની હતો એટલો જૂનો અમારો પરિચય. (તે ઈન્સ્ટન્ટ કવિ હતો. કોઈ રૂપાળી બાળા જોઈ નથી કે તેની કલમમાંથી કવિતા ફૂટી નથી!) અમે બન્ને સર એલ. એ. શાહ લૉ કૉલેજના આર્ટ્સ સેક્શનમાં ઈન્ટરના વર્ષમાં એક જ વર્ગમાં ને એક જ બેન્ચ પર સાથે બેસતા. પ્રોફેસરો કરતાં કંઈક વધારે જાણીએ છીએ એવું અમે બન્ને વિનોદો એ સમયે માનતા. એ પ્રોફેસરો પણ એવું જ માનતા હોવા જોઈએ; ને કદાચ એટલે જ અમને બન્નેને ચાલુ પીરિયડે ઊભા કરી વારંવાર પ્રશ્નો પૂછ્યા કરતા. આથી મારા કરતાં જાની વધારે ડિસ્ટર્બ થતો; કારણ કે ચાલુ ક્લાસે તે કવિતા કરતો. કવિતા કરતાં થાકી જાય ત્યારે ઊંઘી જતો. પ્રોફેસર મારી મદદ લઈ તેને જગાડતા.

ચાલુ અભ્યાસે તે અભ્યાસ સિવાય ઘણું બધું કરતો. તેણે લગ્ન પણ આ અરસામાં જ કરેલાં. ધ્રાંગધ્રા જાન જોડીને ગએલો. લગ્ન કરીને આવ્યા પછી પત્ની સાથે અમને તે સાંકડી શેરીમાં મળી ગયો. મારી સાથે નિરંજન ત્રિવેદી હતો. (મારી સાથે જાની ના હોય ત્યારે ત્રિવેદી હોય છે.) જાનીએ પત્નીનો પરિચય કરાવ્યો: ધ્રાંગધ્રાથી પત્નીની આયાત કરી છે એવું તે બોલ્યો. ધ્રાંગધ્રા સાથેનું પોતાનું બચપણનું એસોસીએશન યાદ કરતાં ત્રિવેદીએ કહ્યું: 'મને યાદ છે, હું જ્યારે આઠ વર્ષનો હતો ત્યારે એક વાર ભૂલમાં ધ્રાંગધ્રા જતી ટ્રેઈનમાં ચડી બેઠેલો.'

'મારું ય એવું જ થયું છે.' પત્ની સામે જોતાં જાની તરત જ બોલ્યો.

કહે છે કે દીકરામાં શિસ્ત આવે એ વાસ્તે જ મા-બાપ તેને પરણાવી દેતાં હોય છે. કદાચ આવા જ કોઈ કારણે તેને વહેલો પરણાવવામાં આવ્યો હોવો જોઈએ. પણ એ તો 'ગેરશિસ્તનો ટાપુ' છે. તે હાથે ઘડિયાળ મોટે ભાગે નથી બાંધતો; ને બાંધે છે ત્યારે મિનિટ કે કલાકના કાંટા સામે ન જોતાં તારીખ સામે જુએ છે. આથી સ્કૂલે તે વહેલો-મોડો પહોંચે છે. (તે સ્કૂલ-ટીચર છે.) છતાં 'લેઈટ-મસ્ટર'માં સહી નથી કરતો. બચાવમાં કહે છે કે 'જે ક્ષણે મારા મનમાં સ્કૂલે આવવાનો વિચાર કરું છું એ જ ક્ષણથી સ્કૂલમાં મારી હાજરી ગણાય.' સમયસર કામ કરનાર પર તેને ભારે ખીજ છે. કોઈએ તેને અગિયાર વાગ્યે મળવાનો સમય આપ્યો હોય તો સાડા અગિયાર પછી જ ઘેરથી નીકળશે. ટાઈમસર પહોંચી જઈએ તો સામેના માણસના મગજ પર એવી છાપ ઊભી થાય કે આ માણસ પાસે કોઈ કામધંધો નથી એટલે વહેલો આવી પહોંચ્યો.

એક વાર તેના જ કોઈ અગત્યના કામ અંગે તેને મેં સવારે નવ વાગ્યે મારે ઘેર આવી જવા સૂચવેલું. નવને બદલે છેક સાડા દસે તે આવ્યો, એટલે ઘડિયાળ સામે જોઈ મેં ગંભીરતાથી કહ્યું: 'આટલું બધું' મોડું કરવાનું?' ત્યારે મારી સામે જોઈ હસી પડતાં તે બોલ્યો: 'હું તે સાઈબંધ-ને મળવા આવ્યો છું કે મિલમાં જવા?' શું કહેવું આને!... પણ—

પણ આ વાતની સમયને ખબર હોવી જોઈએ. કદાચ એટલે જ સમયે તેને પોતાના સપાટામાં નથી લીધો; જવા દીધો છે. લગભગ મારી ઉંમરનો હોવા છતાં મારાથી દસેક વર્ષ નાનો, યુવાન લાગે છે—સદાબહાર લાગે છે. થોડો શામળો છે ને કૃષ્ણની જેમ રોહિણી નક્ષત્રમાં જન્મેલો છે એટલે કૃષ્ણને થએલા એવા આડ લાભો પણ, વાંસળી વગાડયા વગર, તે મેળવે છે, જે મિત્રો માટે ઈર્ષ્યાપ્રેરક છે. (બાળાઓને તેની આંખોમાં વાંસળીના સૂર સંભળાય છે એવું ય કો'ક કહેતું'તું.)

પણ કૃષ્ણની સાથેની તેની સરખામણી માત્ર આ એક જ બાબત પૂરતી થઈ શકે—અન્ય બાબતોમાં નહિ. કૃષ્ણ પોતાના સુદર્શન ચક્રનો ઉપયોગ નાછૂટકે જ કરતા. જ્યારે આ મહાશય તો પોતાનું ચક્ર આડે-ધડે ફેરવ્યા જ કરે છે; ને જે અડફેટે ચડી જાય તેનું આવી બને છે. તે બે-લગામ ઘોડો છે. આથી ઘણી વાર લોકો સાથે બિનજરૂરી વિવાદમાં યે ઊતરી પડે છે. ભારત-પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ વખતે અંધારપટના ગાળામાં, નાટકો નહિ ચાલવાથી તેણે કેટલીક ટૂંકી વાર્તાઓ લખી નાખેલી. મગજના માળિયામાંથી નીકળેલી આ વાર્તાઓના સંગ્રહનું નામ તેણે 'કાટમાળ' આપેલું. આ 'કાટમાળ'ની પ્રસ્તાવનામાં તેણે લખેલું: 'સાહિત્ય-બાહિત્ય, પ્રેમ-બ્રેમ, શ્રદ્ધા-બ્રદ્ધા, નિયમિતતા–બિયમિતતા —મને એમાં રસ નથી. આપણે આપણું કશુંક વેચીને જીવીએ છીએ... અને એટલે તો આ બધું વેપાર છે. વેપારને હૃદય ના હોય. ગ્રંથો એ આપણી હલકટ સભાનતાના સાક્ષી છે. જેટલા મોટા ગ્રંથ એટલી મોટી હલકટતા...' —ને આ પુસ્તક બહાર પડ્યું એટલે તેની વાર્તાઓ પર અવલોકનો લખાવાને બદલે પ્રસ્તાવના પર લખાયાં. જો કે તેણે તો આમાંથી ગમ્મત જ મેળવી.

પણ તેના આ માનસની પાછળ, મને લાગે છે કે, દંભની તેની પારાવાર સૂગ છે. કોઈના ય દાંભિક યા ગોળગોળ વિધાન સામે તે ઝનૂની બની જાય છે. કેટલીક વાર તો તે વ્યક્તિ કે સ્થળની ય પરવા કર્યા વગર પોતાનો સ્પષ્ટ મત બેધડકપણે જાહેર કરી દે છે. જયંતી દલાલ જીવતા'તા ત્યારની વાત છે. સારાં નાટકો નથી મળતાં તેની ફરિયાદરૂપે કોઈ એક સભામાં દલાલે કહ્યું: 'છેલ્લાં પચ્ચીસ વર્ષમાં મેં કોઈ "નાટક" જ નથી જોયું.' જાની એ સભામાં હાજર હતો. તેણે જાહેરમાં જ દલાલને પ્રશ્ન કર્યો: 'સાહેબ, તમે નાટક કોને કહો છો એની વ્યાખ્યા કરશો, જરા?' પછી એક દૃષ્ટાંત કહ્યું: 'એક રાજા હતો. પોતાના ગામના કુંભારને તેણે એક ઘડો બનાવી લાવવા કહ્યું. બીજે દિવસે કુંભાર ઘડો લઈને રાજા પાસે ગયો. ઘડા સામે જોતાં રાજાએ અણગમાથી કહ્યું: 'આ ઘડો નથી.' 'ભલે, તો બીજો બનાવી લાવું.' કહીને કુંભાર નવો ઘડો બનાવી લાવ્યો. રાજાએ પેલી ધ્રુવપંક્તિ દોહરાવી: 'ભાઈ, આ ઘડો નથી.' આમ પેલો કુંભાર દરરોજ નવો ઘડો લઈને રાજા પાસે જાય ને રાજા મોઢું બગાડીને બોલે: 'આ ઘડો નથી.' પણ પોતે ઘડો કોને કહે છે એ કહે નહિ. આપણા દલાલસાહેબ પણ નાટકની બાબતમાં પેલા રાજા જેવું જ કરે છે.'

આ પછી એક વાર પ્રવીણ જોશી સાથે પ્રોડક્શન સ્ક્રિપ્ટ બાબત ને ચં. ચી. મહેતા સાથે 'ચિલ્ડ્રન્સ થિયેટર'ની ચર્ચા કરતાં તે બાખડી

પડેલો. તેનાથી ખોટું સહન નથી થતું. જો કે સાચા-ખોટાની વ્યાખ્યાઓ દરેકને પોતાની જ હોય છે. પણ એક વાત ચોક્કસ છે કે પોતાને ખોટી લાગતી વાતનો વિરોધ તે ખૂબ જ પ્રામાણિકપણે કરે છે, નિખાલસતાથી કરે છે. સાઈગલ તેને ક્યારે ય નથી ગમ્યો એવું તેણે વખતોવખત જાહેર કર્યું છે. નિરંજન ત્રિવેદી જેવા કેટલાક મિત્રોની લાગણીને આથી ઠેસ પણ પહોંચી હશે.

તેની નિખાલસતાનો એક દાખલો હમણાં જ બની ગયો. તે એમ. એ.ની પરીક્ષા આપતો'તો. પરીક્ષા ટાણે જ નાટકોના ઉપરાઉપરી કૉન્ટ્રૅક્ટ્સ આવી પડવાને લીધે પરીક્ષાની તૈયારી તે કરી શકેલો નહિ. પેપર અગિયાર વાગ્યે શરૂ થાય. સવારે નવ-સવા નવ સુધી તો ડ્રૉપ લેવાનું જ તેણે મનોમન નક્કી કરી નાખેલું. અચાનક તેના મગજમાં એક વિચાર ઝબક્યો; ચોરી કરવાનો! તેણે વરત જ ચાર-પાંચ સવાલોના પૉઈન્ટ્સ એક કાગળ પર ટપકાવી લીધા. પછી પરીક્ષા ખંડમાં પ્રવેશી ડાહ્યો ડમરો થઈ બેસી ગયો.

બેલ વાગ્યો ને સુપરવાઈઝરે ક્લાસ રૂમમાં ઍન્ટ્રી કરી. સુપરવાઈઝર ને જાનીની મળી દૃષ્ટાદૃષ્ટ, ને પેલો દોડી આવ્યો, જાની પાસે. સ્કૂલમાં જાનીના હાથ નીચે તે ભણી ગએલો. જાની પાસે આવી આદરથી નમીને તે પગે લાગ્યો એટલે તેના બન્ને હાથ પકડી લઇને જાનીએ તેને ધીમેથી કહ્યું: 'આજે મારે ચોરી કરવી છે.' સુપરવાઈઝર મૂંઝાઈ ગયો. એક બાજુ ફરજ ને બીજી તરફ ગુરુદક્ષિણા! શું કરવું? ગૂંચવાતા સ્વરે પેલાએ જાનીને કહ્યું: 'પણ સર!... તમે તો અમને ક્યારે ય ચોરી કરવા નો'તા દેતા!'

'હું ક્યાં એમ. એ.માં હતો?' જાનીએ વળતો જવાબ આપ્યો. પણ પછી મન બદલાઈ જવાથી ચોરી કરવાનો વિચાર તેણે માંડી વાળ્યો.

જાનીએ વાંચવાની ખાસ ટેવ પાડી નથી. (હા, તેને કોઈ ચેક આપે તો તેમાં ભરાએલી રકમ તે ધ્યાનથી વાંચે છે ખરો!) જો કે એનું તેને રજમાત્ર દુઃખ નથી, ઊલટાનો આનંદ છે. પોતાની આ કુટેવને ગ્લોરીફાય કરવા ક્યારેક તે પ્રયત્ન પણ કરે છે. અમે બન્ને એક વાર સાથે મુંબાઈ ગએલા. મારા એક ઓળખીતાને ત્યાં અમે ગયા. તે ભાઈ એ વખતે પ્રહસન લખી રહ્યા હતા. વિનોદને મળીને તે ઘણા રાજી થયા. અમે બેઠા. ચા-પાણી કર્યાં. ઉત્સાહમાં આવી જઈ મારા ઓળખીતા ભાઇએ જાનીને પૂછ્યું: 'તમે નાટકમાં શું વાંચો છો, આજકાલ?'

'કશું જ નહિ.' જાનીએ જવાબ આપ્યો.

'તમે એમ કરો, શેક્સપીઅર વાંચો.' પેલા ભાઇએ સલાહ આપી.

'શો ફેર પડશે, એથી?' જાનીએ સામે પૂછ્યું.

'દરેક નાટ્યકારે શેક્સપીઅર તો વાંચવો જ જોઇએ.'

'તો શેક્સપીઅરે કોને વાંચેલો?' જાનીના પ્રશ્ને તેમને માથું ખંજવાળતા કરી મૂક્યા. જાનીનો આ પ્રશ્ન સારો છે, આમ તો. એ વખતે મને ગમેલો ય ખરો. સામા માણસને બોલતો બંધ કરવા માટેનું આ સારું હથિયાર છે. છતાં એનો અર્થ એવો નથી થતો કે વિનોદ સાચો છે.

પણ એક વાર તો જબરી ગમ્મત થઈ ગએલી. વાત એવી હતી કે અમારા એક મિત્ર ભાઈ પુરુરાજ જોષીને તેના પુસ્તક 'સોનેરી માછલીઓનો સળવળાટ' માટે ગુજરાત સરકારનું ઈનામ મળેલું. નડિયાદના કેટલાક સાહિત્યિક મિત્રોએ પુરુરાજનું જાહેરમાં સન્માન કરવાનું નક્કી કર્યું. અમદાવાદમાંથી હું ને જાની એમ બે વક્તા હતા. નડિયાદના સ્થાનિક લેખકો બોલી રહ્યા પછી જાની બોલવા ઊભો થયો. ઊભા થતાં જ તેણે ગુસ્સાભેર શરૂ કર્યું: 'આજે આપણે બધા પુરુરાજ જોષીને સન્માનવા ભેગા થયા છીએ. આજનો દિવસ ખરેખર તો આપણા માટે શરમનો દિવસ છે. આપણે કેટલા બધા હલકટ છીએ, કેટલા બધા નિર્લજ્જ છીએ કે પુરુરાજને જ્યારે સરકારે ઈનામ આપ્યું ત્યારે જ તેનું સન્માન આપણને કરવાનું સૂઝ્યું! સરકારે મારેલ લેબલનું જ સન્માન કરવા આપણે ભેગા થયા છીએ કેમકે પુરુરાજનું સાચું સન્માન તો આ પુસ્તક લખાયું એ ક્ષણે જ થવું જોઈતું'તું. પણ આપણે સ્વાર્થી લોકો તો પુરુરાજને બહાને આપણા સૂક્ષ્મ અહમ્‌નું જ બહુમાન કરવા ટોળે મળ્યા છીએ. તમને બધાને હું એમ પૂછું છું કે તમારામાંથી કેટલાએ પુરુરાજનું આ પુસ્તક "સોનેરી માછલીઓનો સળવળાટ" વાંચ્યું છે?' પછી જાનીએ મારા કાન પાસે મોં લાવીને ધીમેથી પૂછ્યું: 'એ વાર્તાસંગ્રહ છે કે નવલકથા?'

ફોઇએ પાડેલા નામને સાર્થક કરે એટલો તે મસ્કરો છે. એમાં ય સાથે હું કે નિરંજન હોઇએ ત્યારે તે ખાસ ખીલે.

એક વાર અમે બન્ને યુનિવર્સિટી તરફ ફરવા નીકળેલા. જાનીએ મને પૂછ્યું: 'બાપુ બોલો, ક્યાં જવું છે?'

'ઉમાશંકરના ઘેર.' હું અમસ્તું જ બોલ્યો; ને એણે તો સાચેસાચ સ્કૂટર કુલપતિ-નિવાસ ભણી હંકાર્યું. (એ અરસામાં ઉમાશંકર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હતા.) મેં મનમાં ધારેલું એવું જ થયું. ઉમાશંકર ઘેર નો'તા; ક્યાંક બહાર ગએલા. માળી ફૂલઝાડને પાણી પાતો હતો. તેને એકાદબે પ્રશ્ન પૂછી અમે પાછા વળતા'તા ત્યાં માળીએ પૂછ્યું: 'જબ સા'બ આવે ઓર પૂછે કિ કૌન આયા થા તો ક્યા બોલું?'

'બોલના કિ કાકાસાહેબ કાલેલકર આયે થે...' કાવકા મોંએ કહીને જાનીએ સ્કૂટર બહાર કાઢી લીધું!

એક વખત અમે ટાઉનહૉલની હૅવમોરમાં બેઠેલા. એ દિવસોમાં નિરંજન ભગતનો અડ્ડો હૅવમોર પર રહેતો. તદ્દન નવું જ પૅન્ટ પહેરીને ભગતસાહેબ આવેલા. વિનોદે અમસ્તું જ તેમની સામે જોયું. સાહેબ એવું સમજ્યા કે વિનોદ તેમના પૅન્ટ સામે જુએ છે.

'પૅન્ટ સામે જુઓ છો ને? એ બિરલાના દરજીએ સીવ્યું છે.' ભગતસાહેબે શરૂ કર્યું, ને બિરલાના દરજી પર પોણો કલાકની તેમની લૉંગ-પ્લે ચાલી. વિનોદ તેમને એકકાન થઈ સાંભળી રહ્યો. પોણો કલાક થઈ ગયો એટલે પીરિયડ પૂરો થયો માની ભગતસાહેબ ત્યાંથી ચાલ્યા ગયા. તેમના ગયા પછી અમિત દિવેટિયાએ વિનોદને આશ્ચર્યથી પૂછ્યું: 'બિરલાના દરજી વિષે ભગતસાહેબ આટલું બધું જાણે છે?'

'હા;' વિનોદ બોલ્યો: 'પણ ભગતસાહેબ એક અગત્યની વાત કહેવી ભૂલી ગયા. બિરલા પૅન્ટ નહિ, ધોતિયું પહેરે છે.'

જાની બોલે છે એવી જ બેફામ ગતિએ સ્કૂટર ચલાવે છે. હું તેના સ્કૂટરની પાછલી સીટ પર બેઠો હોઉં ત્યારે મારો જીવ પડીકે બંધાઈ જાય છે. વારેવારે તેનો ખભો દબાવી સ્કૂટરની ગતિ ઓછી કરવા તેને હું જણાવું. એક દિવસ આ રીતે તેનો ખભો મેં જરા જોરથી દબાવ્યો એટલે સ્કૂટરને સાઈડમાં લઈ જઈ ઊભું રાખતાં મારી સામે જોઈ ગંભીર અવાજે તે બોલ્યો: 'તું વારંવાર મારો ખભો કેમ દબાવે છે? બ્રેક મારા ખભામાં નથી એ તું જાણે છે!'

તેના ખભામાં તો ઠીક, ઘણી વાર તો તેના સ્કૂટરમાં ય બ્રેક નથી હોતી; અને સ્કૂટર પણ તે સ્થિર રાખવાને બદલે થોડું ઢળતું રાખીને ચલાવે છે! સ્કૂટરની જેમ તેનું હૃદય પણ પીસાના ટાવર જેવું થોડું ઢળેલું રહે છે; ખાસ કરીને રૂપગર્વિતા પર. સ્ત્રી-સન્માનની લાગણી તેનામાં ઘણી જ ઊંચી છે.

સ્ત્રી જેવી પોતાની અન્ય નબળાઇઓને પણ તે સારી પેઠે પિછાણે છે. તેને ખબર છે કે તેના પૂર્વગ્રહો-અભિગ્રહો અત્યંત તીવ્ર છે. કોઇએ તેનું કશું જ બગાડ્યું ના હોય, સ્વપ્નમાં ય અહિત ના કર્યું હોય એવી વ્યક્તિ પરનો અણગમો પણ તે બતાવ્યા વગર રહી શકતો નથી. એક વાર અમે બંને કોઈ ક્લબના કાર્યક્રમમાં ભાષણ કરવા ગયા. વિષયો બંનેને અગાઉથી આપી દેવામાં આવેલા. તે બોલવા ઊભો થયો. ટેવ પ્રમાણે માથા પર હાથ ફેરવી, ઑડિયન્સ પર ઊડતી નજર નાખી. તેને 'નો'તો

(અનુસંધાન પૃષ્ઠ ૩૧૪)

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૫મો · પ્રકરણ ૫મું (ચાલુ) · પૅરેડાઈઝ લૉસ્ટ

'પૅરેડાઈઝ લૉસ્ટ'ના ત્રીજા ખંડમાં દૃશ્ય પલટાય છે. સમગ્ર ઘટના સ્વર્ગની ભૂમિ પર ભજવાય છે. દિવ્ય પ્રદેશનું નિરૂપણ કરવા માટે કવિ કલાની દેવી પાસે પ્રકાશ માગે છે. સમગ્ર ખંડની પ્રસ્તાવના (Prologue) રૂપે લખાએલો આ પરિચ્છેદ મિલ્ટનના ઉચ્ચ કવિત્વનો દ્યોતક છે. મિલ્ટનની પ્રાર્થના અહીં આંતરિક પ્રકાશ માટે છે. જો કે કેટલીક પંક્તિઓમાં મિલ્ટન પોતાનું અંધત્વ ટળે તે માટે પ્રકાશ માગી રહ્યો છે એવો નિર્દેશ પણ વિવેચકોએ જોયો છે.

ઈશ્વર પોતાના પુત્ર સમક્ષ માનવજાતના ભાવિ વિષે જે આગાહી અને યોજના પ્રકટ કરે છે તે આ સમગ્ર ખંડની મુખ્ય ઘટના છે. આદમ અને ઈવ નિષિદ્ધ જ્ઞાનવૃક્ષના ફળનો સ્વાદ ચાખવાનાં છે એ ઈશ્વરનિર્મિત યોજના છે. તેમની આ ભૂલને કારણે સ્વર્ગમાંથી તેમનો વિનિપાત થવાનો છે તે પણ નિશ્ચિત છે. ઈશ્વરની આવી પૂર્વનિર્મિત યોજના માનવચિત્તમાં અનેક પ્રશ્નો પેદા કરે તે સ્વાભાવિક છે. સ્વર્ગમાં વિહરતા એક નિર્દોષ યુગલને યુક્તિપૂર્વક જ્ઞાનવૃક્ષનું નિષિદ્ધ ફળ ચાખવા માટે લલચાવવામાં આવે, એ યુગલ પ્રપંચનો ભોગ બની ફળ ચાખે અને પછી ઈશ્વરનો કોપ તેના પર ઊતરે ને સ્વર્ગમાંથી તેને હાંકી કાઢવામાં આવે—આમાં ઈશ્વરી ન્યાય ક્યાં રહ્યો? ઈશ્વર એના પુત્ર સમક્ષ પોતાની દલીલ પ્રકટ કરે છે કે પોતે માનવજાતને વિવેકબુદ્ધિ આપી છે. તેણે વિવેકબુદ્ધિનો સદુપયોગ કરીને ખોટી લાલચમાંથી અથવા પ્રપંચમાંથી ઊગરવું જોઈએ. જો વિવેકબુદ્ધિ મળ્યા છતાં માણસ ભાન ભૂલીને ઈશ્વરના આદેશનું ઉલ્લંઘન કરે તો તેને સજા મળવી જ જોઈએ. માણસજાત વિવેકશક્તિ (Freewill)નો ઉપયોગ ના કરે તો એ તેનો દોષ છે.

ઈશ્વરમુખે ઉચ્ચારાએલી આ દલીલ ભાગ્યે જ પ્રતીતિકર બની શકે. પણ વાત આટલેથી પતી જતી નથી. ઈશ્વર માણસજાત પ્રત્યે પ્રેમ અને કરુણા દાખવવા ઇચ્છે છે. આદમ અને ઇવે પાપ કર્યું તેની શિક્ષા એમણે અથવા એમની વતી બીજા કોઈકે સ્વેચ્છાએ ભોગવવી જ પડે. નહિતર ઈશ્વરનો ન્યાય સાર્થક ના થાય:

He with his whole posterity must die,
Die he or Justice must; unless for him
Some other able, and as willing, pay
The rigid satisfaction, death for death.

મિલ્ટને કાવ્યના આરંભે મનુષ્ય પ્રત્યેના ઈશ્વરના વર્તાવને ન્યાય્ય ઠર્યાવવાનું પ્રયોજન વ્યક્ત કર્યું હતું. (Justify the ways of God to men.) ઈશ્વરનો માર્ગ આ રીતે ન્યાય્ય ઠરાવવાનું તો તેને ઈષ્ટ નહિ જ હોય! ગમે તેમ, પણ મિલ્ટનની નબળી તર્કશક્તિ અહીં સ્પષ્ટપણે દેખાઈ આવે છે. તેણે ઈશ્વરને મનુષ્યની જેમ પોતાનું 'બચાવનામું' પ્રકટ કરતો નિરૂપીને એ પાત્રનું ગૌરવ ખંડિત કર્યું છે. સૃષ્ટિના સર્જનકાર્યનું કે સ્વર્ગનું મિલ્ટને કરેલું વર્ણન પણ કવિત્વના ખાસ ચમકાર વિનાનું છે. મિલ્ટનના સમગ્ર કાવ્યમાં આ ખંડ કાવ્યદૃષ્ટિએ ફિસ્સો છે એવો વિવેચકોનો સર્વસંમત અભિપ્રાય છે.

પણ ત્રીજા ખંડની ક્યાશનું સાટું ચોથા ખંડમાં વળી રહે છે. ઈડનના બગીચામાં આવી પહોંચેલા સેતાનનાં—એની મનઃસ્થિતિના વર્ણનમાં, આદમ-ઈવના શબ્દચિત્રમાં અને સેતાનની એ યુગલને ભ્રષ્ટ કરવાની કામગીરીના વર્ણનમાં મિલ્ટનની કલમ બરાબર ખીલી ઊઠી છે. સેતાનની મતિ પણ આ નવીન પરિસ્થિતિમાં થોડીક ક્ષણો માટે તો મૂંઝાઈ જાય છે. ઈશ્વરનો રોષ પ્રાપ્ત કરીને અંતે ફલશ્રુતિ શી? એની સાથે યુદ્ધે ચડવાનો અર્થ ખરો? ઈશ્વર સામે આચરેલાં દુષ્કૃત્યોનો પશ્ચાત્તાપ કરી લેવો? પણ પોતે પાપાચરણમાં, ઈશ્વરનો પ્રતિકાર કરવામાં ખૂબ આગળ નીકળી ચૂક્યો હતો. હવે પશ્ચાત્તાપ માટે અવકાશ ક્યાં હતો? તદુપરાંત દોજખમાં પડેલા પોતાના સાગરીતોનું શું? એમણે તો આ નેતા પર મોટી મોટી આશાઓ સેવી હતી, એનામાં પોતાનો તારણહાર નિહાળ્યો હતો. એટલે અંતે સેતાન દુર્વૃત્તિમાં જ સરે છે. ઈશ્વરે સર્જેલી નવી માનવસૃષ્ટિને ભ્રષ્ટ કરીને જ તે ઈશ્વર પર વેર વાળ્યાનો સંતોષ લેવા ઝંખે છે. પોતાના કલ્યાણની તો હવે આશા રહી જ નથી:

All good to me is lost;
Evil, be thou my good.

સેતાનમાં વેરવૃત્તિનો નવો સંચાર થાય છે. કવિએ સેતાનની આંખે ઈડનના બગીચાનું મનહર વર્ણન કર્યું છે. એ બગીચાના એક સૌથી ઊંચાં જીવનવૃક્ષ (Tree of Life) પર જીવનભક્ષક દરિયાઈ પંખીનું રૂપ ધરીને સંતાઈ બેસે છે. એની જ આંખે કવિ આદિમાનવ યુગલનું ચિત્ર આલેખે છે:

...undelighted all delight, all kind
Of living creatures, new to sight and strange
Two of far nobler shape, erect and tall,
God-like erect ... ...
In naked majesty.

એ યુગલમાં ઈશ્વરની પ્રતિભાનો પ્રકાશ તેને દેખાય છે:

He for God only, she for God in him.

એ યુગલના નગ્ન દેહની નિર્દોષતાથી કવિ મુગ્ધતા અનુભવે છે, કારણ—

Then was not guilty shame.

સાદી સરળ ભાષામાં એ યુગલનું સુરેખ ચિત્ર મિલ્ટને આલેખ્યું છે:

So passed they naked on, nor shunned the sight
Of God or Angel, for they thought no ill;
So hand in hand they passed, the loveliest pair,
That ever since in love's embraces met.

આદમ-ઈવનું અદ્ભુત, નિર્દોષ યુગલ નિહાળીને થોડીક ક્ષણભર સેતાનનું ચિત્ત પણ દ્વિધા અનુભવે છે. આ યુગલે એનું શું અહિત કર્યું છે? એ નિર્દોષ મનોહર યુગલને વિનાકસુર શા માટે દૂષિત—શાપિત કરવું? પણ તરત જ ઈશ્વર પરના વેરનો સંકલ્પ એના ચિત્તમાં ઊછળવા લાગે છે. સેતાનમાં પણ શુભ-અશુભ વચ્ચેનો સંઘર્ષ અનેક વાર ચાલે છે. ઈવને છળવા માટે તે સાપનું રૂપ ધારણ કરવા તત્પર બને છે (નવમા ખંડમાં) ત્યારે પણ તેના અંતરમાં સદ્-અસદ્ વચ્ચે ખેંચતાણ તો થાય છે જ. વેર એટલે શું? એની ફલશ્રુતિ કેવી? સેતાનનો વિવેક ક્ષણભર ડોકું બહાર કાઢે છે. એને વિચાર આવે છે:

Revenge, at first though sweet,
Bitter ere long back on itself coils.

પણ એની મહત્ત્વાકાંક્ષા અને ઈશ્વર પ્રત્યેનો પ્રકોપ અને વેરવૃત્તિ એનાં

લઘુકથા

પડીકું

અશ્વિન વસાવડા

ઘેરથી નીકળ્યો ત્યારે જ તેણે સવિતાને વચન આપેલું: 'આજે સાંજે રામુ માટે બંડીનું કાપડ જરૂર લાવીશ.'

પગાર મોડો મળ્યો; પરિણામે આજે તેને મોડું થઈ ગયું: 'બંડીનું કાપડ લેવા હવે કાલે જઈશ.' પહેલી તારીખના માનમાં રામુ માટે બ્રેડ લઈ તે બસની રાહ જોતો ઊભો રહ્યો.

બસ આવી. બેઠક મેળવી. રંગબેરંગી ગરમ વસ્ત્રો પહેરેલાં બાળકોને જોઈ તેને રામુનું બંડીનું કાપડ યાદ આવ્યું: 'રામુ અને સવિતા નારાજ તો થશે, પણ શું થાય.'

એક પુરુષ તેના પુત્ર સાથે તેની પાસે બેઠો. પરિણામે તેને બારી તરફ થોડું ખસવું પડ્યું. તેને કંઈ સ્પર્શ થયો. તેણે જોયું તો એક પડીકું પડ્યું હતું. હાથમાંના બ્રેડના પડીકાને ખોળામાં દબાવી તે વિચારી રહ્યો: 'કોઈ ભૂલી ગયું લાગે છે.'

તેની બાજુમાં આવેલા બાપ-દીકરાની વાતો ઉપરથી લાગ્યું કે પુત્રે પહેરેલું સ્વેટર આજે જ ખરીદાયું છે. બાળક ખૂબ આનંદમાં હતો. તેને રામુ યાદ આવ્યો: 'સવારમાં નિશાળે જતાં કેવો ધ્રજે છે!...આ પડીકા-માં સ્વેટર હોય તો?'

કોઈ પોતાને જોતું તો નથી ને, તે ચોર આંખે જોઈ તેણે પડીકા ઉપર હાથ દાબ્યો. તેને મુલાયમ હૂંફાળો સ્પર્શ થયો...'રામુના માપનું જ સ્વેટર હોય તો કેવું સારું! હું સવિતાને કહીશ, તું બંડીનું કહેતી હતી ને?—લે આ સ્વેટર જ લાવ્યો'.

'ગીતામંદિર...' કંડક્ટરે બૂમ પાડી.

નિત્યનિયમ પ્રમાણે તેણે હાથ જોડ્યા......'અરે હું પણ કેવો છું?...આ ક્યાં મારું છે?...હું કંડક્ટરને આપી દઈશ, જેનું હશે તે બીચારો લઈ જશે...પણ કંડક્ટર જ રાખી લે તો? એ કરતાં હું જ લઈ લઉં તો?' હા—ના,'હા-ના નો મનમાં સંઘર્ષ થયો.

'મજુરગાંવ...'

તે સફાળો ઊભો થયો. બારણા પાસે પહોંચ્યો ત્યાં કંડક્ટરે બૂમ પાડી: 'એ ભાઈ! આ પડીકું...' 'હેં...?!'

અને હાથમાંનું બ્રેડનું પડીકું સંભાળતો લગભગ દોડતો જ તે બસ-માંથી ઊતરી ગયો. □

બળવાન છે કે વેર અને વિદ્રોહનો માર્ગ જ એને આકર્ષે છે. ઈશ્વરે એને અને એના પદભ્રષ્ટ સાથીઓને ઈર્ષાગ્નિમાં જલાવવા માટે જ પોતાના દિવ્ય અંશમાંથી 'માનવ' સર્જ્યો. એને પોતાનો પ્રિય ગણ્યો. એ માટી-પગા માનવીને ભ્રષ્ટ, દૂષિત, શાપિત કરીને જ એના સર્જનહાર પર વેર વસૂલ કરી શકાય. વેર ગમે તેવું તીક્ષ્ણ ફળ આપે તો પણ—

Spite then with spite is best repaid.

ઈવને નિદ્રાવશ જોઈ નાનકડા દેડકાનું રૂપ ધરી તે ઈવના કાન પર ઝૂક્યો, તેનામાં આસુરી પ્રેરણા ફૂંકી અને એના દિમાગમાં દુઃસ્વપ્ન પ્રેરાય તેવો મંત્ર મૂક્યો. વેર માટેની ભૂમિકા તેણે તૈયાર કરી દીધી. પણ ઈશ્વરના માનીતા દેવદૂત તેનું પગેરું ખોળતા ત્યાં આવી ચડવાથી તેને એ સ્વર્ગીય પ્રદેશમાંથી નાસવું જ પડ્યું.

'પૅરેડાઈઝ લૉસ્ટ'ના પાંચથી આઠ ખંડમાં ઈશ્વરના દૂત રૅફેલ અને આદમ વચ્ચેનો વાર્તાલાપ છે. રૅફેલ સ્વર્ગમાં ઈશ્વર અને સેતાન વચ્ચે અગાઉ ખેલાઈ ચૂકેલા યુદ્ધનો ચિતાર આદમ સમક્ષ વર્ણવે છે. એ યુદ્ધ-વર્ણનનો ખાસ કશો પ્રભાવ વાચકના ચિત્ત પર પડી શકતો નથી. સર્વ-શક્તિમાન ઈશ્વરના માત્ર હોઠ હલવાથી—એની ઇચ્છામાત્રથી સેતાન અને તેની સેના છિન્નભિન્ન થઈ જાય તેમ છે ત્યાં બે અસમાન હરીફો વચ્ચે યુદ્ધ વિસ્તરવાનો, વિકસવાનો અવકાશ જ ક્યાં રહે છે? એટલે એ ચિતાર પ્રતીતિકર નીવડતો નથી અને કાવ્યનો અંતર્ગત અંશ પણ બની શકતો નથી.

સમગ્ર કાવ્યનો ઉત્તમ ભાગ નવમા ખંડથી શરૂ થાય છે. સાપનું રૂપ ધરીને એકાંતમાં ઈવને શોધતો સેતાન આવે છે તે પૂર્વે જ દુઃસ્વપ્નની છાયા ઈવના ચિત્તમાં ઘેરાઈને પડી છે. દુઃસ્વપ્નથી પ્રેરાએલી ઈવને એ દિવસે આદમથી જુદા પડીને પોતાનું કામ કરવાની વૃત્તિ જાગે છે. આદમ-ની સમજાવટ, ચેતવણી એ કશાની અસર ઈવના મન પર પડતી નથી. ઈવની ઇચ્છાને અધીન થવાનું જ આદમના ભાગ્યમાં લખાએલું છે.

સાપના મોહક રૂપનું અને એને જોતાં, એની વાણીને સાંભળતાં ઈવના ચિત્ત પર પડેલા પ્રતિભાવોનું કવિએ સુરેખ વર્ણન કર્યું છે. સેતાન અને ઈવ વચ્ચેનો સમગ્ર વાર્તાલાપ દલીલચાતુર્યથી સભર છે. સેતાનની વાક્છટા એની પ્રભાવકતા, ઈવના અંતરમાં ઈશ્વરી આદેશ અને જ્ઞાનફળ ચાખવાની ઉત્સુકતા, લાલસા વચ્ચેની ખેંચતાણ—એ સર્વનું સમર્થ નિરૂપણ અહીં થયું છે. સેતાનનું વાક્ચાતુર્ય ઈવના ચિત્તમાં જાગેલા તમામ સંશયોને છેદી નાખે છે. ઈવ સેતાનની વાગ્જાળમાં બરાબર સપડાય છે. જ્ઞાનવૃક્ષના ફળ માટે તેની ઝંખના અદમ્ય બને છે. ફળ આસ્વાદન માટે ઈજન આપી રહેલું દેખાય છે. અને કવિ કહે છે:

...her rash hand in evil hour
Forth reaching to the fruit, she plucked, she eat

અને આખી સૃષ્ટિમાં તેના પ્રબળ પ્રત્યાઘાત ઊઠ્યા:

Earth felt the wound, and Nature from her seat,
Sighing through all her works, gave signs of woe
That all was lost.

જ્ઞાનનું નિષિદ્ધ ફળ ઈવે ચાખ્યું કે તરત વિવેક-અવિવેકના ભાનનો, સ્વાર્થનો, આદમ સાથે દ્વૈતભાવનો તેનામાં ઉદય થયો. એ ફળ આદમને ચાખવા આપવું? પોતાને મળેલા જ્ઞાનમાં તેને સહભાગી બનાવવો? પણ કદાચ ફળ ચાખવાની ભૂલ માટે ઈશ્વર મોતની શિક્ષા કરે તો? ઈવને આ સંદર્ભમાં આવતો વિચાર રમૂજ પ્રેરે તેવો છે. સ્ત્રી-સ્વભાવની લા-ક્ષણિકતા તેમાં બરાબર પ્રકટ થઈ છે:

And death ensue? Then I shall be no more,
And Adam, wedded to another Eve
Shall live with her enjoying, I extinct!

અને આદમ વિવેકબુદ્ધિપૂર્વક નહિ પણ ઈવના સૌંદર્યનો દાસ બનીને ઈવની વિનંતી સ્વીકારે છે. ઈવનો વિયોગ તે કલ્પનામાં પણ સહી શકે તેમ નથી:

Our state can not be severed; we are one,
One flesh; to lose thee were to lose my self.

ઈવ પોતાના હસ્તે જ્ઞાનવૃક્ષનું આકર્ષક ફળ તેની સામે ધરે છે ને કવિ એ સમયની આદમની વૃત્તિનું જે ચિત્ર આલેખે છે તે સર્વથા યોગ્ય છે:

...he scrupled not to eat
Against his better knowledge, not deceived,
But fondly overcome with female charm.

સૌન્દર્યના જામમાં વિવેક-જ્ઞાન ડૂબી જાય છે એ વિશ્વાનુભવ આદિ-માનવથી થતો આવ્યો છે. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં

ઑક્ટોબર ૧૯૫૨ - સળંગ અંક ૩૪૬








આ જથી પચ્ચીસ વર્ષ પહેલાંનો અંક દિવાળીનો અંક હોઈ તેમાં પ્રસંગને અનુરૂપ રંગોળી પૂરવાનાં આપણાં કેટલાંક પ્રાચીન કલાત્મક ઓઠાં (સ્ટેન્સિલ) આપેલાં. તેના થોડા નમૂના અહીં તથા વર્ણન સાથેનાં બીજાં ચિત્રો પૃષ્ઠ ૩૨૬ પર આપ્યાં છે.

એ જ અંકમાં સ્વ. રત્નમણિરાવ ભીમરાવે 'ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય' નામનો સચિત્ર અભ્યસનીય લેખ લખેલો. તેના અનુસંધાનમાં તૈયાર કરેલી, સ્થાપત્યના વિવિધ પ્રકારો ઓળખવા માટેની કેટલીક માર્ગદર્શક વસ્તુઓની સચિત્ર સમજણ આપેલી તે અહીં તથા સામેના પાને આપી છે.

સ્થા પત્યના વિવિધ પ્રકારો ઓળખવા માટે જે કેટલીક માર્ગદર્શક વસ્તુઓ છે તેમાં કમાનો, ઘુમ્મટ ને મિનારા મુખ્ય છે. તે જોઈને એ કયા દેશનું તથા કયા સમયનું સ્થાપત્ય હશે તે સમજી શકાય. એની વિવિધતા અને વિશિષ્ટતા એટલી બધી છે કે તેનો સમગ્ર ખયાલ આપતાં તો એક પુસ્તક થાય. પણ પ્રાથમિક જ્ઞાન મેળવનારને માટે થોડી પ્રાદેશિક માહિતી આપતી આકૃતિઓ સામેના પાના ઉપર આપી છે. તેમાં મથાળે કમાનો, વચ્ચે ઘુમ્મટો તથા છેલ્લે સ્તંભો કે મિનારા છે. કમાનોનો સૌથી પ્રાથમિક પ્રકાર બે થાંભલાઓ પરથી અથવા બે બાજુની ભીંતમાંથી પથ્થરની છાટો આગળપડતી કાઢતા જઈને છેવટે મથાળે સિરદલ તરીકે મોટી સળંગ છાટ મૂકી દેવાનો હતો (આકૃતિ ૧). હિંદુ સ્થાપત્યમાં એ શૈલી વિકસીને ગુજરાતની કમાનોએ જે શોભન-સ્વરૂપો ધારણ કર્યાં તેના નમૂના આકૃતિ ૨ અને ૩માં દર્શાવ્યા છે, જે પૈકી નં. ૨ તો મસ્જિદોના મહેરાબોમાં પણ જણાશે. પથ્થરની સીધી છાટ મૂકવામાં પાછળથી કમાનને ગોળાઈ આપવામાં આવી (આકૃતિ ૫) અને તેમાં પછી સૂર્યકિરણોની માફક ત્રાંસા પથ્થરો મૂકીને ગોળ કમાન રચવાનો પ્રકાર વિકસ્યો (આકૃતિ ૬). યુરોપના દેશોમાં જે સાંકડી અણિવાળી કમાનો થઈ તેને 'ગોથિક' ઘાટ કહે છે. આકૃતિ ૭માં તેનો ૧૩મી સદીનો નમૂનો બતાવ્યો છે અને ૧૫મી સદીમાં વિકસેલું તેનું સ્વરૂપ આકૃતિ ૧૪માં દર્શાવ્યું છે. આકૃતિ ૮ બૌદ્ધ વિહારોની 'પીપળ પાન' આકારની કમાન દર્શાવે છે. આકૃતિ ૯થી મુસ્લિમ કમાનોના પ્રકાર શરૂ થાય છે. તેમાં નં. ૯ તે ઈ. ૧૩૨૫ના પઠાણ સમયની, નં. ૧૦ તે પછીના ઉત્તર હિંદની, નં. ૧૧ અમદાવાદની જુમામસ્જિદની (ઇ. ૧૪૨૦) અને નં. ૧૨ છેલ્લા ૧૭મી સદીના મુઘલ સમયની કમાનોના ઘાટ દર્શાવે છે. ❧ ઘુમ્મટોની પ્રેરણા કદાચ સ્તૂપો ઉપરથી મળી હશે. આકૃતિ ૧ સાંચીના સ્તૂપોનો ઘાટ દર્શાવે છે, જ્યારે નં. ૨માં સ્તૂપોની આકૃતિઓ બેઠા ઘાટમાંથી ઉત્તરોત્તર વિકસીને ઘુમ્મટનું સ્વરૂપ કેમ લેતી ગઈ તે બતાવ્યું છે. નં. ૩માં ઓરિસ્સાના પ્રાચીન ભુવનેશ્વર મંદિરના હિંદુ ઘાટના ઘુમ્મટો દર્શાવ્યા છે. નં. ૪ થી ૮ ઇસ્લામી ઘુમ્મટોનો પ્રકાર દર્શાવે છે, જેમાં નં. ૪ ઈ. ૧૩૧૦નો, નં. ૫ લોદી સમયનો, નં. ૬ હુમાયૂંની કબરનો, નં. ૭ તાજમહાલનો અને નં. ૮ બિજાપુરનો ૧૬મી સદીનો છે. ગુજરાતના ઘુમ્મટો મોટે ભાગે નં. ૫ના પ્રકારના છે. ❧ સ્તંભો અને મિનારામાં નં. ૧ હિંદુ ઢબનો ચિતોડનો જયસ્તંભ છે; નં. ૨ ગઝનીનો ૧૧મી સદીનો અફઘાન ઘાટ છે; નં. ૩ ૧૨મી સદીનો દિલ્હીનો કુતુબ મિનાર છે; નં.૪ ૧૫મી સદીનો દક્ખણ ઢબનો બીદરનો, નં. ૫ એ જ કાળનો અમદાવાદનો, નં. ૬ ૧૭મી સદીનો તાજમહાલનો ને નં. ૭ એ જ કાળનો દક્ખણનો બીજાપુરનો ઘુમ્મટ છે.



૧ ૨ ૩ ૪
૫ ૬ ૭ ૮
૯ ૧૦ ૧૧ ૧૨
૧ ૨ ૩
૪
૫ ૬ ૭ ૮
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭





પેપર સ્ટેન્સિલ : રંગોળી પૂરવાનાં કાગળનાં ઓઠાં કાપવાની કટાઈ-કલા

આ પણી જે ઘણી પ્રાચીન ને પરંપરાગત લોકકલાઓ પશ્ચિમની કેળવણીના જડ અનુકરણમાં મરી ગએલી રસવૃત્તિને કારણે આજે લગભગ લુપ્ત થઈ ગઈ છે તેમાં એક આ પણ છે. દિવાળી, દુર્ગાપૂજા કે નવરાત્રી, કૃષ્ણ-જન્માષ્ટમી વગેરે જેવા ઉત્સવો વખતે આપણાં ઘરો તેમજ મંદિરોનાં આંગણાં જે વિવિધ રંગોળીથી ઝળકી ઉઠતાં તે બનાવવાનાં સાધનોમાં કાગળમાંથી કોરી કાઢેલાં ઓઠાં—'પેપર સ્ટેન્સિલ' મુખ્ય હતાં. તેના સોંસરા રંગો ભભરાવી કે પાથરીને નાનાવિધ શોભનઆકૃતિઓ, પ્રાણીઓ, મકાનો, વૃક્ષો અને કૃષ્ણજીવનના પ્રસંગો આલેખાતાં. મોટે ભાગે મથુરા, જયપુર ને દિલ્હી તરફ આ કલાની બોલબાલા હતી: જમીન પર કે સ્થિર પાણીની સપાટી પર પૂરેલી એ રંગોળીઓ દિવસો સુધી ટકતી ને લોકો તે ઘેરઘેર જોવા નીકળતા તથા તેની ચર્ચાઓ કરતા.

જરા કડક કાગળ પર ચિત્રાકૃતિ આલેખીને પછી નરેણી જેવા તીક્ષ્ણ સાધન વડે એ આકૃતિઓ પાડવાના ગાળા એવી ખૂબીથી કોરી કાઢવામાં આવતા, કે રેખાઓનું સાતત્ય જળવાઈ રહેવા છતાં કાગળ તદ્દન કપાઈ ન જાય. આ મર્યાદાને કારણે એમાં ખૂબ સમય ને શક્તિ દાખવવા પડતાં, છતાં એમાં જે બલ, આવેગ ને શોભનલાલિત્ય પ્રકટતાં તે આ સાથે છાપેલાં ચિત્રો પરથી પ્રતીત થશે. આ લેખને મથાળે છાપેલાં વૃક્ષોના નમૂનાઓમાં તેની દરેકની વ્યક્તિતા જુઓ, હરણનો શિકાર કરતા ચિત્તાની વહેતી રેખાઓ જુઓ, કે આ ગાયોનાં સૌષ્ઠવ જુઓ—બધાંમાં રાજપુત ચિત્રકલાનું રેખાલાલિત્ય જણાશે. રાજપૂત કલમબાજીની જ એ એક શાખા હતી.

મંદિરો તથા શ્રીમંતો દ્વારા આવા કલાકારોનાં કુટુંબો પોષાતાં. તેનો આજે અંત આવી ગયો છે તે પર બળાપો કરતાં વિખ્યાત કલાવિવેચક આનંદ કુમારસ્વામીએ લખેલું કે આપણી કેળવણીના બડેખાંઓને શાળાઓમાં આવી ઘરઘરની કલાઓને ખીલવવાનું સૂઝવાનું નથી; અને પછી એક અપેક્ષા વ્યક્ત કરી છે કે 'વૂડ કટ (કાષ્ઠકોતર-કલા)ના જેવી આ જોરદાર કલાની ખાટી પર તો આપણા ગ્રંથોનાં ચિત્રો ચીતરવાની એક શૈલી વિકસાવી શકાય.

કલાવાર્તા



ભગવાન ઋષભદેવ, જૈન શુભસંકેતો ને શત્રુંજય ઉપરનાં જૈન મંદિરોની રજૂઆત સાથેનું પાલીતાણાના એસ. ટી. બસ સ્ટેશન પરનું શાંતિ શાહે કરેલું મોઝેઈક.

મોઝેઇકની કળા

કલાકાર શાંતિ શાહની મોઝેઈક-કલાથી 'કુમાર'ના વાચકો અપરિચિત નથી. હજી ગયા અંકમાં જ એમની એ પ્રકારની એક કૃતિ પૂર્ણ રંગમાં આવી ગઈ. તાજેતરમાં શેઠ ચી. ન. કલા મહાવિદ્યાલય (અમદાવાદ)માં એમનાં કેટલાંક નવાં ને નાનકડાં મોઝેઈકનું એક પ્રદર્શન યોજાએલું. એ નિમિત્તે કવિ-ચિત્રકાર માધવ રામાનુજે ગુજરાતના ટી. વી. સ્ટેશન માટે એમની સાથે એક વાર્તાલાપ પણ પ્રયોજ્યો હતો. શાંતિ શાહનો તથા એમના કલા-વિચારોનો પરિચય આપવા સાથે મોઝેઈકના કસબનો ખ્યાલ આપતી એ પ્રશ્નોત્તરીની થોડા ફેરફાર સાથેની તારવણી (ગુજરાત ટી. વી. સંચાલનના સૌજન્યથી) આ નીચે રજૂ કરી છે:

પ્રશ્ન: મોઝેઈકની રજૂઆતમાં દર્શાવવાની વિગતો વગેરે અંગે અભ્યાસ અને માહિતી એકઠી કર્યા પછી પ્રથમ એને કાગળ પર ઉતારતા હશો. ખરું?

ઉત્તર: હા. ઘણી વાર એ લાગે છે એટલું સરળ નથી હોતું. મોઝેઈકમાં આપવા ધારેલી વિગતોનું સંયોજન ગોઠવતાં ક્યારેક તો દિવસો નીકળી જાય છે. એનું રંગવિધાન વિચારવામાં પણ સમય જાય છે, ને એ પછી જ એને કાગળ પર ઉતારવા જેવું સ્વરૂપ મનોમન ઘડાય છે.

પ્રશ્ન: એ સ્વરૂપ કાગળ પર ઉતાર્યા પછી?

ઉત્તર: કાગળ પરનો એ પૂર્વ-આલેખ મોઝેઈક કરાવનાર પાસે મંજૂર પણ કરાવવાનો ખરો ને? એમની પસંદગીની મહોર લાગ્યા પછી જ તો ખરું કામ આગળ ચાલે. મંજૂરી મળ્યા પછી, જે કદમાં મોઝેઈક કરવાનું હોય તે અસલ કદમાં કાગળ પર તૈયાર કરીને મારા નિવાસસ્થાનના ભોંયરામાં-એટલે કે મારા સ્ટૂડિયોમાં-એને પાથરી ને એના પર રંગ અને આકાર પ્રમાણે રંગબેરંગી કપચીઓ ગોઠવી એને મોઝેઈકમાં ફેરવી નાખીએ છીએ. આ માટે અન્ય કલાકાર અને કસબીઓને પણ મદદમાં લઉં છું.

પ્રશ્ન: આ બધી રંગબેરંગી કપચીઓ કઈ રીતે તૈયાર કરો છો? ને તેની ઊજળી, ચળકતી અનેકવિધ રંગછાંય કઈ રીતે મેળવો છો?

ઉત્તર: કપચીઓ તો આપણે રસોડા-બાથરૂમ વગેરેમાં લગાડીએ છીએ એ ગ્લેઝ્ડ ટાઈલ્સને તોડીને તૈયાર કરીએ છીએ. પણ એમાં અમુક જ રંગછાંય હું ખાસ ઑર્ડર આપીને બનાવડાવું છું. 'ઈસ્ટર્ન સિરામિક્સ' અને 'પરસરામ પૉટરી વર્ક્સ' મને એ બનાવી આપે છે. જો કે એ માટે તેઓને કેટલીક ખાસ પ્રક્રિયાઓ કરવી પડે છે તેથી એ ઠીકઠીક ખર્ચાળ બને છે; પણ

એ રીતે મારે જોઈતા રંગ અને સારી ગુણવત્તા-વાળી કપચી મને મળે છે.

પ્રશ્ન: પછી એ વિવિધરંગી ટાઈલ્સને આપ કઈ રીતે કામમાં લો છો?

ઉત્તર: મૂળ તો એ બધી ૬×૬ ઈંચના આકારની હોય છે. મોઝેઈક માટે જરૂરી એવા ને એવડા ટુકડા મેળવવા અમે એને તોડી નાખીએ છીએ. ક્યારેક અમુક વળાંકદાર આકાર મેળવવા અમારે એના ટુકડાને ઘસવા કે ઘડવા પણ પડે. આ માટે ક્યારેક વધારે ટાઈલ્સ પણ તોડવાં પડે. એમાં આંખની કીકી, ભ્રમર કે પાંપણો જેવા નાજુક ભાગ માટે દરેક ટુકડાને ઘસવા-ઘડવાની ધીરજ અને એ માટે થોડા બગાડની તૈયારી તો રાખવી જ રહી. સદ્ભાગ્યે મને આવી ધીરજ-વાળા સાથી કલાકર-કારીગરો મળ્યા છે. શેઠ ચી. ન. કલામહાવિદ્યાલયમાં તૈયાર થએલા નવ-કલાકારો પણ તેમાં સાથ આપે છે.

પ્રશ્ન: સ્ટૂડિયોમાં આ રીતે આખું મોઝેઈક-મ્યૂરલ તૈયાર કર્યા પછી એને એના સ્થળ પર કઈ રીતે લગાડો છો?

ઉત્તર: સ્ટૂડિયોમાં તૈયાર થઈ ગયા પછી તો એને સ્થળાંતર જ કરાવવાનું રહે. પણ સ્ટૂડિયોમાં કરેલી ગોઠવણી ચૂંથાઈ ન જાય એ સારુ એના પર ગુંદરથી કાગળ ચોડી દઈએ છીએ. એ પછી ફેરવણીની સરળતા માટે કપચી સાથેના એ કાગળને અનુકૂળતા પ્રમાણે કાપી નાખી એના પર નંબર નાખીએ છીએ. ને ત્યાર બાદ એને સંભાળપૂર્વક સ્થળ પર પહોંચાડીએ છીએ.

પ્રશ્ન: પછી એને દીવાલ પર કઈ રીતે લગાડો?

ઉત્તર: એ માટે દીવાલ પર પ્લાસ્ટર કરાવીને એકસરખી સપાટી મેળવવી પડે. એ થઈ જતાં એના ઉપર સફેદ સિમેન્ટ વડે પેલી કાગળ સાથેની કપચીઓ એને આપેલા ક્રમ પ્રમાણે ચોડી દઈએ. કારીગરો જે રીતે ટાઈલ્સ ચોડે એવું જ, પણ જરા વધુ ચોકસાઈવાળું આ કામ છે. પછી ઉપરનો કાગળ ધોઈ નાખીએ.

પ્રશ્ન: મોઝેઈકની કપચીઓના રંગો પર હવામાનની કોઈ અસર થાય ખરી?

ઉત્તર: રંગીન ટાઈલ્સને ૭૦૦ ડિગ્રીથી યે વધુ ગરમીમાં પકાવવામાં આવે છે, એટલે હવામાન કે ઋતુની કોઈ અસર એને લાગતી નથી. કદાચ કોઈ કારણસર ભીંત પડે કે કપચી તૂટે ખરી, પણ એનો રંગ ફીટે નહિ.

પ્રશ્ન: એ દૃષ્ટિએ તો આ માધ્યમ મહત્ત્વનું ગણાય. આ ઉપરાંત એની બીજી કોઈ લાક્ષણિકતા કે વિશેષતા ખરી?

ઉત્તર: કોઈ પણ ઈમારતમાં, અંદર કે બહાર, મોઝેઈક ઉપરાંત આરસ, પથ્થર, ધાતુ, સિમેન્ટ વગેરે જેવાં બીજાં માધ્યમોમાં પણ સુશોભન તો થઈ શકે છે, પણ એમાં વપરાએલા પદાર્થનો પોતાનો રંગ આવે છે. ક્યારેક એની ઉપર રંગ લગાડવો પડે છે. પણ એ લગાડેલો રંગ કાયમ એવો જ રહેતો નથી. વળી, કેટલાક પદાર્થો કાયમ એકસરખા ટકી પણ શકતા નથી. મોઝેઈકમાં એવું નથી થતું. નથી એ ઊખડી જતું કે નથી એનો રંગ ફિક્કો પડતો. વળી ચિત્રકામ જેટલી વિવિધ રંગછાંય મોઝેઈકમાં ઉતારી શકાય છે ને એની આગવી ચમક અને ચળક ઉપરાંત ફેરવાતા જતા સૂર્યપ્રકાશ કે કૃત્રિમ પ્રકાશમાં પણ એ અવનવી લીલા બતાવે છે.

પ્રશ્ન: આવું ઉત્તમ માધ્યમ હોવા છતાં બીજા કલાકારોનું ધ્યાન એના પ્રતિ કેમ નહિ ગયું હોય?

ઉત્તર: તદ્દન તો એમ ન કહી શકાય. પણ આ કામ માત્ર ચિત્રસર્જન જેવું નથી. વળી, એકલા હાથે એ મુશ્કેલ છે. આ માટે યોગ્ય માણસોનો સાથ મેળવવો, એમની પાસેથી ધાર્યું કામ કઢાવવું, સમય ને ખર્ચની મર્યાદામાં તે પાર પાડવું, જરૂરી કપચીઓ માટે યોગ્ય ટાઈલ્સ મેળવવાં કે બનાવડાવવાં વગેરે ઘણી બાબતોને પહોંચી વળવાની ક્ષમતા પણ જોઈએ. એટલે આમાં માત્ર કલાકાર હોવું એટલું જ પૂરતું નથી.

પ્રશ્ન: આપે આ માધ્યમને જુદી જ રીતે પ્રયોજ્યું ખરું, પણ અગાઉ એમાં કોઈ ઉલ્લેખનીય કામ થએલું છે ખરું?

ઉત્તર: આમ તો આ માધ્યમ બહુ જૂના કાળથી જાણીતું છે. યુરોપનાં અનેક પ્રાચીન સ્થળોમાં એનો ઉપયોગ થયો છે. પૉમ્પીઆઈ, પારી(સ), મ્યૂનિખ, લંડન, મેક્સિકો એમ અનેક સ્થળે પ્રાચીન તેમજ આધુનિક ઈમારતો પર મોઝેઈકનાં સુશોભનો ને ચિત્રો થએલાં છે. આપણે ત્યાં પણ અનેક જૂનાં ઘરો ને દેવસ્થાનોમાં એનો ઉપયોગ થયો છે, પણ બહુધા એનું સ્વરૂપ શોભન-આકૃતિઓમાં જ રહ્યું છે. મેં એને જે સ્વરૂપમાં પ્રયોજ્યું છે એ રીતે એનો ઉપયોગ આપણે ત્યાં અગાઉ થયાનું જાણમાં નથી. આ રીતે દ્વારિકાથી માંડી દાંડી સુધીના ગુજરાતમાં ત્રીસેક જેટલાં જાહેર મકાનોને મેં શણગાર્યાં છે. સ્વાભાવિક રીતે જ મને એનાં ગૌરવ ને આનંદ છે. □

કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ્સ ઑવ બરોડા

મહારાજા સયાજીરાવ ગાયકવાડના સમયથી વડોદરા 'સંસ્કાર નગરી'નું બિરુદ પામેલું છે. ચિત્ર, સંગીત, નૃત્ય, નાટ્ય ઇત્યાદિ લલિત કલાઓની સાથે ચાલતી રહેલી અહીંની અનેકવિધ સાંસ્કારિક પ્રવૃત્તિઓમાં છેલ્લે અહીંના ફોટોગ્રાફરોએ એમાં ફોટોગ્રાફીની કળાનું એક વધુ ઉમેરણ કર્યું છે. અવનવા વિચારો અને અનુભવની આપલે તથા ચર્ચા-વિચારણા દ્વારા પોતપોતાની ફોટોકલાનો વિકાસ સાધી શકાય એ હેતુથી કેટલાક ફોટોગ્રાફર મિત્રોએ ઈ. ૧૯૭૦માં 'કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ્સ ઑવ બરોડા'નામે એક મંડળની સ્થાપના કરેલી. આજે એમાં ૧૫૭ જેટલા સમવ્યાસંગી સભ્યો છે. આમાંના કેટલાક સભ્યો તો દેશવિદેશનાં ફોટો-પ્રદર્શનોમાં માન-ઈનામો પામેલા નામી ફોટોગ્રાફરો છે. પરંપરિત શૈલીથી માંડી આધુનિક ઢબે અવનવી તરકીબોવાળી ફોટોગ્રાફીમાં આ સૌ સભ્યો અંગત રુચિ અનુસાર કામ કરે છે. મંડળ દ્વારા સાથે મળીને તેઓ જે કેટલીક પ્રવૃત્તિઓ કરે છે તેમાં ખ્યાતનામ ફોટોકલાકારોની કૃતિઓનાં પ્રત્યક્ષ ઉદાહરણો સાથે એમનાં દૃષ્ટિબિંદુ તથા કામ કરવાની રીત વગેરે વિષેના વાર્તાલાપોનું આયોજન, સભ્યોએ કરેલાં ફોટોસર્જનનાં વ્યક્તિગત તેમજ સમૂહગત પ્રદર્શનો ને ડાર્કરૂમની અવનવી તરકીબોના પ્રત્યક્ષ પાઠ ઉપરાંત પીઢ અનુભવી સભ્યો દ્વારા માર્ગદર્શન વગેરે સાથે અવારનવાર ફોટોગ્રાફી અર્થે નાનામોટા પ્રવાસ-પર્યટનો પણ યોજે છે.

વળી 'ફેડરેશન ઑવ ઇન્ડિયન ફોટોગ્રાફી'-ની પાસેથી મેળવેલાં ફોટો-પ્રદર્શનો દ્વારા આ ક્ષેત્રનાં વિકાસ-વલણોથી પણ સૌ સભ્યો જ્ઞાત રહે છે. મંડળના આરંભમાં માત્ર વડોદરા શહેર તથા તેની નજીકના રહેવાસી માટે જ ખુલ્લું સભ્યપદ વધતી ગએલી માગ પછી હવે સમગ્ર દેશ માટે ખુલ્લું હોઈ વડોદરાથી દૂરદૂરનાં અનેક શહેરોના ફોટોકલાકારો પણ મંડળમાં જોડાયા છે. આમાં ઘણા વ્યવસાયી ફોટોગ્રાફરો પણ છે, જેઓ આ ક્ષેત્ર અંગેનાં વ્યાવસાયિક પાસાંઓનો ખયાલ આપવા સાથે પોતાના કાર્યમાં લલિત અંગનું ઉમેરણ કરવાનો લાભ પામે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ફોટોગ્રાફીની સાધન-સામગ્રી અત્યંત મોંઘી બનતી રહી હોવા છતાં એ વિષમ પરિસ્થિતિમાં પણ સભ્યો મંડળની પ્રવૃત્તિઓ અને પોતાનો શૉખ ટકાવી રહ્યા છે એ પણ એની સક્રિયતાની એક સિદ્ધિ છે.

તાજેતરમાં-ગયા જુલાઈ માસની ૧૦થી૧૩ તારીખોમાં આ મંડળે પોતાના સભ્યો તથા વડોદરા નજીકની ઔદ્યોગિક વસાહતોના ફોટો-કલાકારોની કૃતિઓનું એક પ્રદર્શન યોજ્યું હતું, જેમાં ૧૧૯ એકરંગી ને ૪૦ રંગીન ચિત્રો રજૂ થએલાં. આમાંનું એક આ અંકના પૂઠા પર એમના સૌજન્યથી પ્રકટ કર્યું છે. એ છે તો એક વાંદરાનું સાદું ચિત્ર જ, પણ એ પાત્રની આ એકરંગી છાપમાં યે માનવસદૃશ સજીવ મુખભાવ સાથે ઝીણવટભરી વિગતોની જે સુંદર રજૂઆત છે તેમાં ફોટો-કલાકારનો કસબ વરતાઈ આવે છે.

ગાંધી વ્યંગચિત્ર સંગ્રહ

આમ તો દુનિયાભરનાં સમાચારપત્રોમાં ગાંધીજી વિષે કંઈ ને કંઈ છપાતું જ રહેતું. એ જ રીતે એમના વિષે અવારનવાર સંખ્યાબંધ વ્યંગચિત્રો પણ પ્રકટ થતાં રહેતાં. ગાંધી જન્મ-શતાબ્દી વર્ષમાં નવી દિલ્હીમાં રાજઘાટ ખાતે ગાંધીજી વિષે યોજાએલા વિશાળ પ્રદર્શનમાં ઉપલબ્ધ થઈ શક્યાં એટલાં આવાં વ્યંગચિત્રો પણ રજૂ થએલાં. એમાંથી ચૂંટેલાં ૧૧૨ વ્યંગ-ચિત્રોનો એક સમૂહ નવજીવન ટ્રસ્ટ (અમદા-વાદ-૧૪) દ્વારા અંગ્રેજીમાં પ્રકટ થયો છે. (રૂ. ૩૦) દેશવિદેશના અનેક વ્યંગ ચિત્રકારોની દૃષ્ટિએ ગાંધીજીનું આ દર્શન પ્રશંસા તેમ જ ટીકા બંને વાળું છે. આમાંથી ઊપસતું ગાંધીજીનું વ્યક્તિત્વ સંપૂર્ણ ન હોઈ શકે એ સમજી શકાય તેમ છે.


દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ આદરેલી પ્રવૃત્તિઓથી આરંભ પામતા આ સંગ્રહમાં પ્ર-કટ થએલા દરેક વ્યંગચિત્ર સાથે જે તે પ્રસંગના સંદર્ભમાં આપેલી ટિપ્પણી પરથી ગાંધીજી કેવા મહાન રાજનીતિજ્ઞ તેમજ કેવા સંત હતા તેનો કંઈક ખયાલ આવી શકે છે. ભારત જ નહિ, સમગ્ર માનવજાતિના ઇતિહાસ પરના એમના વ્યાપક પ્રભાવની ઝાંખી એમાંથી મળી શકે છે. ભારતના જનસમાજને જાગ્રત કરવા તથા દેશ-ના સ્વાતંત્ર્ય માટેની એમની વિધવિધ ચળ-વળો અને કાર્યનો ખયાલ આવવા સાથે અન્ય દેશોનો એ પ્રત્યે કેવો અભિગમ હતો તેની પણ એમાંથી ઝાંખી થાય છે. ખાસ કરીને ગાંધીજીની અહિંસકતાને તેઓ કઈ રીતે મૂલવતા હતા તે અહીં જોવા મળે છે.





ઉપર : રેંટિયાના સૂર વગાડતા ગાંધીજી. (ચિ-ત્રકાર : 'ચકોર') જમણી બાજુ : સવિનય કાનૂનભંગની ચળવળ પછી અંગ્રેજ સરકાર બીજી ગોળમેજી પરિષદ બોલાવવા તૈયાર થઇ હતી. આ લડતમાં ગાંધીજીને મળેલી સફળતાથી એમની પ્રતિષ્ઠા ઘણી વધી ગઈ. એ સમયમાં કેટલાક બ્રિટિશ નેતાઓ એમ સમજતા હતા કે અંગ્રેજોને હાંકી કાઢીને ગાંધીજી ખુદ હિંદુસ્તાનની રાજગાદી પર બેસવા માગે છે. લંડનના 'ધ મોર્નિંગ પોસ્ટ' અખબારમાં વ્યંગ ચિત્રકાર જે. રેનૉલ્ડસે એ ખયાલને આ રીતે પ્રકટ કર્યો હતો.

છે તો માત્ર ૧૧૨ વ્યંગચિત્રોનો સંગ્રહ જ, પરંતુ ગાંધીજી વિષે પ્રકટ થતાં રહેલાં વિવિધ સાહિત્યમાં આ એક અનેરું અને કદાચ આ પ્રકારનું એકમાત્ર પ્રકાશન હોઈ એનું દસ્તાવેજી મહત્ત્વ પણ છે. □



મત્સ્યલીલા : આવતા માસમાં બાલ્ટીમોર (અમેરિકા)માં 'યુનિકૉર્ન આર્ટ ગૅલરી'માં પ્રદર્શિત થનારાં શાંતિ શાહનાં મોઝેઈક પૈકીનું એક.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : અંગૂછો · ગમછો

અંગ્રેજી ટૉવેલ પરથી આપણી ભાષામાં टुवाल આવ્યો છે અને હવે તો તે જ વપરાય છે; પણ તે માટેનો 'દેશી' શબ્દ છે अंगूछो, 'અંગ લૂછવાનો કપડાનો ટુકડો.' તે પણ કદાચ આપણે હિંદીમાંથી લીધો છે. હિંદીમાં अंगोछा, अंगोछी, अंगोछना (ક્રિયાપદ) વગેરે છે. પંજાબી, નેપાળી, ઉડિયા, બિહારી વગેરેમાં પણ આ શબ્દ છે. બિહારીમાં गमछा પણ છે. શહેરી ગુજરાતીમાં તે ક્વચિત્ વપરાય છે.

સંસ્કૃત **प्रोञ्छ्** એટલે 'લૂછવું'. તેના પરથી પ્રાકૃતમાં पोंछ्, पुंछ् (અને હિંદી વગેરેમાં पोंछना) થયા. પ્રાકૃતમાં पुंछण અથવા पायपुंछण એટલે જૈન મુનિઓ વાપરે છે તે 'રજોહરણ' કે 'રજોયણો.'

આ જોતાં अंग+पुंछय ઉપરથી अंगपुंछय, अंगोञ्छय, દ્વારા अंगोछा વગેરે શબ્દો થએલા એમ સમજી શકાય છે. गमछा પણ શરૂઆતનો આકાર લુપ્ત થતાં (अनाज ઉપરથી नाज વગેરેની જેમ) અને વચ્ચેના उ નો म થતાં નીપજ્યો છે.

હરિવલ્લભ ભાયાણી

નવાં પ્રકાશનો

રાજેન્દ્ર શાહ : સ્વરૂપ ને રીતિના ક્ષેત્રે અંગ્રેજી સાહિત્યના અનુસરણ પછી ગ્રંથકારોનાં જીવન-સર્જનનો પરિચય દર્શાવતી પુસ્તિકાની શ્રેણીનો પ્રારંભ ગુજરાતી સાહિત્યમાં ડૉ. ર. મણલાલ જોશીએ કર્યો તે અવશ્ય આવકારપાત્ર છે. કવિ-લેખકના જીવનથી પરિચિત ને તેના સર્જનનું તટસ્થ રીતે વિવેચન કરનાર અભ્યાસી લેખકો દ્વારા તે સાહિત્યના રસિકજનો સુધી પહોંચે એ ભાવિસાહિત્ય માટે ઇચ્છવા યોગ્ય છે.

શ્રી ધીરુભાઈ પરીખ દ્વારા લખાએલી 'રાજેન્દ્ર શાહ' નામક પુસ્તિકા 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'ની પાંચમી પુસ્તિકા છે. એના પ્રારંભમાં કવિ શ્રી રાજેન્દ્ર શાહના અંગત જીવનની છવિ સાથે તેમના કવિતા-સર્જનના પ્રેરક બળોનો આછો છતાં ય પ્રમાણસમ ઉત્તમ પરિચય આપ્યો છે. રાજેન્દ્ર શાહનાં ગીતોની 'અંતસ્તત્ત્વ ને આકાર' એમ ઉભય રીતિની ઊંડી તપાસ તેમ જ તેમની સૉનેટસમૃદ્ધિ પરની ઝીણવટભરી આલોચના અત્રે પ્રસ્તુત કરી છે. મહદ્ અંશે ગીતકાર ને સૉનેટ-સર્જક રાજેન્દ્ર શાહની એ સિવાયની રચનાઓમાંથી પ્રકટતી કવિ પ્રતિભાનું સમ્યક્ દર્શન લેખકે કરાવ્યું છે. 'કવિ-વ્યક્તિત્વ' એ છેલ્લા ખંડમાં રાજેન્દ્રને 'ઋતદૃષ્ટિ કવિ' તરીકે ઓળખાવ્યા છે, તેમ જ એમનું માનવકાકું ને કવિકાકું 'ઋતાશ્રિત' છે એમ નોંધ્યું છે. એક કવિએ બીજા કવિના અંતરમાં પ્રવેશીને તેની સર્જનકલાની આંતરમત છટાઓને ઓળખી, માણી તેમ જ નાણીને સમુચિત રીતે પ્રકટ કરી હોઈ 'સદૈવ આધુનિક' કવિના સર્જનની તટસ્થ વિવેચના અત્રે ઉપલબ્ધ થઈ છે, જેથી પુસ્તિકા આ શ્રેણીની અન્ય પ્રકાશિત પુસ્તિકા જેટલી જ મૂલ્યવાન બની છે. (પ્ર૦ કુમકુમ પ્રકાશન, ગાંધીરોડ, અમદાવાદ-૧, કાચું પૂઠું, રૂ. ૫) —પ્રફુલ્લ જે. રાવલ

સુનો ભાઈ સાધો : શ્રી વિનોદ ભટ્ટના સત્તાવીસ વિનોદલક્ષી કૃતિઓના આ સંગ્રહમાં પ્રથમ નજરે પડે એવી લાક્ષણિકતા એનું વૈવિધ્ય છે. આ નાનકડા સંગ્રહમાં પણ પૅરડી, કટાક્ષ, નિબંધિકા, ઠઠ્ઠા ચિત્ર, મુલાકાત, જાહેર ખબર, વ્યાખ્યાન, શોકસભા, ષષ્ઠિપૂર્તિ સમારંભ વગેરે વિવિધ સ્વરૂપો દ્વારા હાસ્ય નિષ્પન્ન કરવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો છે. એમનું હાસ્ય વ્યક્તિ કરતાં વર્ગનિષ્ઠ વિશેષ હોવાથી નિર્દંશ અને નિખાલસ હોય છે, એની પ્રતીતિ આપણને આ પુસ્તકના પાનેપાને થાય છે. આમ તો બધા જ લેખો વાચકને મનોરંજન પૂરું પાડે એવા માતબર બન્યા છે, છતાં શાંતિલાલ મળે તો, ચાણક્ય, રણજિતસિંહ, મહંમદ તઘલખ, જગુ કેનેડી, કવિ ભાસ્કર દવેની શોકસભા, સમાજવાદી ફ્લૅટ, એક સન્માન સમારંભમાંથી આદિ લેખોમાં આલેખાએલાં ઠઠ્ઠાચિત્રોમાં નિષ્પન્ન થતું હાસ્ય વધારે ઊંડાણવાળું છે, કેમકે એ માનવમનની ગહન નિર્બળતાઓ પર કટાક્ષ કરે છે. શ્રી વિનોદ ભટ્ટના હાસ્યલેખો short and sweet હોય છે. એમના લાઘવને કારણે એમનું હાસ્ય માર્મિક અને સચોટ બને છે. (પ્ર. વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધીરોડ, અમદાવાદ-૧; પૃ. ૧૧૮, કાચું પૂઠું, રૂ. ૬.) —બ. પંડિત

નવી નવલકથાઓ

બહાદુરશાહ પંડિત

તિમિરના પડછાયા : ન્યાયાધીશ દિનકરરાયને, યુવાનીની હવસખોરીના પ્રતાપે થએલા નોકર બાઈ માનબાઈના પુત્ર રામુનો, એના પિતાના ખૂની તરીકે ન્યાય કરવાનો આવે છે ત્યારે પોતે એ કેસ બીજા ન્યાયાધીશને સોંપી ચિંતામુક્ત બની શકે છે, પણ ભૂતકાળની આ ઘટનાના કારણે માલતી સાથેના એમના દામ્પત્ય જીવનમાં જે ઝંઝાવાત સર્જાય છે એ એમના વ્યવસ્થિત, શિસ્તબદ્ધ, સુખી જીવનમાં મોટી ફાટ પાડી દે છે. વંધ્ય ને પ્રેમના ઉમળકાની ભૂખી સ્ત્રીના મનોગતની વેદના વ્યક્ત કરતી શ્રીમતી વર્ષા અડાલજાની આ કથામાં કેટલાક પ્રસંગો પ્રતીતિકર લાગતા નથી અને એક ચોક્કસ હેતુ સિદ્ધ કરવાનો સભાન પ્રયાસ છતો થઈ જાય છે.

આની સાથે જોડાએલી બીજી લઘુ નવલ 'એક પળની પરખ'માં માતાના ચારિત્ર્ય માટે શંકા ધરાવતા ઇન્દ્રના વિરોધી વલણના કારણે આખું કુટુંબ કેવી રીતે છિન્નભિન્ન થઈ જાય છે એની કથા ઇન્દ્રની બહેન અપર્ણાના મુખે ખૂબ કરુણ રીતે વર્ણવાઈ છે. પાત્રાલેખન, રહસ્યગોપન, સંવાદ ઇત્યાદિ દૃષ્ટિએ આ લઘુનવલ વધુ રસપૂર્ણ બની છે. (આર. આર. શેઠની કં., અમદાવાદ-૧, મુંબઈ-૨; પૃ. ૩૦૪, પાકું, રૂ. ૧૬.)

ફૂલ રાતરાણીનાં : ગામના ઠાકોરના પુત્ર રણજિતના પ્રેમમાં પડેલી પન્ના એના વડે બેજીવી થાય છે, પણ એની સાથે લગ્ન કરી શકતી નથી અને સંજોગોનો શિકાર બની વેશ્યાજીવન ગુજારે છે, એ દર્દકથા શ્રી ગુણવંતરાય ભટ્ટે અહીં સુવાચ્ય રીતે રજૂ કરી છે, પણ પાત્રના બદલે લેખક વધુ બોલતા જણાય છે.

બીજી લઘુનવલ 'પથ્થર ભીના ભીતર કોરાં'માં રાવજી પટેલની દીકરી રળિયાતના ઘનશ્યામ સાથેના નિષ્ફળ પ્રેમની કથા સાથે ગ્રામજીવનનું ચિત્ર આલેખાયું છે. (લોકપ્રિય પ્રકાશન, મુંબઈ-૨, પૃ. ૩૨૨, પાકું પૂઠું, રૂ. ૧૫–૫૦.)

અતૂટ સ્નેહબંધન : શ્રી અશ્વિનભાઈ વ્યાસની આ મધ્યમ કક્ષાની પ્રણયકથામાં ડૉ. મેહુલ અને ડૉ. રુચિ વચ્ચેના પ્રણયનો પરિણયમાં થતો વિકાસ ખાસ કશા અવરોધ વિના આલેખાયો છે. (ગૂર્જર૦ ગાંધીરોડ, અમદાવાદ-૧, પૃ. ૩૩૫, પાકું પૂઠું. રૂ. ૧૬).

સિંદૂરનો સૂરજ : શ્રી પ્રીતમલાલ કવિએ 'પારેવાં મોતી ચૂગે'ના અનુસંધાનમાં લખેલી આ નવલકથામાં કચ્છના સાહિત્ય અને શિલ્પ-સ્થાપત્યના શોખીન રાજવી લાખા ફુલાણીનાં પ્રેમ અને શૌર્યની કથા પાટણના સોલંકીઓ સાથેના યુદ્ધ દ્વારા આલેખી છે. ઐતિહાસિક નવલકથાનો આદર્શ નહિ પણ એની

લોકપ્રિયતા ધ્યાનમાં રાખી આ કથા લખાઈ છે એવી પ્રતીતિ સુજ્ઞ વાચકને થયા વિના રહેશે નહિ. (લોકપ્રિય પ્રકાશન, મુંબઈ-૨; પૃ. ૩૯૬, પાકું પૂઠું, રૂ. ૧૮–૭૫.)

શ્રાવણી: ગુણસુંદરીની સુધારેલી આવૃત્તિ સમી વિનોદિની પોતાના પ્રેમાળ અને કુટુંબવત્સલ સ્વભાવથી અને સંસ્કારપૂત ધર્મભાવનાથી તોફાની તોખાર જેવા પોતાના પતિ પરીક્ષિતને કેવી રીતે વશ રાખે છે અને સાસુ-સસરાને ઉત્તરપ્રદેશનાં યાત્રાધામોમાં કેવીસગવડભરી સેવા આપે છે એનું આલેખન કરતી શ્રી શિવકુમાર જોશીની ભાવનાસભર છતાં હેતુલક્ષી બનવાથી બગડી ગએલી કથાનું પ્રથમ પુનર્મુદ્રણ. (પ્ર૦ વોરા ઍન્ડ કં., ગાંધીરોડ, અમદાવાદ-૧; પૃ. ૩૫૮, કાચું પૂઠું, રૂ. ૧૭–૨૫.)

પોપટ આંબાકેરી ડાળ: કિશોરાવસ્થામાં બળાત્કાર અને અત્યાચારનો ભોગ થઈ પડેલી કરુણાના એના મહત્ત્વાકાંક્ષી ઉદ્યોગપતિ ગિરીશના વકીલ મિત્ર અને પ્રેમભગ્ન પ્રિયતમ સૌમેન સાથેના પ્રણયની આ કથામાં શ્રી શિવકુમારે સાંપ્રત રાજકારણને સ્પર્શ કરવા સાથે સ્ત્રીપુરુષના સંબંધો અંગે થોડી તાજગીભરી ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો છે, પણ આશ્ચર્ય એ વાતનું થાય છે કે એમના જેવા લેખકને પણ હવે એકથી વધારે વાર શયનગૃહનાં ચિત્રોનો આશ્રય શા માટે લેવો પડે છે? બેસ્ટ સેલર બનવાની આ તરકીબ તો નથી ને? (પ્ર૦ વોરા ઍન્ડ કંપની, ગાંધીરોડ, અમદાવાદ-૧; પૃ. ૩૪૬, પાકું પૂઠું, રૂ. ૧૭.)

રાતવાસો: પચ્ચીસ વર્ષની વયે વિધવા થએલી રેણુનો શાંતિલાલ નામના શ્રીમંત વિધુર સાથેનો રોમાંચક સંબંધ અને રેણુ જેને ટ્યૂશન આપતી હતી એ શાંતિલાલની અલ્લડ દીકરી ઉલ્કાના રેણુના ભાઈ નિરીષ સાથેનાં લગ્ન એ બે પ્રસંગોને કેન્દ્રમાં રાખી શ્રી મોહમ્મદ માંકડે આ નવલકથાને સ્ત્રીપુરુષના જાતીય આકર્ષણની અદમ્યતા દર્શાવતી બનાવી છે. ઉલ્કાનું વિરલ પ્રત્યેનું દૈહિક આકર્ષણ ને વિરલના રહસ્યમય જીવનનું આલેખન વાચકને સતત જકડી રાખે છે. છતાં વિદગ્ધ વાચક લેખકની, હવે તો લગભગ સ્થિતિચુસ્ત થઈ ગએલી, ફૉર્મ્યુલા પકડી પાડી શકે એમ છે. (પ્ર. વોરા, અમદાવાદ ૧; પૃ. ૩૧૦, પાકું પૂઠું, રૂ. ૧૫.)

આશાપંખી: સગી ને ઓરમાન સાસુના ઝઘડામાં પીસાતી એક નવોઢા શારદાના લગ્નજીવનની વેદના આલેખતી શ્રી ઇશ્વર પેટલીકરની આ નવલકથામાં આપણા સમાજના રિવાજોની ખૂબ સુક્ષ્મ રીતે છણાવટ થઈ છે. સમાજસુધારક પેટલીકર લેખક પેટલીકરને અવારનવાર મહાત કરી દેતા હોવાથી કથા કલાકૃતિ બનવાના બદલે સમાજશાસ્ત્રનું પુસ્તક બનવાનો થોડો ભય ઊભો થાય છે; છતાં સરાસરી વાચકને કથા સળંગ વાંચી જવી ગમશે. (પ્ર૦ આર. આર. શેઠની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨ અને ગાંધીરોડ, અમદાવાદ-૧; પૃ. ૫૦૭, પાકું પૂઠું, રૂ. ૨૪.)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



કેશવલાલ મ. જાની

કેશવલાલ મણિલાલ જાની. જન્મ: વડી (જિ. પ્રાંતિજ–સાબરકાંઠા)માં, તા. ૨૪–૧૧–૧૯૧૩. સાબરકાંઠામાં શિક્ષક અને આચાર્ય તરીકે ૩૦ વર્ષ ગાળ્યાં. ૧૯૪૬થી થીઓસોફીના ક્ષેત્રમાં પ્રવેશી એની વિવિધ કક્ષાની જવાબદારીઓમાં ઉત્તરોત્તર ચડતા જઈ હાલમાં ગુજરાત થીઓસોફિકલ ફેડરેશનના પ્રમુખ છે. થીઓ.ના ઇન્ડિયન સેક્શનની કાઉન્સિલના બાર વર્ષથી સભ્ય અને થીઓ.ના રાઉન્ડ ટેબલના લીડિંગ નાઈટ મેસનેરીમાં ૧૯૪૦થી સક્રિય. ૩૫ વર્ષથી સ્કાઉટિંગમાં ગ્રૂપલીડર, થીઓ. માસિક પત્ર 'જ્યોતિ'ના માલિક અને તંત્રી તથા હાલ તેમાં 'પ્રમુખના પત્ર'ના લેખક. થીઓ.નાં અભ્યાસવર્ગો, શિબિરો, તાલીમકેન્દ્રો વગેરેના સંચાલક ને માર્ગદર્શક. થીઓ. અંગે સંખ્યાબંધ પ્રવચનોના વ્યાખ્યાતા અને લેખક.

૧ થીઓસોફિકલ સોસાએટીની સ્થાપનાનો આશય શો છે?

ઉ. લોકોમાંથી અશ્રદ્ધા અને અંધશ્રદ્ધાથી યુક્ત જડવાદ ને સાંપ્રદાયિકતા દૂર કરીને એક મુક્ત અને શ્રદ્ધાવાન ભૂમિકા તૈયાર કરી, એમને સત્ય કે પરમાત્માની શોધની દિશામાં–અનુભૂતિ અને સાક્ષાત્કારના પ્રયોગોની સિદ્ધિ મેળવવામાં સહાય કરવાનું અને લોકોની ધર્મભાવના જાગ્રત કરી અનંતલક્ષી આધ્યાત્મિક વિકાસને પ્રેરવાનું ધ્યેય છે.

૨ આ માટે સોસાએટી કેવી કેવી પ્રવૃત્તિ કરે છે?

ઉ. જનસેવાને જ પ્રભુસેવા ગણી સર્વ ધર્મોને સન્માનતું વાચન-મનન અને પ્રવચન-લેખન વગેરે સાથે સ્વ-સુધારણા ને આત્મ-નિરીક્ષણ પર ભાર મૂકતી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.

૩ થીઓ.નાં સામાન્ય પ્રવચનો ને અભ્યાસ-વર્ગો વચ્ચે શો ફેર છે?

ઉ. પ્રવચનોમાં માત્ર જ્ઞાન(માહિતી)નો પ્રચાર થાય છે. અભ્યાસવર્ગોમાં સમૂહજીવન દ્વારા જ્ઞાનનો પ્રકાશ પામી પ્રજ્ઞાના પ્રાકટ્યની ભૂમિકા ને વાતાવરણ સાંપડે છે.

૪ શિક્ષણક્ષેત્રના આપના દીર્ઘ અનુભવ પછી આજના શિક્ષણ વિષે આપ કંઈ કહેશો?

ઉ. વર્તમાન કેળવણીના ત્રણ મોટા દોષ છે: વિવેકનો અભાવ, સમ્યક્ દૃષ્ટિની ક્ષતિ અને પ્રેમ તથા સહાનુભૂતિની ઊણપ. શિક્ષણમાંથી ભય, લાલચ ને ખોટી સ્પર્ધાને દૂર કરી પ્રેમ, કર્તવ્ય અને સમજદારી પ્રકટાવવાં જરૂરી છે. બાળકની શક્તિઓને પ્રકટાવવાનું મુખ્ય ધ્યેય રાખી એકાગ્રતાના બદલે સમગ્રતાના સાધન દ્વારા જીવનઘડતર કરવાનો શિક્ષણનો આદર્શ જરૂરી છે. શિક્ષકના સ્થાન, ગૌરવ ને તેની જવાબદારીને સમાજે સન્માનવી જોઈએ. આજની પરીક્ષાપદ્ધતિમાં પણ આમૂલ પરિવર્તન જરૂરી છે.

૫ આપને મન જીવંત જીવન એટલે? આપ જિંદગી કોને કહો?

ઉ. શરીરથી નીરોગી, મનથી જ્ઞાની, હૃદયથી પ્રેમી ને અંતઃકરણથી સત્યપરાયણ રહેવું એ જ ખરું અને જીવંત જીવન છે; વિકાસ અને સેવા માટેની તક એટલે જિંદગી.

૬ ગુજરાતના જીવન વિષે આપનો અભિપ્રાય કેવો છે?


ઉ. ગુજરાતીઓમાં ધર્મભાવના અને મહત્ત્વાકાંક્ષા સારાં છે, પણ પ્રયોગશીલતા ને નિષ્ઠાની ઊણપ લાગે છે.

૭ થીઓ. સોસાએટી અને કૃષ્ણમૂર્તિના શિક્ષણ વચ્ચે શો ફેર છે?

ઉ. બંનેની રીતો ભિન્ન છે પણ બેઉનું સત્ત્વ સમાન છે. ઊંડે ઊતરીને જોઈએ તો બંને એકબીજાનાં પૂરક છે.

૮ પ્રભુ અને મૃત્યુ અંગેની આપની વ્યાખ્યા આપશો?

ઉ. પ્રભુ એટલે પરમ તત્ત્વ. સત્ય, પ્રેમ, જીવન, સૌંદર્ય કે ભગવાન રૂપે એને પામી શકાય. એક જ સર્વવ્યાપી, સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વાતીત તત્ત્વ એ પ્રભુ. અને મૃત્યુ એટલે જૂના ધોરણમાંથી મુક્ત થઈ નવા ઉચ્ચતર ધોરણમાં પ્રવેશવું તે.



ઋષિમંડળ-૧૦

દુર્વાસા

આ સુલભકોપ મહર્ષિના જીવનકાલ વિષે નિશ્ચિત માહિતી સુલભ નથી, પણ એમના જન્મ વિષે મુખ્યત્વે બે કથા પ્રચલિત છે.

બ્રહ્મમાનસ-પુત્ર અત્રિ અને અનુસૂયાના એ પુત્ર. પુત્રેચ્છાથી અત્રિએ ત્ર્યક્ષકુલ નામના પર્વત પર દીર્ઘ કાલ સુધી તપ કર્યા પછી એમના મસ્તકમાંથી એક પ્રખર જ્વાલા પ્રકટી અને એ ત્રણે લોકને દઝાડવા લાગી. એના ત્રાસથી ત્રણે દેવો અત્રિઋષિ પાસે દોડી આવ્યા અને ઋષિની મનેચ્છા જાણી એમણે પોતાના અંશરૂપ એકએક પુત્રનું વરદાન આપ્યું. આ રીતે અત્રિને ત્યાં બ્રહ્માના અંશરૂપ સોમ, વિષ્ણુના અંશરૂપ દત્ત અને કાલરુદ્રાગ્નિ શંકરના અંશરૂપ દુર્વાસ (દુર્વાસસ્ કે દુર્વાસા)નો જન્મ થયો.


બીજી કથા એવી છે કે અસુરોએ અંતરીક્ષમાં સોના, રૂપા ને લોઢના ત્રણ ગઢ રચ્યા હતા, ને એના પ્રતાપે ઇન્દ્રના અનેક પ્રયાસો છતાં તેઓ અજય રહ્યા હતા. આથી દેવોએ શંકરનું શરણ લીધું. શંકરે એક ઝળહળતું બાણ છોડી એ ત્રણે ગઢનો નાશ કર્યો. આ પછી એ બાણ એક બાળકના સ્વરૂપે શંકરની ગોદમાં આવીને બેઠું. આ બાળક તે દુર્વાસા.

દુર્વાસાનો વર્ણ ફિક્કો, લાંબી દાઢી, દેહ અત્યંત કૃશ અને મનુષ્યની તુલનામાં બહુ ઊંચો હતો. બિલ્વવૃક્ષની ડાળીમાંથી બનાવેલી લાઠી લઈ તેઓ ત્રણે લોકમાં સ્વચ્છંદપણે ઘૂમતા રહેતા અને પોતાના અત્યંત ક્રોધી સ્વભાવને કારણે ત્રાસ વર્તાવતા. ઇન્દ્ર, શ્રીકૃષ્ણ-રુક્મિણી, રાજા અંબરીષ, શકુંતલા વગેરેને એમના ક્રોધ અને શાપને કારણે જે વેઠવું પડેલું તેની કથાઓ જાણીતી છે. ક્યારેક રીઝે તો વરદાન પણ આપતા. એ રીતે એમણે આપેલી દેવહૂતિ વિદ્યાના પ્રતાપે જ તો કુંતી સૂર્ય, ઇન્દ્ર, યમ, વરુણ ને અશ્વિનીકુમારોના અંશરૂપ પુત્રો પામી હતી.

મહાદેવની આજ્ઞાથી શ્વેતકી રાજાએ એમને યજ્ઞમાં ઋત્વિજ બનાવ્યા પછી બ્રહ્મર્ષિ ગણાતા. તેઓ ઉગ્ર તપસ્વી તેમ જ ઉત્તમ બ્રહ્મવેત્તા હતા.

ઔર્વમુનિની પુત્રી કંદલી જોડે એમનાં લગ્ન થએલાં. કંદલી પણ કઠોર અને કટુભાષિણી હતી. એના એક સો અપરાધ ક્ષમા કરવાની દુર્વાસાએ પ્રતિજ્ઞા લીધેલી, પણ તે પછી કંદલીનો અપરાધ થતાં ક્રોધથી શાપ આપી એમણે એને ભસ્મ કરી દીધી હતી.

આર્યાદ્વિશતી, દેવી મહિમ્નસ્તોત્ર, પરશિવમહિમાસ્તોત્ર, લલિતાસ્તવરત્ન વગેરે એમની રચના મનાય છે.




સરસ તડકાવાળા ધોળા પ્રભામય ઊજળા
દિવસ ફરીથી લાંબે ગાળે ધરા પર ઊતર્યા!
સરસ દિવસો ધોવાઈને, ઘનોથી ગળાઈને
રવિનીતરતા આવી પ્હોંચ્યા અગાશી ભરાઈને!
રજતરસ એ નેવે નેવે નીચે નીતરી રહ્યો
ટપકી ટપકી રેતે રેલો જરા ફળીમાં વહ્યો! -ઉશનસ્

સંસ્કૃત-સાહિત્ય-મનીષી ડૉ. વી. રાઘવન્

अलंकारभृतः रीतिमन्तः सिद्धाः रसोन्नतौ।
लक्षणैः लक्षितात्मानः, कृतिनः संति केचन॥

સંસ્કૃત વિદ્યાઓ અને લલિત કલાઓના ક્ષેત્રે મનીષીઓને આકૃષ્ટ કરે એવું સમીક્ષાત્મક સાહિત્ય ઉપજાવનાર 'પદ્મભૂષણ' ડૉ. વી. રાઘવન્ છેલ્લાં ત્રીસેક વર્ષોથી તામિલ દેશની વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કેન્દ્રસ્થાને છે. મદ્રાસ સંગીત ઍકૅડેમી અને સંસ્કૃત ઍકૅડેમીના તેઓ પ્રાણપુરુષ છે. સંસ્કૃતના સાહિત્યશાસ્ત્રના તલસ્પર્શી મીમાંસક તરીકે તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. સંશોધનક્ષેત્રે એમના પ્રબંધો ને લેખોની વિપુલ રાશિ (તેની સંદર્ભસૂચી—બિબ્લીઓગ્રાફી) એક ચોપડી જેટલો વિસ્તાર પામી છે. પોતાની ત્રણ વિદ્વત્તાપૂર્ણ શોધ-રચનાઓ (સંશોધન-મહાનિબંધ) માટે તેઓ સાર્વભૌમ યશના ભાગી બન્યા છે: (૧) 'ભોજરાજ કૃત શૃંગારપ્રકાશ'—સાહિત્યશાસ્ત્રના વિશ્વકોશ જેવી હજાર પાનાંની આ ચોપડીના નિર્માણ અને સંપાદન માટે એમને સાહિત્ય અકાદમીનું પાંચ હજાર રૂપિયાનું ઈનામ મળ્યું છે; (૨) ભારતીય અલંકારશાસ્ત્રનું સમીક્ષાત્મક અધ્યયન (Studies on some Concepts of the Alankara-shastra); અને (૩) રસોની સંખ્યા (Numbers of Rasas).

આ ઉપરાંત, સંસ્કૃત સાહિત્ય, ધર્મશાસ્ત્ર, નાટક, સંગીત, નૃત્ય, આદિ વિષયો પરત્વે એમના સેંકડો અભ્યાસપૂર્ણ પ્રબંધો દેશ-વિદેશની શોધ-પત્રિકાઓમાં પ્રસિદ્ધ થયા છે. પોતાની જ્ઞાનયાત્રાને અંગે શ્રી રાઘવને યૂરોપ, અમેરિકા અને સુદૂર પૂર્વના દેશોના અનેક પ્રવાસો પણ ખેડીને ત્યાં વ્યાખ્યાનો, અધ્યાપનકાર્ય અને વિચાર-ગોષ્ઠીઓમાં ભાગ લીધો છે. સંસ્કૃત સાહિત્યના કેટલાક મહત્ત્વના અને અપ્રકાશિત ગ્રંથોની વાચનાઓનું સંશોધન અને સમીક્ષાત્મક સંપાદન કરીને તેઓ પ્રકાશમાં લાવ્યા છે. જેમાં વિદ્યાનાથ પંડિતના પ્રતાપરુદ્રીય (અલંકારશાસ્ત્ર), શૃંગારમંજરી (સાહિત્યશાસ્ત્ર), નૃત્તરત્નાવલી (નૃત્યશાસ્ત્ર) અને કેટલાંક નાનાંમોટાં કાવ્યો અને નાટકોનો સમાવેશ થાય છે. અમેરિકાની હાર્વર્ડ પ્રાચ્ય ગ્રંથમાળા માટે ભોજરાજના 'શૃંગાર પ્રકાશ'નું અને ગાયકવાડ પ્રાચ્ય ગ્રંથાવલી માટે ભરતમુનિના 'નાટ્યશાસ્ત્ર' (અભિનવ ભારતી વ્યાખ્યા સાથે)નું વિશદ, સમૃદ્ધ અને પ્રામાણિક સંસ્કરણ પણ તેઓ તૈયાર કરી રહ્યા છે. તે સિવાય વિશ્વેશ્વર પંડિતની 'ચમત્કાર ચંદ્રિકા'ને આચાર્ય રુય્યકના 'અલંકાર સર્વસ્વ'નાં વિવેચનાત્મક પ્રામાણિક સંસ્કરણો પણ પ્રકાશમાં આણ્યાં છે.



સંસ્કૃત ભાષાના મૌલિક સર્જક તરીકે ડૉ. રાઘવને કાવ્યો અને નાટ્યગ્રંથોનું નિર્માણ કર્યું છે અને તામિલ ભાષામાં ટૂંકી વાર્તાઓ લખી છે. વળી, રંગમંચ માટે 'અનારકલી' નામક પ્રભાવપૂર્ણ સંસ્કૃત નાટકની દસ અંકી રચના પણ કરી છે, જેને માટે એમને ઉત્તરપ્રદેશની સરકારે

પંદરસો રૂપિયાનો કાલિદાસ પુરસ્કાર પ્રદાન કર્યો છે. મદ્રાસની 'સંસ્કૃત રંગ' અને 'પ્રાચ્ય સંશોધન' પત્રિકાઓનું તેઓ સંપાદન કરે છે. ભારત સરકારના કેન્દ્રીય સંસ્કૃત બોર્ડના તેઓ વર્ષોથી અગ્રયાયી કાર્યવાહક છે અને 'સંસ્કૃત પ્રતિભા' નામક ઉચ્ચ કોટિના સંસ્કૃત ભાષાના અર્ધ-વાર્ષિક પત્રના પ્રધાન તંત્રી પણ છે.

ઓગણીસમી શતાબ્દીમાં આફ્રેક્ટ (Aufrechts) નામના એક જર્મન પ્રાચ્ય વિદ્યાવિશારદે તે વખતે વિશ્વભરમાં વિદ્યમાન સંસ્કૃત ભાષાનાં મુદ્રિત અને અમુદ્રિત પુસ્તકોનો એક વિગતવાર કોશગ્રંથ—Catalogus Catalagorum—પ્રસિદ્ધ કર્યો હતો. આ કોશનાં સંશોધન, પરિવર્ધન, પુનઃસંસ્કરણ અને સંપાદનનું ભગીરથ કાર્ય મદ્રાસ યુનિવર્સિટીના તત્ત્વાવધાનમાં ડૉ. રાઘવન્ ખૂબ ખંતથી કરી રહ્યા છે. આ વિશાળ ગ્રંથનો પ્રથમ ખંડ પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે.

પચ્ચીસેક વર્ષ સુધી મદ્રાસ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ અને પ્રાધ્યાપકની ઉજ્જ્વલ કારકિર્દી પૂરી કર્યા પછી આ સાહિત્ય-મનીષી ડૉ. રાઘવન્ હજી યે યુવકોચિત માનસિક ઉત્સાહ અને અમિત પ્રામર્થ્ય સાથે સંસ્કૃત વિદ્યાઓ અને કલાઓનાં અનુશીલન અને સંશોધનનું કાર્ય કરી રહ્યા છે. મદ્રાસમાં આવેલું એમનું નિવાસસ્થાન સાહિત્યશોધકો, કલારસિકો અને વિદ્યાવિલાસીઓની કર્મશાળા (વર્કશૉપ) જેવું બની રહેલું છે. દેશ અને પરદેશના અનેક વિશ્વવિદ્યાલયોના પ્રાધ્યાપકો અને શોધકો એમની પાસે આવીને પોતાની જ્ઞાનપિપાસા અને શોધપ્રવૃત્તિને સંતોષી રહ્યા છે. અહોરાત્રના સોળ કલાકો શ્રી રાઘવન્ મહાશય અધ્યયન, અધ્યાપન, લેખન, પ્રૂફવાચન, પ્રવચન, વિદ્વત્-સંમિલન અને વિવિધ-પરિષદોમાં ભાગ લેવામાં વ્યતીત કરે છે.

શાસ્ત્રોના મીમાંસક તરીકે શ્રી રાઘવનમાં શાસ્ત્રચિંતન ને વિવેચનની પરંપરાગત અને આધુનિક પદ્ધતિઓનું સુભગ સંમિલન જોવા મળે છે. આધુનિક યુનિવર્સિટીઓની કેળવણી–પદ્ધતિમાં શિક્ષા-દીક્ષા પામીને તેઓ પ્રાચ્ય વિદ્યાવિશારદ (ઓરીએન્ટૅલિસ્ટ) તરીકે સંશોધનશાસ્ત્રની આધુનિક રીતિ-નીતિઓના સુમાહિતગીર છે. પાશ્ચાત્ય સાહિત્યની પ્રણાલિકાઓના જાણકાર હોવાથી એમણે પોતાની તુલનાત્મક અન્તર્દૃષ્ટિ વડે સંસ્કૃત કવિતા અને કાવ્યશાસ્ત્ર પરત્વે વિશદ વિવેચનો લખીને તેને ગૌરવવંત કર્યાં છે.

પ્રાચીન પંડિતોની પરંપરાવાળા પરિવારમાં જન્મ ને સંસ્કાર પામીને એમણે વિખ્યાત શાસ્ત્રવેત્તા મહામહોપાધ્યાય કુપ્પુસ્વામી શાસ્ત્રી જેવા ગુરુવર પાસે અધ્યયન કર્યું હતું. તેથી એમને ભારતની પ્રાચીન વિદ્યાસંપદાનો લ્હાવો વારસામાં મળ્યો છે.

વિદ્વત્તાની ગંભીરતા અને ચોકસાઈ, જ્ઞાન માટે સન્નિષ્ઠા ને બૌદ્ધિક સજ્જતાને લીધે તેઓ પોતાના પાંડિત્ય-ભંડોળને જ્ઞાનપિપાસુઓ માટે સમગ્રતા અને પ્રામાણિકતા સાથે સંક્રમિત કરી શકે છે. એની સાથે જ તેમની નાના-શાસ્ત્ર-ગામિની પ્રતિભાનો પણ સમાવેશ થાય છે. ડૉ. રાઘવનની તુલનાત્મક વ્યાખ્યાઓમાં એક પ્રકારની ત્રુટિવિહીન આંતરસૂત્ર સાથે પાંડિત્યની પરિપક્વતા પણ હોય છે. શાસ્ત્રીય સમસ્યાઓને તેઓ સંતુલિત દૃષ્ટિથી જુએ છે. આમ તેઓની સારસ્વત-સાધનામાં ભારતીય પ્રશિષ્ટ માનસની સ્વચ્છતા અને સ્વસ્થતા જોવામાં આવે છે. રસિક ભાવક અને ધીર-ગંભીર વિવેકની દૃષ્ટિને વરેલા આ સરસ્વતી ઉપાસકની વિદ્યાસાધનાની થોડી શી પ્રેરણા પણ આપણા આજના વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં ઉતારે તો?

—શંકરદેવ વિદ્યાલંકાર

હરિજન આશ્રમના ઇતિહાસની ધ્વનિપ્રકાશ દ્વારા એક રોમાંચક ઝલક

બત્તીઓ બુઝાઈ ગઈ; અંધકારે એકાએક અંચળો પાથરી દીધો; બીજી જ ક્ષણે કાળના ગર્ભમાંથી ઊઠતો હોય એવો સંગીતમય ઘોષ ઊઠ્યો–'સત્યમેવ જયતે'... અને ધીરેધીરે એ બુલંદ બનતો ગયો. એની સાથે જ પ્રકાશ પ્રગટવા લાગ્યો, જાણે સત્યનો જ પ્રકાશ!

અને પછી તો લગભગ એક કલાક સુધી, હરિજન આશ્રમના હૃદય સમા 'હૃદય-કુંજ'ની સામે બેઠેલો પ્રેક્ષક, ધ્વનિ-પ્રકાશની સહાયથી, સાબરમતીને તીરે આવેલા આ ઐતિહાસિક આશ્રમના બાર વર્ષના ઇતિહાસની રોમાંચક ઝલક અનુભવી રહે છે.

આ જ એ આશ્રમ

મોહનદાસ કરમચંદ ગાંધી આફ્રિકાથી આવ્યા અને ઈ. ૧૯૧૯માં સાબરમતીના કિનારે આશ્રમ સ્થાપીને રહ્યા. આ જ એ આશ્રમ છે જ્યાં એ મોહનદાસ દીનબંધુ ઍન્ડ્રૂઝના 'મોહન' બન્યા, ત્રીસ કરોડ ભારતવાસીઓના 'બાપુ' બન્યા, સાબરમતીના સંત બન્યા, દેશના અને જગતના 'મહાત્મા' બન્યા. આ જ આશ્રમની ભોમકા પરથી 'બાપુ'એ 'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન'નાં સામયિકો દ્વારા કરોડો ભારતવાસીઓના સુષુપ્ત પ્રાણને જાગ્રત કર્યા, અહિંસા, સત્ય, અસ્તેય વગેરે પંચયામનો મંત્ર જગતને જીવી બતાવ્યો. આ જ આશ્રમમાં એમણે ગામડાની ડોશીના રેંટિયામાં શ્રીકૃષ્ણના સુદર્શન ચક્રનાં દર્શન કર્યાં, અને એને કેન્દ્રમાં રાખી દેશના કરોડોની દારુણ દરિદ્રતાના નિવારણ માટે તેર-સૂત્રી રચનાત્મક કાર્યક્રમ ઘડ્યો. આ જ આશ્રમમાં એમણે, લોકોના પ્રચંડ વિરોધ છતાં, અંત્યજોને 'હરિજન' જેવું ગૌરવવંતું નામ આપી અપનાવ્યા, એટલું જ નહિ, આશ્રમને પણ 'હરિજન આશ્રમ' એવું નામ આપ્યું, આ જ આશ્રમમાં એમણે આંગ્લ-મહિલા કુ. સ્લેડને 'પુત્રી' ગણીને આવકારી જે જીવનપર્યંત 'મીરાબેન' તરીકે 'બાપુ'ની સાથે રહ્યાં. આ જ આશ્રમમાંથી એમણે 'જેના પર સૂર્ય કદી આથમતો નહિ એવી દુનિયાવ્યાપી બ્રિટિશ સામ્રાજ્યની સત્તા'ને પડકારતા એવા ઉગ્ર–સૌમ્ય લેખો લખ્યા ને અમદાવાદમાં જ એક ખાસ અદાલતમાં એમની સામે 'રાજદ્રોહ'ના આરોપસર કામ ચલાવવામાં આવ્યું અને એમને કારાવાસની સજા ફટકારવામાં આવી. આ જ આશ્રમમાંથી એમણે તે જમાનામાં 'સર્વસત્તાધીશ' સમા વાઇસરૉય સાથે જલિયાંવાલા બાગના હત્યાકાંડ પ્રસંગે પુણ્ય પ્રકોપ પ્રકટાવતો પત્રવ્યવહાર કર્યો અને છેલ્લે વિદેશી સરકારે, ગરીબો માટે અનિવાર્ય એવી મીઠાની ગાંગડી પર નાખેલો ગોઝારો કર નમકનો કાયદો તોડવા ૭૮ જેટલા સૈનિકોની આગેવાની લઇને, અમદાવાદથી દક્ષિણ ગુજરાતમાં દાંડી સુધીની ૨૪૧ માઈલની ૨૪ દિવસની અખંડ પદયાત્રા—ઇતિહાસ-અમર દાંડીકૂચ આરંભી, સ્વરાજ ન મળે ત્યાં સુધી આશ્રમમાં પાછા ન ફરવાની પ્રતિજ્ઞા સાથે, ભગવાન બુદ્ધના સમું 'મહાભિનિષ્ક્રમણ' આદર્યું.

સજીવ થતો ભૂતકાળ

ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના ઇતિહાસની આ બધી યાદગાર ઘટનાઓને, ધ્વનિ, પ્રકાશ, સંગીત અને સંવાદની સહાયથી, ક્રમબદ્ધ રીતે, શ્રોતા–પ્રેક્ષકના સ્મરણપટ પર અસરકારક રીતે અંકિત કરાય છે. 'જલિયાંવાલા બાગના હત્યાકાંડ' વખતે લોકોનાં આક્રંદ–આક્રોશ, જોમજોશભર્યાં આઝાદીનાં ગીતો તથા સહસ્રમુખે ઊઠતા જયજયકાર, મુંબાઈમાં વિદેશી કાપડની ગાંધીજીએ સ્વહસ્તે પ્રગટાવેલી હોળી, દાંડીની યાત્રા પહેલાં ગાંધીજીનું સાગરમંથન સમું મનોમંથન અને નમકનું મહત્ત્વ પ્રકટ કરતું એમને આવેલું સ્વપ્ન વગેરે ઘટનાઓ રંગીન પ્રકાશ સંયોજનને કારણે દર્શનીય બની રહે છે.

અને ગાંધીજીને અત્યંત પ્રિય ભક્તિભાવભર્યાં ભજનો, સર્વધર્મ પ્રાર્થના–અલ્લાહ તેરે નામ, તુમ્હી મેરે રસના, વૈષ્ણવ જન તો વગેરે–ઘડીભર શ્રોતાને ભક્તિના શાંતરસનું આચમન કરાવે છે.

સાઠી સુધી પહોંચી ગયા હોય એવા તો આ બધી ઐતિહાસિક ઘટનાઓના સાક્ષી બનીને બડભાગી બની ગયા છે; પણ તે પછીની પેઢી

અને આજની ઊગતી પેઢીને મન તો આ બધી પુસ્તકમાં સંઘરાએલી અગણિત વિષયોની માહિતી જેવી માહિતી માત્ર હશે. પણ એ માહિતીને જીવંત ઇતિહાસ રૂપ રજૂ કરવાનો–એની અનુભૂતિ કરાવવાનો–એક સબળ પુરુષાર્થ ધ્વનિ પ્રકાશની મિલાવટના આ કાર્યક્રમ દ્વારા કરવામાં આવ્યો છે. 'ગાંધીજી' વિષે, એમની દૈવી વિભૂતિ વિષે કહેવાયું છે કે 'આ પૃથ્વી પર આવો કોઈ માનવી જીવી ગયો એ માનવાની ય કદાચ ભાવિ પેઢી ના પાડશે.' આજની પેઢીને આજે કદાચ આવું લાગે પણ છે.

પણ ના, આ ધ્વનિ-પ્રકાશનો કાર્યક્રમ હરિજન આશ્રમમાં નિહાળનારને પ્રતીતિ થાય છે કે, 'મોહન ગાંધી નામનો કોઈ પાર્થિવ દેહધારી-મૂઠીભર હાડકાંના માળખાનો બનેલો માનવી-આ ધરતી પર જીવી ગયો છે.' એ વિષે કોઈ સંશય નથી. ('યોજના')

સંસ્કૃત : મહામૂલો વારસો

સંસ્કૃત અને તેના સાહિત્યે આપણી પ્રજાને એક અખંડિત સાતત્ય આપ્યું છે. આ એકતા ત્રણ મહામનાઓએ સર્જી : પાણિનિ, કાત્યાયન અને પતંજલિ. આ ત્રણેએ સંસ્કૃત ભાષાને અપૂર્વ રાષ્ટ્રીય માધ્યમ બનાવી દીધી. આ ભાષા સમય સમય પર પ્રાદેશિક ભાષાઓ પર આવેલાં પરિવર્તનો વચ્ચે ટકી રહી છે અને અંતઃસત્વની દૃષ્ટિએ અનહદ વિસ્તારની ક્ષમતા ધરાવે છે. એના પરિણામે પેઢીઓનાં જ્ઞાન, વિચાર, લાગણી અને આકાંક્ષાઓ સંસ્કૃત સાહિત્યમાં સમાનપણે સંચિત થયાં અને રાષ્ટ્રીય વારસારૂપે સમગ્ર ભારતવર્ષને મળ્યાં; ને છેલ્લાં બે હજાર વરસથી આ રાષ્ટ્રીય વારસો માનવીના મનને સમૃદ્ધ કરતો રહ્યો છે.

ઈસુ પહેલાંની ત્રીજી સદીથી સંસ્કૃત સાહિત્યે આ રાષ્ટ્રના મોટા ભાગના લોકોને સાહિત્યિક પ્રેરણા તથા જીવનનો એક સમાન લય આપ્યો છે. મહાભારત, રામાયણ અને ભાગવત સહિતનાં પુરાણોમાં ચાલતી ઘટનાઓ, પાત્રો, કલ્પનાઓ અને ભાષાના લહેકાઓ આપણા જીવનના વણાટમાં વણાઈ ચૂક્યાં છે. મધ્યકાલીન જમાનામાં સામાન્ય લોકોની ભાષા પ્રદેશે પ્રદેશે અને યુગે યુગે જુદી પડતી હતી પરંતુ આ સૌ સંસ્કૃત દ્વારા એકસૂત્રે ગૂંથાતી હતી. સંસ્કૃત ભાષાએ પ્રાદેશિક ભાષાઓમાં જ નહિ, લોકજીવનમાં પણ બળ સીંચ્યું હતું.

આપણે જો પૂર્ણ જીવન પ્રત્યે ગતિ કરવી હોય તો ઉપનિષદોની આધ્યાત્મિક પ્રેરણાને સમજવી જોઈએ, મહાભારતની ભવ્યતા અને રામાયણના ગૌરવપ્રદ પ્રભાવને અનુભવવાં જોઈએ, કાલિદાસના સૌન્દર્ય અને ભાગવતની ભક્તિની મ્હેકને માણવાં જોઈએ, ધમ્મપદ ને ભગવદ્‌ગીતા દ્વારા સાંપડતી પ્રેરણા ઝીલવી જોઈએ. વિચાર અને સંસ્કૃતિના ક્ષેત્રે એના કારણે જ ભારત આંતરરાષ્ટ્રીય સ્તર પર મહાન કરી શક્યું છે.

સંસ્કૃત સિંધુ-ગંગા પ્રદેશોમાં બોલાતી એક સમર્થ જીવંત ભાષા જ નહિ પરંતુ કાવ્ય, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, ન્યાય વગેરેની ભાષા હતી. મધ્ય દેશમાં વસતા પવિત્ર જ્ઞાની બ્રાહ્મણો સંસ્કૃતના શ્રેષ્ઠ પંડિતો હતા. એઓ સંસ્કૃતનું અધ્યયન અને અધ્યાપન કરતા. પૂર્વ અને દક્ષિણ તરફ વિસ્તરતી આર્ય સંસ્કૃતિના કેન્દ્ર સમી કુટિરોમાં સંસ્કૃત સરસ રીતે બોલાતું ને એનો અભ્યાસ થતો. સંસ્કૃતમાં રચાએલાં શાસ્ત્રો, કાવ્યો અને ધર્મગ્રંથોનાં પાઠ અને ગાન થતાં. જ્યાં જ્યાં સંસ્કૃત ત્યાં ત્યાં આર્યાવર્ત. ઋગ્વેદના મંત્રો દેવવાણી બની ગયા. વિવિધ દેવોની સ્તુતિ અને પ્રાર્થના ચોક્કસ મંત્રો અને વિશિષ્ટ લયવાળા ધ્વનિથી જ થઈ શકે એવી પરંપરા સ્થપાઈ. આ મંત્રોમાં યુગોનું શાણપણ ભરેલું હતું ને તેમાંથી સૌને પ્રેરણા પ્રાપ્ત થતી. આ મંત્રો પરમાત્માના પ્રતીક હતા અને તેનું સાકાર સ્વરૂપ તેમાંથી પ્રગટતું. આપણું પૂજાસાહિત્ય અનોખી દૈવી પ્રભા ધરાવે છે.

'મહાભારત' જીવનના સર્વાંગને વ્યાપી લેતો સાહિત્યનો રસસાગર છે. એમાં શૌર્યકથાઓ છે ને સાત્ત્વિક કથાઓ છે. ઋષિઓ અને રાજવીઓનો એ આપણને પરિચય કરાવે છે. એ આપણને પાવનકારી નદીઓ અને પવિત્ર ધામોની યાત્રાએ લઈ જાય છે. એમાંથી મળે છે વ્યવહારનું

ડહાપણ અને ચિરંતન તત્ત્વજ્ઞાન, પરમાત્માની પ્રાપ્તિનું માર્ગદર્શન એ આપે છે. પ્રજાની સમગ્ર ચેતનાને જાગ્રત કરી તેને પ્રાણવાન બનાવવાની મહાભારતમાં અદ્ભુત શક્તિ છે. જનસમુદાય માટે કવિઓ અને પુરાણીઓએ આખ્યાનો રચ્યાં અને તેમાં પ્રચલિત લોકકથાઓને સમાવી લેવામાં આવી. સદીઓ સુધી રાજદરબારો ને પ્રજાચોકમાં એ કથાઓ થતી રહી. પ્રજાને એમાંથી પ્રેરણા મળતી, આનંદ થતો ને નીતિબોધનો ઉપદેશ સાંપડતો.

ધર્મશાસ્ત્રનું સાહિત્ય અને સૌથી પ્રાચીન ધારાગ્રંથ 'મનુસ્મૃતિ' સંસ્કૃતજ્ઞોનો માર્ગદર્શક છે. ઈ. સ. ૭મી સદી પૂર્વે રચાએલાં ઉપનિષદો અને ભગવદ્ગીતા યુગોનાં મનનચિંતનના ભંડાર છે. ૮૦૦થી પણ વધુ વર્ષોમાં સંસ્કૃતે ખૂબ જ વ્યાપક અને અસરકારક સ્થાન પ્રાપ્ત કરી લીધું. સંસ્કૃત માત્ર લોકવ્યવહારની ભાષા જ નથી કે નથી એ માત્ર સાહિત્ય, શાસ્ત્ર કે મીમાંસાનું માધ્યમ; પરંતુ એ તો છે વિશાળ પ્રજાને ઘડતી ને તેને ઉન્નત બનાવતી આર્ય સંસ્કૃતિનું મૂર્તિમંત રૂપ.

('સમર્પણ'માં કુલપતિવાણી) —કનૈયાલાલ મુનશી

દિશાસૂચક ઊધઈના રાફડા

ઑસ્ટ્રેલિયાના નિર્જન પ્રદેશમાં દિશા જાણવા માટે ઊધઈના રાફડા બહુ સહાયક બની રહે છે। નવ-દસ ફૂટ ઊંચા અને છ સાત ફૂટ લાંબા પણ પહોળાઈમાં ચપટા આ રાફડા કોઈ જૂના ખંડેરની ભીંત જેવા દેખાય છે. એની વિશિષ્ટતા એ છે કે એની લંબાઈ હમેશાં ઉત્તર-દક્ષિણ જ હોય છે અને તેના આધારે ગમે ત્યારે દિશા જાણી શકાય છે. આનું કોઈ ચોક્કસ કારણ તો જાણવામાં નથી, પણ મનાય છે કે મધ્યાહ્નનો સૂર્ય જ્યારે બરાબર માથા પર તપતો હોય ત્યારે એનાં પૂર્વ-પશ્ચિમ તરફનાં ચપટાં પડખાં પર એનો સીધો તાપ ન લાગે અને એથી રાફડો અંદરથી ઠંડો રહે એ માટે કુદરતી પ્રેરણાથી જ ઊધઈ એને આ રીતે બાંધતી હશે.

વોરાનાં પ્રકાશનો

* યોગમાર્ગના પ્રવાસી : શ્રી કૃષ્ણપ્રેમ

દિલીપકુમાર રાય · અનુ.: રમણલાલ સોની

અંગ્રેજીના વિદ્વાન શ્રી રોનાલ્ડ નિકસન ઇંગ્લૅન્ડથી ભારત તત્ત્વજ્ઞાનની શોધમાં આવ્યા અને તેમાં જ રમમાણ બની વૈષ્ણવધર્મની દીક્ષા લીધી. સંન્યસ્ત સ્વીકારી હિમકંદરાઓમાં ઉત્તર વૃંદાવનનું સર્જન કર્યું અને અનેક ભક્તો માટે શ્રદ્ધાના પ્રતીક બની રહ્યા. આવા મહાન સાધુના જીવનની કથા,—તેમના અગાધ પ્રેમ અને જ્ઞાનની પ્રતીતિ આ ગ્રંથ દ્વારા ભારતના મહાન ભજનિક ગાયક યોગી શ્રી દિલીપકુમાર કરાવે છે.

આ ગ્રંથમાં શ્રીકૃષ્ણપ્રેમની સાથોસાથ જ તેમના ગુરુ યશોદામા, તેમની શિષ્યા શ્રી મોતીરાણી તથા તેમના મિત્રો અને ખુદ આ ગ્રંથકર્તાનો અંતરંગ પરિચય મળી રહે છે......

જિજ્ઞાસુઓને આ પુસ્તક દ્વારા શ્રદ્ધાનો ઘટ પ્રાપ્ત થશે તેવી આશા છે...

ગ્રંથની કિં. રૂ. ૧૮-૦૦

* સુનો ભાઈ સાધો — વિનોદ ભટ્ટ

'કુમાર'ના વાચકો જેનાથી જરાય અજાણ્યા નથી તેવા તેના લેખક શ્રી વિનોદ ભટ્ટની કલમે લખાયેલ વ્યંગ્યકૃતિઓનો સંગ્રહ...

રૂ. ૬-૦૦

શ્રી દિલીપકુમાર રાયનાં બે અન્ય પ્રકાશનો

* ચમત્કારો આજે પણ બને છે

Miracles Do Still Happensનો રોચક અનુવાદ.

અનુ.: રમણલાલ સોની [દ્વિતીય આવૃત્તિ] **રૂ. ૧૧-૦૦**


* અનંતના યાત્રીઓ — રૂ. ૧૮-૦૦

શ્રી રાયની અનંતભણીની યાત્રામાં સહાયરૂપ થનારા અનેક મહાનુભાવોની મુલાકાત, સમાગમ અને કર્તાની જીવનગાથા...

પ્રાપ્તિસ્થાન: વોરા ઍન્ડ કંપની

ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ટેલિફોન : ૨૩૮૧૫



માસમાસના આકાશમાં : ઑક્ટોબર-નવેમ્બર

વર્ષાથી ધોવાઈને સ્વચ્છ બનેલા વાતાવરણમાં હાલ આકાશમાં ઉત્તરે 'વૃષપર્વા', 'યયાતિ' અને 'તિમિ' તથા તેમાંના 'વૃષપર્વા-ઘ', 'અલ્ગુલ' ને 'મિરા' જેવા વિશિષ્ટ રૂપવિકારી તારાઓ; 'દેવયાની' અને તેની પાસેની 'મે-૩૧' જેવી નિહારિકા; ગાંધી નામધારી 'હંસપુચ્છ'થી ખ્યાત 'હંસ' અને પિતૃભક્ત 'શ્રવણ'ને અમર કરતું 'ગરુડ'; તો દક્ષિણમાં, મંદતેજ તારાઓને કારણે ઝટ ન પકડાય, પરંતુ ઓળખાયા પછી ન ભુલાય એવાં 'મકર', 'કુંભ' અને 'મીન' રાશિનાં તારામંડળોનું દર્શન સુલભ છે. બીજી તરફ દક્ષિણે 'યામમત્સ્ય'ના 'મીનાસ્યા', 'વૈતરણી'ના છેડે આવેલા 'નદીમુખ', તેની પશ્ચિમે જરા દૂર 'મયૂર' અને એ બંનેની વચ્ચે સહેજ ઉપર 'ગૃધ્ર'ના 'જટાયુ' તથા 'બક'ના તેજસ્વી તારાઓનું એક અલગ જૂથ જામ્યું છે. આજે 'ધનુ'માંથી થતા સૂર્યના ઉત્તરાયનનો આરંભ પાંચેક હજાર વર્ષ પૂર્વે 'મીનાસ્ય' પાસેથી થતો હતો એમ ખગોળશાસ્ત્રીઓ કહે છે. પરંતુ આ બધાં તારામંડળોની વચ્ચે સૌથી વધુ પ્રભાવક તો 'ખગાશ્વ'માં પૂર્વા ને ઉત્તરા ભાદ્રપદાથી રચાતો વિરાટ ચોરસ છે. એના ચારે ય ખૂણા પરના તેજસ્વી તારાઓથી અંકાતી એની સીમા વચ્ચેના ખાલી દેખાતા વિશાળ ક્ષેત્રમાં નરી આંખે બહુબહુ તો ત્રીસેક તારા ખોળી શકાય, પણ દૂરબીનથી જોતાં તેમાં યે આશ્ચર્યજનક તારાસમૃદ્ધિ પ્રકટ થાય છે. ■ રાશિચક્રમાં છેલ્લી રાશિ મીન ને નક્ષત્રોમાં ૨૭મું છેલ્લું નક્ષત્ર 'રેવતી' ગણાય છે. એ રીતે મીન તારામંડળ પછી 'અશ્વિની' તારામંડળથી પ્રથમ નક્ષત્ર અશ્વિની અને પ્રથમ રાશિ મેષ સાથે નવેસરથી રાશિ અને નક્ષત્રના ચક્રનો આરંભ થાય છે. અશ્વિની મુખ્ય ત્રણ તારાવાળું નાનકડું તારામંડળ છે. 'ચ્યવન' (કે 'હામલ') એ એનો યોગતારો. એ આપણાથી ૭૨ પ્રકાશવર્ષ દૂર છે. એના બે બીજા તારા તે અશ્વિનીકુમાર. અશ્વિનીની બાજુમાં જ બીજાં બે નાનાં તારામંડળો છે–'ત્રિકોણ' અને 'ભરણી'. 'કુંભ' તારામંડળનું સમગ્ર દર્શન પણ અત્યારે સુલભ છે. દર ૨૭ દિવસે કુંભ અને મીન રાશિમાં–એટલે કે શ્રવણ નક્ષત્રના અર્ધા ભાગ સાથે ધનિષ્ઠા, શતતારા, પૂર્વા અને ઉત્તરા ભાદ્રપદા તથા રેવતી એમ નક્ષત્રોમાંના આ છેલ્લા પાંચ નક્ષત્રમાં ચંદ્ર આવે ત્યારે એ પાંચ દિવસો 'પંચક'ના ગણાય છે. —બિ. ટાં.

આં માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં

તા. ૧/૧૮૫૪ 'સિંધ ડાક'ની સફળતાથી પ્રેરાઇને તથા હિંદુસ્તાનમાં પોતાની સત્તા હવે



પાકી જામી ગઈ હોઈ કંપની સરકારે ટપાલનો ખાસ કાયદો ઘડીને ખાનગી ખેપિયાઓની બધી વ્યવસ્થા બંધ કરાવી, ને હિંદ આખામાં કોઈ પણ સ્થળે અર્ધા આના (૩૨/૧ રૂપિયો કે આજના ત્રણ પૈસા)માં કાગળ મોકલી શકાય એવી વ્યવસ્થા સ્થાપી. ટપાલના વજનના વધતા પ્રમાણ મુજબ અર્ધા આના ઉપરાંત એક, બે અને ચાર આનાની ટપાલટિકિટો પણ ત્યારે બહાર પાડેલી, જે બધી હિંદમાં જ સરકારના મોજણી-ખાતાના છાપખાનામાં લીથોગ્રાફીથી છપાઈ હતી. સમગ્ર બ્રિટિશ હિંદની એ પહેલી જ ટપાલટિકિટો (ફર્સ્ટ્સ)ની આજે ટિકિટ-સંગ્રાહકોમાં ઘણી ઊંચી કિંમત અંકાય છે.

તા. ૨/૧૯૪૫ શાંતિપ્રદ સાદગીના કલાકાર હેન્રી માતિસનું અવસાન. 'કલાકારનું ખરું કામ તો આ દુનિયા ને જીવનનાં દુઃખ તથા વિષમતાઓ ઉપર શિષ્ટતા ને આશ્વાસનનો પર્દો પાડી માનવીને શાંતિ અને આસાયેશ આપવાનું છે'. એ એમની આગવી કલાદૃષ્ટિનો મર્મ હતો. વસ્તુની આબેહૂબતા છોડીને તેના ઘાટઘૂટ અને રંગસભરને જ ચિત્રમાં ઉતારવાની એમની પોતીકી ચિત્રશૈલીએ કલાનાં વલણ-વિકાસવાં એક નવો ઝોક આપ્યો હતો. શિલ્પ અને સ્થાપત્યમાં પણ એમણે પોતાની આ શાંતિપ્રદ સાદગી ઉતારી હતી.

યુરોપની કળામાં આ જ રીતે અવનવા ક્રાંતિકારી વળાંક આપનાર જગવિખ્યાત કલાકાર પાબ્લો પિકાસોનો જન્મ પણ ઈ. ૧૮૮૧માં આ જ માસની ૨૪મી તારીખે થયો હતો.

તા. ૭/૧૮૬૫ મુંબાઈ શહેરના માર્ગોને અજવાળવા ગૅસનાં દીવાઓનો પ્રથમ ઉપયોગ થયો.

તા. ૯/૧૮૬૭ યુનાઇટેડ સ્ટેટ્સે ૭૨,૦૦,૦૦૦ ડૉલરની કિંમત આપીને રશિયા પાસેથી આલાસ્કા ખરીદી લીધું. ઈ. ૧૯૫૮માં એને યુનાઇટેડ સ્ટેટ્સના ૪૯મા રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો. પણ મૂળ જ્યારે રાજ્યમંત્રી વિલિયમ સીવર્ડે આ સોદો કર્યો ત્યારે કેવળ બરફથી આચ્છાદિત અને તેથી માનવ વસવાટ તથા અન્ય કોઈ પણ બાબતમાં તદ્દન નિરુપયોગી એવા અને પોતાની તળ ભૂમિથી દૂરના એ પ્રદેશની ખરીદીને નરી મૂર્ખાઈ ગણવામાં આવેલી. પણ ત્યાંથી સોનું, ફર, પ્લૅટિનમ, લાકડું અને હવે ખનિજ તેલના ભંડારો હાથ લાગ્યા પછી એને માટે અપાએલી કિંમત તો તદ્દન નજીવી ગણાય એટલો લાભ એમાંથી પ્રાપ્ત થઈ રહ્યો છે.

તા. ૨૫/૧૮૫૪ ક્રીમિયાના યુદ્ધમાં બાલાકલાવામાં 'સૅન્ડ બૅગ બૅટરી' નામનું તોપખાના માટે એક મહત્ત્વનું સ્થાન ગુમાવ્યા પછી રશિયનો પાસેથી ફરી તેને હાથ કરવા માત્ર ગણ્યા-ગાંઠ્યા સૈનિકો જેટલું જ સંખ્યાબળ હોવા છતાં અંગ્રેજ સેનાપતિએ હુમલો કરવાનો હુકમ આપ્યો. વ્યૂહાત્મક રીતે એ હુમલાનું બહુ મહત્ત્વ નહોતું અને એ સાંકડા વિસ્તારમાં ચારે બાજુથી ઘેરાઈ જઇને રશિયન ગોલંદાજી વચ્ચ કૂદી પડવામાં હાર અને મોત નિશ્ચિત હોવા છતાં અંગ્રેજોની એ 'લાઈટ બ્રિગેડે' મર્દાનગીપૂર્વક એનો અમલ કર્યો અને એકેએક અંગ્રેજ સૈનિક તેમાં ખપી ગયો. નિરર્થક છતાં કેસરિયાંના ગૌરવભર્યો એ હુમલો આજ્ઞાપાલનનું એક અતિ ઉત્કૃષ્ટ ઉદાહરણ ગણાયો. કવિ ટેનિસને એને 'ચાર્જ ઑવ ધ લાઈટ બ્રિગેડ' નામનું કાવ્ય રચીને એને બિરદાવ્યો છે. આ ક્રીમિયાના યુદ્ધમાં ઘાયલ સૈનિકોની સારવાર-સેવા માટેની ફ્લૉરેન્સ નાઇટિંગલની સેવાપ્રવૃત્તિનો આરંભ થએલો.

તા. ૨૬/૧૯૦૫ સ્વીડનથી છૂટા પડીને નૉર્વે સ્વતંત્ર દેશ બન્યો.

તા. ૨૪/૧૬૦૫ એક માસના અતિસારની બીમારી પછી ૧૭મી ઑક્ટોબરે (૧૬૦૫) અકબરનું અવસાન થતાં શાહજાદો સલીમ 'નૂરુદ્દીન મહંમદ જહાંગીર પાદશાહ ગાઝી'નું નામ ધારણ કરીને તખ્તનશીન થયો. ગાદીએ આવતાં પહેલાં મહમદી ધર્મનું રક્ષણ કરવાનું અને પોતાના બદલે શાહજાદા ખુશરૂને ગાદી પર લાવવાનો પ્રયાસ કરનાઓને સજા નહિ કરવાનું આપેલું વચન એણે પાળ્યું. કેટલાક કર પણ એણે માફ કર્યા. પણ કલા અને કુદરતના શૉખીન તથા વિલાસપ્રિય એ બાદશાહ રાજવહીવટમાં પોતાના પિતાની કક્ષાને કદી આંબી શક્યો નહોતો.



એક: 'સાંભળ્યું છે કે પેલી સીમાએ એના પતિને લક્ષાધિપતિ બનાવી દીધો છે! ખરીવાત?'

બીજી સ્ત્રી: 'હા.'

પહેલી સ્ત્રી: તો પહેલાં એ શું હતો?

બીજી સ્ત્રી: કરોડાધિપતિ.

∞

એક: ડૉક્ટરે તમારું ટેમ્પરેચર લીધું હતું?

બીજો: કોણ જાણે. હજી સુધી તો મારું ઘડિયાળ જ ચોરાયું છે.

∞

જમનારો (હૉટેલના પીરસનારને): આ રોટલી એટલી ચવડ છે કે મારાથી ચવાતી પણ નથી. બોલાવ તારા મૅનેજરને.

પીરસનારો: એથી કાંઈ વળવાનું નથી.

જમનારો: કેમ?

પીરસનારો: એ પણ ચાવી શકવાના નથી.

∞

શેઠ: વારુ, તમને ૩૦૦ રૂપિયા પગાર આપીશું અને આવતે વર્ષે ૪૦૦ કરી આપીશું.

ઉમેદવાર: તો તો હું આવતે વર્ષે જ આવીશ!


∞

શિક્ષક: બોલ દીપક, ઔરંગઝેબનો જન્મ અને મૃત્યુ કઈ સાલમાં થએલાં?

અશોક: મને ખબર નથી.

શિક્ષક: 'બેવકૂફ. તારી ચોપડીના પાઠમાં જો. ઉપર મથાળે નથી લખ્યું કે 'ઔરંગઝેબ: ૧૬૧૫-૧૭૦૭!'

અશોક: એ તો લખ્યું છે; પણ મને એમ કે એ તેનો ટેલિફોન નંબર હશે!



(જનસત્તામાં 'શિવ')

સુખસમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી,
સુખઃદુખ સદા ટકતાં નથી, એ નીતિ ઉર ઉતારવી.

નાકાઝારી ગામથી થોડે દૂર ખાણ હતી. ત્યાં લઈ જવા માટેનો ડાઇનેમાઈટ પોતાની ગાડીમાં ભરીને ગાર્શિયા એક મિત્ર સાથે વાત કરતો હતો, ત્યાં કોઇકે દોડતા આવીને કહ્યુ કે તારી ગાડીમાં આગ લાગી છે!

લાગલો જ ગાર્શિયા પોતાના ઍન્જિન તરફ દોડયો, ને દોડતાં દોડતાં મિત્રને કહ્યુ કે મારા શરીરનો જો કોઈ કરચ હાથ આવે તો દેવળ-માં તેના પર પ્રાર્થના કરાવજે..અને તેણે ટ્રેનને એવી ઝડપે મારી મૂકી કે થોડી વારમાં તે ગામ બહાર નીકળી ગઈ. થોડેક જતાં જ ભીષણ ધડાકા સાથે ગાડીના ફુરચે ફુરચા ઊડી ગયા, એમાં ગાર્શિયાનો તો શો પત્તો લાગે? પણ ગામને એણે બચાવી લીધું.

અનેકાર્થી શબ્દ : રણ =રેતીનું મેદાન કે પ્રદેશ; ખારું પાણી ફરી વળે તે છીછરો પ્રદેશ (કચ્છનું રણ); રાન કે વગડો; લડાઈનું મેદાન; યુદ્ધ; દેવું—(ઋણનો અપભ્રંશ); એ નામનો પિંગળમાં એક છંદ; ઘેટો યા બકરો; સખત તાપ; શબ્દ કે અવાજ.



પંજાબના વિખ્યાત એન્જિનીઅર, સુધારક અને કલ્યાણકારી સમાજના નિર્માણ માટે પો-તાનું સમગ્ર ધન આપી 'ગંગારામ ટ્રસ્ટ' સ્થાપી જનાર ગંગારામની પચ્ચાસમી મૃત્યુતિથિ નિ-મિત્તે હમણાં બહાર પડેલી ભારતની ખાસ ટિ-કિટ. એના પર એમની છબિ સાથે એમના ટ્રસ્ટ દ્વારા દિલ્હીમાં ચાલતી સુસજ્જ વિશાળ 'ગંગા-રામ હૉસ્પિતાલ'નું ચિત્ર આપ્યું છે. પોતાના ઈજનેરી કૌશલ ને કૃષિપ્રેમથી એમણે પંજાબને ભારતનો 'અન્નભંડાર' બનાવ્યો છે.

નવી વ્યાખ્યા
પ્રેમ અને રાજકારણ વચ્ચે એક સમાનતા એ છે કે ઘણા માણસો પરિણામની પરવા કર્યા વિના તેમાં પડે છે.

छायां प्रकुर्वन्ति नमन्ति पुष्पैः
फलानि यच्छन्ति तटद्रुमा ये ।
उन्मूल्य तानेव नदी प्रयाति
तरंगिणां क्व प्रतिपन्नमस्ति ॥


સરિતાતીરે આવેલાં વૃક્ષો છાયા આપે છે, પુષ્પો વડે પ્રણામ કરે છે તથા ફળો આપે છે, છતાં નદી તે વૃક્ષોને જ ઉખા-ડતી ચાલી જાય છે. ખરેખર તરંગી ઉછાં-છળા લોકોનો સ્વભાવ આવો જ હોય છે.

કહેવતોના અર્થ : 'બાંડા ગામમાં બે તેરશ.' —નિયમન વિનાને સ્થળે પ્રવર્તતી ગેરવ્યવસ્થા કે કુસંપ દર્શાવવાને વપરાતી આ કહેવત જેવી બીજી કહેવતો : 'નિર્બંધ ન્યાતમાં પાંચ પટેલ'; 'બાર ભૈયા ને તેર ચોકા' વગેરે.

અંકસંદર્ભ : છઃછ ઋતુ-વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર; છ રસ–મીઠો, તીખો, ખાટો, ખારો, કડવો, તૂરો; ષડ્ગુણ–જ્ઞાન, વૈ-રાગ્ય, યશ, શ્રી, ઐશ્વર્ય, ધર્મ; વેદનાં છ અંગ–શિક્ષા, છંદ, વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ, કલ્પ.



કલાકણિકા : લાગે છે તો બેઠક જેવું, પણ હકીકતે એ કોસ્ટારિકાના રસોડાનું એક પ્રાચીનતમ સા-ધન છે, જેના પર સ્ત્રીઓ મકાઈ પીસતી.





એક ઇંચ વરસાદ જેટલું પાણી જો બરફ (સ્નો-ફૉલ) રૂપે વરસે તો એનો દસ ઇંચ જાડો થર થાય.

જમ્યા પછી એકાદ ચમચી તુલસીનો તથા લીંબુનો રસ લેવાથી ગૅસ–વાયુ થતો અટકે છે.

૧	૬૨	૬૧	૬૦	૫૬	૮	૧૦	૨
૫૨	૧૫	૪૮	૪૭	૪૬	૨૩	૧૬	૧૩
૫૪	૪૩	૪૦	૨૬	૨૭	૩૭	૨૨	૧૧
૫૮	૪૪	૨૯	૩૫	૩૪	૩૨	૨૧	૭
૬	૨૦	૩૩	૩૧	૩૦	૩૬	૪૫	૫૯
૧૨	૨૪	૨૮	૩૮	૩૯	૨૫	૪૧	૫૩
૧૪	૪૯	૧૭	૧૮	૧૯	૪૨	૫૦	૫૧
૬૩	૩	૪	૫	૯	૫૭	૫૫	૬૪

અદ્‌ભુત અંકયંત્ર : કુલ ૬૪ ખંડના આ મોટા યંત્રમાં એક ૩૬ ખંડનો અને તેની અંદર બીજો ૧૬ ખંડનો એમ બે પેટાયંત્ર પણ છે. મુખ્ય ૬૪ ખંડના યંત્રની દરેક ઊભી, આડી અને તિરકસ હારનો સરવાળો ૨૬૦ થાય છે. ફરી ૩૬ ખંડના યંત્રમાં એવી દરેક હારનો સરવાળો ૧૯૫ થાય છે, ને ૧૬ ખંડના યંત્રમાં એવી દરેક હારનો સરવાળો ૧૩૦ થાય છે. વળી તેમાં ૧થી ૬૪સુધીના અંક એક જ વખત વપરાયા છે એ હકીકત ખાસ નોંધપાત્ર છે. (મૂળજી જેઠુ જોષી)

← વચ્ચેની ગોળાકૃતિમાં દર્શાવ્યા મુજબ દોરાના ખાલી પડેલા લાકડાના રીલનો એક બાજુનો છેડો વેરી કાઢી, વચ્ચેના વેહમાં સ્ક્રૂ પરોવીને ભીંતમાં તે બેસાડી લેવાથી તે (૧) પડદો ભરાવી રાખવાના કામમાં 'કર્ટન-હોલ્ડર' તરીકે; (૨) છત્રી કે લાકડીના સુંદર હાથામાં ઘસરકા ન પડે તેવા ભેરવવાના સાધન તરીકે; (૩) ઢળતી ફ્રેમ ટાંગવાના ખપમાં; (૪) નાના કબાટ કે ખા-નાના હાથા તરીકે, એમ વિવિધ કામમાં લાગે. લોખંડ-ના ખીલા ચોમાસામાં કટાઈને કપડાને ડાઘ પાડે છે તે ભય પણ આમાં નહિ રહે. (પુરુષોત્તમ સંઘવી)